# (શિક્ષક-પ્રશિક્ષણ માટે

# રાષ્ટ્ર સ્તરીય

# અભ્યાસક્રમનું

# માળખું)

(માનવતાવાદી અને વ્યાવસાયીક

શિક્ષકના નિર્માણને સમર્પિત)

गुरुर्गुरुतमो धाम

NCTE

# પ્રકરણ ૧
# શિક્ષક-પ્રશિક્ષણના વર્તમાન સંજોગો, સમસ્યાઓ અને ભાવિ-દિશા

## ૧.૧ પરિચય

**ભારતે** આઝાદીથી માંડીને અત્યાર સુધીમાં શાલેય શિક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ખાસ કરીને સાક્ષરતા પ્રમાણ , માળખાકીય સુવિધાઓ, **સાર્વત્રિક** શૈક્ષણીક સુલભતા અને શાળા પ્રવેશનાં સંદર્ભમાં પ્રગતિ જોઈ શકાય છે. શિક્ષક-પ્રશિક્ષણના સંદર્ભમાં વર્તમાન સમયમાં બે મહત્ત્વના પગલાં લેવામાં આવ્યા. (૧) પ્રાથમિક કક્ષાના શિક્ષણનાં **સાર્વત્રિકરણની** વાજબી માગણીને રાજકીય માન્યતા મળી છે અને (૨) મફત **વિનામૂલ્યે** અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ ના સ્વરૂપે બાળ હક્કના કાયદા **અંગે** રાજ્યોની **પ્રતિબદ્ધતા** . આને લીધે લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકોની માંગમાં **અનેકગણો** વધારો **થશે**. આપણા દેશે હવે આવનારા સમયમાં સારી લાયકાત અને વ્યવસાયી તાલીમ પામેલા શિક્ષકોની ભારે માંગની સમસ્યાને ઉકેલવાની છે . બીજી બાજુ ગુણવત્તાયુક્ત માધ્યમિક શિક્ષણની માંગ પણ એકધારી રીતે વધી રહી છે. દસ વર્ષમાં માધ્યમિક શિક્ષણને સાર્વત્રિક સ્તરે પહોંચાડવા નો ઉદ્દેશ રાખવાની ભલામણ કરવામાં આવી છે . નબળી માળખાગત સુવિધાઓ અને અલ્પ સુસજ્જ શિક્ષકોને લીધે વર્તમાન સમયમાંમોટા ભાગની માધ્યમિક શાળાઓમાં નબળી ગુણવત્તાવાળું શિક્ષણ અપાય છે આ સમસ્યાને હલ કરવા માટે માધ્યમિક શાળાના શિક્ષકોને વ્યવસાયી શિક્ષકો બનાવવા જરૂરી છે.

૨૦૦૫ માં રચવામાં આવેલ નેશનલ કરિકયુલમ ફ્રેમવર્ક (એન.સી.એફ.)માં શિક્ષક પાસેથી વિવિધ અપેક્ષાઓ રાખવામાં આવી છે જેને શરૂઆતના તબક્કે તેમ જ સતત તાલીમ દ્વારા જ આ અપેક્ષાઓ સંતોષી શકાય. રાષ્ટ્રીય સ્તરે શાળામાં શિક્ષકોની ક્ષમતાના મહત્ત્વ પર નો ભાર કોઈપણ રીતે વધુ પડતો ન ગણી શકાય. એ વાત સ્પષ્ટ છે કે વિદ્યાર્થીઓની સિદ્ધિઓની ગુણવત્તા અને પ્રમાણનો આધાર શિક્ષકની ક્ષમતા, સંવેદનશીલતા અને શિક્ષકના પ્રોત્સાહન પર છે. એ પણ સુવિદિત બાબત છે કે વિદ્યાર્થીઓની શૈક્ષણિક

સિદ્ધિઓની પ્રાપ્તિ માટે અભ્યાસલક્ષી વાતાવરણ અને શિક્ષકનું શૈક્ષણિક અને વ્યાવસાયિક સ્તર આવશ્યક ઘટકો છે. શૈક્ષણિક સજ્જતા કેળવવા માટેનો સમયગાળો, પોતાના વિષયનું જ્ઞાનની ગુણવત્તા , વિવિધ પરિસ્થિતિઓમાં શિક્ષક માટે જરૂરી અધ્યાપન કૌશલોનું જ્ઞાન , વ્યવસાય પ્રત્યેની નિષ્ઠાની કક્ષા , સાંપ્રત સમસ્યાઓ અને મુદ્દાઓ પ્રત્યેની સંવેદનશીલતા અને શિક્ષકની ધગશ, વર્ગખંડમાં અભ્યાસક્રમના હેતુઓ સિદ્ધ કરવા માટે તથા વિદ્યાર્થીની શિક્ષા માટે અને સરવાળે સામાજિક પરિવર્તન માટે અતિ આવશ્યક બાબત છે.

શિક્ષકની ગુણવત્તા પર માં અનેક બાબતોનો સમાવેશ થાય છે જેમ કે-શિક્ષકોનું સમાજમાં સ્થાન, આર્થિક વળતર કેવી પરિસ્થિતિઓમાં તેઓ કાર્ય કરે છે તે અને તેઓનું શૈક્ષણિક અને વ્યાવસાયિક શિક્ષણ. શિક્ષક તાલીમ પદ્ધતિ પાસેથી એવી અપેક્ષાઓ રાખવામાં આવે છે કે પોતાના પ્રારંભિક અને સતત ચાલતા વ્યાવસાયિક વિકાસ માટેના કાર્યક્રમો દ્વારા, દેશની શાળાઓ ચલાવવા માટે પૂરતી સંખ્યામાં સમર્થ શિક્ષકો પ્રાપ્ય બનાવે. પ્રારંભિક શિક્ષક-પ્રશિક્ષણ શિક્ષકના ઘડતરમાં એક અગત્યની ભૂમિકા ભજવે છે. આ પ્રારંભિક શિક્ષક-પ્રશિક્ષણ નવા દાખલ થયેલ ઉમેદવારોને આ વ્યવસાયની મહત્તા સમજાવે છે અને ભાવિ-શિક્ષકમાં મહત્વાકાંક્ષા, પાયાગત જ્ઞાન, અધ્યાપન ક્ષમતા અને માનવીય વલણોનું આરોપણ કરે છે.

## ૧. ૨ શાળાકીય પર્યાવરણમાં બદલાવ અને તેની જરૂરિયાત

શિક્ષક, શાળા શિક્ષણના વિશાળ માળખા અંતર્ગત કાર્ય કરે છે અને આ માળખામાં ધ્યેયો, અભ્યાસક્રમો, પદ્ધતિઓ અને શિક્ષક પાસેથી રાખવામાં આવતી અપેક્ષાઓનો સમાવેશ થાય છે. શિક્ષક-પ્રશિક્ષણ અભ્યાસક્રમનું માળખું શાળા અભ્યાસક્રમના માળખા સાથે સુસંગત હોવું જોઈએ. શિક્ષકોને શાળાની જરૂરિયાતો અને માગના સંદર્ભમાં તથા શાળામાં ઉદભવતા પ્રશ્નો , વિદ્યાર્થી અને અધ્યયનને લગતા પ્રશ્નો સાથે સતત સંકળાયેલ રહેવા માટે તૈયાર કરવાના છે. સમાજના વ્યાપક સામાજિક , આર્થિક અને રાજકીય પરિવર્તનના સંદર્ભમાં શિક્ષક પાસેથી ઘણી અપેક્ષાઓ રાખવામાં આવે છે જે સમયાંતરે બદલતી રહે છે.

આઝાદી પછીના દાયકાઓમાં શાલેય શિક્ષણમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યો છે.

ભારત સરકારના અંદાઝ મુજબ ૫ થી ૧૪ વર્ષની વયના ૨૦ કરોડ બાળકોમાંથી ૮૨% બાળકોએ પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવ્યો હતો , જેમાંથી લગભગ ૫૦ % બાળકોએ ધોરણ ૮ પૂર્ણ કર્યા પહેલાં જ શાળા છોડી દીધી. વાસ્તવિક પરિસ્થિતિ જોતાં કોઈને પણ લાગે કે આ માર્ગમાં ઘણી મુશ્કેલીઓ છે. પ્રાદેશિક , સામાજિક અને જાતિગત અસમાનતા એમાં નવા પડકારો ઊભા કરે છે. આ વાસ્તવિકતાઓ વિનામૂલ્યે અને ફરિજયાત શિક્ષણ અધિનિયમ અન્વયે બાળકોના શિક્ષણ મેળવવાના હકને અમલમાં મુકવામાં અને ખાસ કરીને તેમાં શિક્ષકોની ભૂમિકા અને સ્થાનના સંદર્ભમાં અનેક અડચણો અને પડકારો ઊભા કરે છે.

શિક્ષક માત્ર ભણાવવામાં જ નહિ પરંતુ વિદ્યાર્થીઓ અને વાલીઓના સમાજને સમજવા માટે પણ સજ્જ હોવો જોઈએ જેથી વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત હાજરી આપી શકે અને શિક્ષા પ્રાપ્ત કરી શકે. આ કાયદા અન્વયે શિક્ષકે બાળકને શારીરિક સજા ન આપવી; આપેલ સમય મર્યાદામાં અભ્યાસક્રમ પૂર્ણ કરી નાખવો ; વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવું; વાલીઓની મીટિંગ બોલાવીને તેઓને બાળકની પ્રગતિ વિશે જાણ કરવી અને શાળા સંચાલન સમિતિના સભ્ય તરીકે શાલેય પ્રવૃત્તિઓનું સંચાલન કરવાનું ફરજીયાત બનાવાયું છે.

આ કાયદાની કલમ વિભાગ ૨૯(૨), અભ્યાસક્રમ અને મૂલ્યાંકનની પ્રક્રિયાના નક્કી કરવામાં નીચેની બાબતો પર ખાસ ભાર મૂકે છે:

- બંધારણમાં નિર્દિષ્ટ મૂલ્યો સાથે સુસંગતતા.
- બાળકનો સર્વાંગી વિકાસ.
- બાળકમાં જ્ઞાન, સામર્થ્ય અને પ્રતિભાનો વિકાસ.
- પૂર્ણ શારીરિક અને માનસિક વિકાસ.
- વિદ્યાર્થી-પ્રિય અને વિદ્યાર્થી-કેન્દ્રિત વાતાવરણમાં પ્રવૃત્તિઓ , શોધ અને સંશોધન દ્વારા શિક્ષણ.

- વિદ્યાર્થીલક્ષી  અને વિદ્યાર્થી-કેન્દ્રિત પદ્ધતિ મારફત  પ્રવૃત્તિઓ  , શોધ અને સંશોધન દ્વારા શિક્ષણ.

- જ્યાં સુધી વ્યવહારુ હોય ત્યાં સુધી બાળકની માતૃભાષાને જ અભ્યાસનું માધ્યમ રાખવું.

- બાળકને ડર, ભય કે ચિંતા મુક્ત રહી પોતાના વિચારો મુક્ત રીતે રજૂ કરી શકે તેવા વાતાવરણનું નિર્માણ કરવુ.

- બાળકમાં વિકસેલ જ્ઞાનની સમજ  અને તેનો વ્યવહારમાં ઉપયોગ કરી શકવાની બાબતમાં તેનું સર્વાંગી અને સતત મૂલ્યાંકન કરવું.

આ બાબતો શિક્ષક માટે પ્રારંભિક તેમ જ સેવા-કાળ દરમ્યાનના વ્યાવસાયિક વિકાસ માટે ખૂબ જ મહત્ત્વની છે.

આ ઉપરાંત, એન.સી.એફ. શિક્ષક પાસેથી એવી  અપેક્ષા રાખે છે કે તે બાળકોમાં જ્ઞાન અને તેનો અર્થ સમજ તે રીતે બાળકને શીખવવા સહાયકની ભૂમિકા પણ ભજવે. શિક્ષક પણ વિદ્યાર્થીની સાથે સાથે જ્ઞાન-નિર્માણની પ્રક્રિયામાં ભાગીદાર હોય છે. આને લીધે એક શિક્ષક માટે અભ્યાસક્રમ , પાઠ્ય-પુસ્તકો અને અધ્યાપન અને અધ્યયન સામગ્રીના નિર્માણમાં સહભાગિતાનો માર્ગ પણ ખુલે છે. આ પ્રકારની ભૂમિકા માટે શિક્ષક પાસે એક તરફ અભ્યાસક્રમ માટેની સમજ, વિષય અંગેનું પર્યાપ્ત જ્ઞાન અને શિક્ષણશાસ્ત્રના કૌશલ્યો અને બીજી તરફ સમૂદાય અને શાળાના માળખા અને વ્યવસ્થાપનની સમજ પણ હોવી જરૂરી બને છે.

૨૦૦૨માં કાર્યાન્વિત થયેલ સર્વ શિક્ષા અભિયાન અને યુ.ઈ.ઈ. કાર્ય-યોજનાને વેગ આપવા માટેની નાણાકીય જોગવાઈ અને શિક્ષણ માટેના કરની જોગવાઈઓએ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે શિક્ષકો તૈયાર કરવાની બાબતને કેન્દ્રમાં લાવી દીધી છે. આવનારા વર્ષોમાં સંભવિત માધ્યમિક શિક્ષણના સાર્વત્રીકરણને ધ્યાનમાં લઈને પણ આ માંગ જરૂરી બની ગઈ છે.

રાજ્યોમાં, શાળા શિક્ષણમાં થયેલ ગુણવત્તાનું ધોવાણ અને ઊતરતી કક્ષાની અનિયંત્રિત  ખાનગી શાળાઓનો જે રાફડો ફાટ્યો છે તે, ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને

પ્રાથમિક શિક્ષણમાં પાયાગત જરૂરિયાતો પૂરી પાડવાની રાષ્ટ્રીય ઘોષણાની સામે અનેક પડકાર ઊભા કરે છે. વધતાં જતાં ખાનગીકરણને લીધે અને શાળા શિક્ષણપ્રથામાં જોવા મળતા તફાવતોને લીધે બાળકોના ગુણવત્તાયુક્ત શિક્ષણના અધિકારમાં અચાનક જ અનેક મુશ્કેલીઓ પેદા થઇ છે. આ ઉપરાંત , વધતાં જતાં વૈશ્વિકરણના દબાણ હેઠળ જયારે શિક્ષણ સહિતના તમામ ક્ષેત્રમાં ખાનગીકરણ થઇ રહ્યું છે અને હરીફાઈ વધી રહી છે ત્યારે વિદ્યાર્થીઓ સમક્ષ એક એવા અભૂતપૂર્વ સંજોગો ઊભા થયા છે અને તેઓએ તેનો સામનો કરવાનો છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે વિનામૂલ્યે અને ફરજિયાત શિક્ષણના બાળકોના હક્કનો કાયદો આ બજારું પરિબળો નિર્મિત વર્તમાનપ્રવાહો પર અંકુશ લાવશે. એ વાત હવે સર્વસ્વીકાર્ય બની ગઈ છે કે વર્તમાન શાળા-શિક્ષણ, આપણા બાળકો પર દબાણ લાવે છે. અભ્યાસક્રમનું વિસંગત માળખું બાળકોના સામાજિક અને વ્યક્તિગત પર્યાવરણથી તદ્દન વિમુખ છે તેને લીધે આ બોજ ઉદભવે છે. તેમ જ શિક્ષકની અપૂરતી તૈયારીને લીધે તેઓ બાળકો સાથે સંવાદ સાધી શકતા નથી, અને તેઓની જરૂરિયાતોનું મૌલિક રીતે નિરાકરણ લાવી શકતા નથી એ વાત પણ એટલી જ જવાબદાર છે. શિક્ષક જ્ઞાનનો રચિયતા હોવો જોઈએ અને એક વિચારશીલ વ્યવસાયી હોવો જોઈએ. તેઓ બાળક ઘરે, સમાજમાં અને તે પોતાના સાંસ્કૃતિક માહોલમાંથી શું શું શીખે છે તે જાણે અને સમજે, તેને પીછાણવાની શિક્ષકમાં ક્ષમતા હોવી જોઈએ અને સાથે સાથે બાળકને નવું નવું શોધી કાઢવાની, શીખવાની અને વિકાસ પામવાની તકો પૂરી પાડે. એન.સી.એફ. ની શાળા અભ્યાસક્રમ અંગેની ભલામણો આ તથ્યો પર આધારિત છે. શિક્ષણશાસ્ત્રીઓનો પણ એવો મત છે કે, આ બોજના ઉદભવનું કારણ એવી માન્યતા છે કે જ્ઞાનને એક એવી વસ્તુ માની લેવામાં આવી છે જેને વિદ્યાર્થીઓને 'આપી' શકાય ; એક એવી વાસ્તવિકતા જે પાઠ્યપુસ્તકોમાં રહેલી છે અને શીખનારની 'બહાર' અસ્તિત્વ ધરાવે છે.

શિક્ષણ અંગેનો આ દ્રષ્ટિબિંદુ શિક્ષક તૈયાર કરવા અંગે પુનર્વિચારણા માંગી લે છે. શિક્ષણ એ માહિતી આપ-લેની યાંત્રિક પ્રક્રિયા નથી , અને ન તો શિક્ષક માહિતી આપનાર વ્યક્તિ છે. એક શિક્ષકને માત્ર અભ્યાસક્રમનો વહેવાર કરનાર મધ્યસ્થી તરીકે ન જોતાં વિદ્યાર્થી સાથે જ્ઞાનનું નિર્માણ કરનાર વ્યક્તિ તરીકે લઇ શકાય. પાઠ્યપુસ્તકો સ્વત: જ્ઞાન કે સમજનો વિકાસ કરનારા નથી. અધ્યયન વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે કેદ હોતું નથી.

તેથી જ જ્ઞાનને શાળાની બહારના જીવન સાથે જોડવું જોઈએ અને અભ્યાસક્રમને ઓછો પુસ્તક-કેન્દ્રિત બનાવીને તેને વધુ સમૃદ્ધ કરવો પડશે.

## ૧. ૩ વર્તમાન શિક્ષક-પ્રશિક્ષણની પરિસ્થિતિ

શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓની સંખ્યા અને શાખાઓમાં છેલ્લાં થોડાં વર્ષોમાં થયેલ અભૂતપૂર્વ વધારો, વર્તમાન શિક્ષક-પ્રશિક્ષણનું એક લક્ષણ છે. શાળાઓમાં વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યા અને રાષ્ટ્રીય સ્તરે પ્રાથમિક શિક્ષણના સુધારાને લગતા કાર્યક્રમો જેવા કે સાર્વત્રિક `પ્રાથમિક શિક્ષણના હેતુસર સ્થપાયેલ 'સર્વ શિક્ષા અભિયાન'(૨૦૦૨) , ઓપરેશન બ્લેક બોર્ડ(૧૯૮૬) અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ(૧૯૯૫)ને લીધે શિક્ષકોની માંગમાં વધારો થયો છે. આ ઉપરાંત , શાળાઓમાં પહેલેથી જ સેવા આપતાં બિનતાલીમી શિક્ષકોનું પ્રમાણ તથા તેમની અને નિમણૂંક માટે ડિગ્રીની જરૂરિયાતે, વર્તમાન સંસ્થાકીય ક્ષમતા પર ઘણું દબાવ ઊભું કર્યું છે. પુરવઠા કરતા માંગ વધી જવાથી બજારું પરિબળોએ દેશના મોટાભાગના ક્ષેત્રોમાં શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓની સંખ્યામાં જબ્બર વધારો કર્યો છે. વધતી જતી માંગ અને ભાવિ સંભવિત બેકારીમાં શિક્ષક-તાલીમનું પ્રમાણપત્ર એક સલામતી પ્રદાન કરતું હોવાથી શિક્ષક-પ્રશિક્ષણ એક નફાકારક ધંધો બની ગયુ છે. આને લીધે મોટી સંખ્યામાં શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓ ફૂટી નીકળી છે

શિક્ષક-તાલીમના સંદર્ભમાં પૂર્વ-પ્રાથમિક , પ્રાથમિક અને માધ્યમિક સ્તરે , રૂબરૂ અને દૂરંતર અભ્યાસની પદ્ધતિઓમાં , એમ.એડ્. રેગ્યુલર અને ઘરબેઠાં, સી.પી.એડ્., બી.પી.એડ્. અને એમ.પી.એડ્. ના અભ્યાસ માટે અપાતા કોર્ષની સંખ્યા માર્ચ ૨૦૦૪માં ૩૪૮૯ હતી અને સંસ્થાઓની સંખ્યા ૩૧૯૯ હતી. આ આંક, માર્ચ ૨૦૦૯માં વધીને ૧૮૮૬૧ સંસ્થાઓમાં ૧૪૪૨૮ કોર્ષ સુધી પહોંચી ગયો છે. આ ગાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨ ,૭૪,૦૭૨ થી વધીને ૧૦ ,૯૬,૬૭૩ સુધી પહોંચી છે. આ વધારાને લીધે શિક્ષણના ગુણવત્તાદર્શક પરિબળો જેવા કે માળખાગત સુવિધાઓ , શિક્ષક-લાયકાત, અભ્યાસ સ્ત્રોતો, અને વિદ્યાર્થી ઘડતર પર વિપરિત અસરો પડી છે.

ડીસેમ્બર ૨૦૦૯ સુધીમાં શિક્ષણમાં ઉચ્ચ અભ્યાસ ની ૩૧ જેટલી અને શિક્ષણ શિક્ષણની કોલેજોમાં ૧૦૪ જેટલી સંસ્થાઓને મંજૂરી આપવામાં આવી અને તમામ સંસ્થાઓ અત્યારે

કાર્યરત પણ થઇ. દેશના ૫૯૯ જિલ્લાઓમાંથી ૫૭૧ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણ તાલીમ સંસ્થા (ડાયેટ) સ્થાપવામાં આવી હતી , જેમાંથી માત્ર ૫૨૯ સંસ્થાઓ જ કાર્યરત છે. આમ હજુ પણ ૪૨ ડાયેટ સંસ્થાઓ કાર્યરત થવાની બાકી છે. યોગ્ય લાયકાત ધરાવતા પ્રશિક્ષકની અપ્રાપ્યતા, ડાયેટની મુખ્ય સમસ્યા છે. અત્યારે નિમણૂંક પામેલા પ્રશિક્ષકો ન તો પ્રાથમિક શિક્ષણનો અનુભવ ધરાવે છે ન તો લાયકાત. અનેક શિક્ષક-પ્રશિક્ષણની કોલેજો, અધ્યાપકોની ખોટ અનુભવે છે ; પુસ્તકાલયની સુવિધા અપૂરતી છે; પ્રારંભિક શિક્ષણમાં વધુ પડતો સમય ફાળવવામાં આવે છે, જયારે સંશોધન અને નવીન-મૌલિક પ્રવૃત્તિઓ પરત્વે પૂરતું ધ્યાન આપવાનું બાકી છે. ઇન્ડિયન એડ્વાન્સ સ્ટડી ઇન એજ્યુકેશન પણ આ જ સમસ્યાઓનો સામનો કરે છે. શિક્ષક-પ્રશિક્ષણની કોલેજો અને ઇન્ડિયન એડ્વાન્સ સ્ટડી ઇન એજ્યુકેશન-એ બન્નેને સોંપાયેલી ભૂમિકા ભજવવા માટેની તેઓની ક્ષમતા પર ગંભીર વિચારણા ચાલી રહી છે.

વિદ્યાર્થીઓમાં શાળાના શિક્ષક બનવાનું ઓછું આકર્ષણ અને નેવુંના દાયકાથી શિક્ષકના પ્રારંભિક પ્રશિક્ષણ અંગે નાણાકીય ફાળવણીમાં નોંધાયેલ ઘટાડાને લીધે ઔપચારિક શાળા શિક્ષણમાં ઓછી લાયકાત ધરાવતા કે લાયકાત વગરના શિક્ષકોની ભરતીને વેગ મળ્યો. વિદ્યા -સહાયક સ્કીમ હેઠળ ભરતી પામેલ શિક્ષકો પણ તમામ બાળકોને વિનામૂલ્યે અને ફરજિયાત શિક્ષણના કાયદાના અમલમાં ઘણાં મોટા પડકારો સર્જે છે. પ્રારંભિક શિક્ષક તાલીમ અને ત્યારબાદ સેવાકાળ દરમ્યાન જ વિવિધ અંતરાલમાં તાલીમ કોર્ષ આપવાની પ્રથા રાજ્યો દ્વારા સ્વીકારવામાં આવી છે. આને લીધે પણ શાળા શિક્ષકના દરજ્જાની અવનતી થઇ છે અને શિક્ષકની એક વ્યવસાયી તરીકેની ઓળખને ધક્કો પહોંચ્યો છે. નેવુંના દાયકાના મધ્યભાગથી જ પંચાયતી પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમો જેવા પગલાંઓ માત્ર સેવારત શિક્ષકોને તાલીમના વિચારને મહત્ત્વ આપતાં હતા. આના કારણે, સેવારત તાલીમ શિક્ષકો અને પૂર્વસેવા તાલીમ શિક્ષક વચ્ચે ભેદ સર્જ્યો છે. શાળા શિક્ષક, ઉચ્ચ શિક્ષણ મેળવવાના કેન્દ્રથી અલગ રહેવા લાગે છે અને તેની વ્યાવસાયિક વિકાસ માટેની જરૂરિયાત પરત્વે ધ્યાન અપાયું નહી.

આનું જમાં પાસું એ છે કે શિક્ષક -પ્રશિક્ષણની સુધારણાના સંદર્ભમાં નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા છેલ્લા દાયકામાં શ્રેણીબદ્ધ પગલાંઓ લેવામાં આવ્યા છે . એન. સી. ટી. ઈ એ રાષ્ટ્રીય મૂલ્યાંકન અને અધિકૃતિ પરિષદ અને નિરંતર શિક્ષણ પરિષદ સાથે

શિક્ષણમાં ગુણવત્તા લાવવા અને જાળવવાના હેતુથી હાથ મિલાવ્યા છે અને આ માટે સેવારત શિક્ષકના સર્વાંગી વિકાસ માટે મુક્ત અને નિરંતર શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે. તેણે ભારતીય પુનર્વસન પરિષદ સાથે ૨૦૦૨ અને ૨૦૦૫માં સમાવેશી શિક્ષણના અભ્યાસક્રમ તૈયાર કરવા અને તેને સામાન્ય શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમનો ભાગ બનાવવા માટે ભાગીદારી કરી છે.

રાષ્ટ્રીય જ્ઞાન પંચ નોંધે છે કે શિક્ષક એ શાળા શિક્ષણનું એક અગત્યનું અંગ છે અને લાયકાત ધરાવતા અને સમર્પિત શિક્ષકોની ખોટ દેશ અનુભવી રહ્યું છે. તે અત્યંત અગત્યની બાબત બની ગઈ છે કે શિક્ષકની ગરીમા પ્રસ્થાપિત કરવામાં આવે અને લાયક અને સમર્પિત શિક્ષકોને વધુ પ્રોત્સાહનો આપવામાં આવે. બિન-શૈક્ષણિક ફરજો જેવી કે ચૂંટણીને લગતી કામગીરીથી તેઓને દૂર રાખવી અને શિક્ષણ પ્રક્રિયામાં બાધા ન પહોંચાડવી. એક એવા ફોરમની રચના કરવી જે શિક્ષકોને વિચારો , માહિતી અને અનુંભવોના આદાનપ્રદાન માટે તકો પૂરી પાડે અને આ માટે એક વેબ-બેઝ્ડ પોર્ટલનો પણ વિકસાવી શકાય. સાથે સાથે શિક્ષકની જવાબદારી નિશ્ચિત કરવા એક પારદર્શક પદ્ધતિ પણ અમલમાં મૂકવી જોઈએ. શક્ય હોય ત્યાં સુધી શિક્ષકોની ભરતી ચોક્કસ શાળામાં જ થવી જોઈએ.

શિક્ષકોની તાલીમ એક મુખ્ય ચિંતાનો વિષય છે કારણ કે મોટા ભાગના રાજ્યોમાં પૂર્વસેવા અને સેવાકાળ દરમ્યાનની તાલીમ કાં તો અપૂરતી છે અથવા તો ખરાબ રીતે આયોજિત કરવામાં આવે છે. સેવા-પૂર્વ તાલીમમાં સુધારાની જરૂર છે અને ખાનગી અને સરકારી શાળામાં તેનું અલગ અલગ રીતે નિયમન થવું જોઈએ. જયારે સેવાકાળ દરમ્યાનની તાલીમમાં એવી વિસ્તરણ અને સુધારાની જરૂર છે જેનાથી વધુ સ્વતંત્રતા લાવી શકાય. દેશના વિવિધ ભાગોમાં શિક્ષકોના દરજ્જા અને જરૂરિયાતની બાબતમાં મોટા તફાવતો જોવા મળે છે. એક એવું વ્યાપક અભ્યાસક્રમનું માળખું તૈયાર કરવું જોઈએ જે શિક્ષક-પ્રશિક્ષણના જુદાં જુદાં તબક્કે ઉપસ્થિત થતા અગત્યના પ્રશ્નોને હલ કરવામાં મદદરૂપ થાય અને આ માટે તે રાજ્યોને પોતાના સ્થાનિક સંદર્ભમાં ઉદભવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે સમર્થ બનાવે. વળી , વૈકલ્પિક શાળાઓ, સરકારી અને ખાનગી શાળાઓની શાલેય શિક્ષણ વ્યવસ્થામાં વિવિધ જરૂરિયાતો છે તેને પહોચી વળવાની પણ જરૂર છે. એમાં શિક્ષણ-પ્રશિક્ષણ અભ્યાસક્રમો ચલાવતી એજન્સીઓના સંદર્ભમાં પણ

વૈવિધ્ય પ્રવર્તે છે. આમાં રાજ્ય સરકારની સંસ્થાઓ , યુનિવર્સિટી સંલગ્ન સંસ્થાઓ અને નજીકના ભૂતકાળમાં મોટી સંખ્યામાં અસ્તિત્વમાં આવેલ ખાનગી સંસ્થાઓનો શિક્ષક-પ્રશિક્ષણના વ્યાપારીકરણમાં મોટો ફાળો આપ્યો છે.

## ૧. ૪ શિક્ષક-પ્રશિક્ષણ સુધારણાનું પરિરૂપ: ભૂતકાળ અને વર્તમાન

શિક્ષક-પ્રશિક્ષણના સંદર્ભમાં કેન્દ્રમાં રહેલ સવાલ એ છે કે- 'શિક્ષક-પ્રશિક્ષણ ભાવિ શિક્ષકમાં કયા મૂલ્યનું આરોપણ કરે છે જેને લીધે તે સર્જનાત્મક અને સંશોધન વૃત્તિવાળા વિદ્યાર્થીઓ અને પરિણામે દેશના નાગરીકોનું નિર્માણ કરી શકે?' શિક્ષણ પર રજૂ થયેલ મોટા ભાગની સમિતિઓના અને પંચોના અહેવાલમાં શિક્ષક-પ્રશિક્ષણ એક ચિંતાનો વિષય રહ્યો છે. ૧૯૬૪ થી ૧૯૬૬ દરમ્યાન કાર્યરત શિક્ષણ પંચે શિક્ષક-પ્રશિક્ષણ સાથે સંકળાયેલ મુદ્દાઓની સવિસ્તાર ચર્ચા કરી છે. તેણે શિક્ષકના વ્યાવસાયિકરણ પર વિશેષ ભાર મુક્યો છે. અને સાથે સાથે સર્વ-સમાવિષ્ટ શિક્ષણની કોલેજો અને ઈન્ટર્નશીપ પર ભાર મૂકવામાં આવ્યો છે. નેશનલ કમિશન ઓન ટીચર્સ (૧૯૮૩-૮૫) દ્વારા પાંચ વર્ષના સંયુક્ત અભ્યાસક્રમ અને ઈન્ટર્નશીપની ભલામણ કરવામાં આવી છે. નેશનલ પોલીસી ઓન એજ્યુકેશન (એન.પી.ઈ., ૧૯૮૬) દ્વરા શિક્ષક-પ્રશિક્ષણ પર ફેર-વિચારણા કરવામાં આવી અને તેને વધારે વ્યાવસાયિક અભિમુખ કરવાની ભલામણ કરવામાં આવી અને આ બાબતે અગાઉના કમિશનો દ્વારા કરવામાં આવેલ ભલામણોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો. તેની ભલામણોને લીધે સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમ ઓફ ટીચર એજ્યુકેશનની સ્થાપના કરવામાં આવી, જેમાં ડાયેટ અને સી.ટી.ઈ. અને આઈ.એ.એસ.ઈ.ની સ્થાપનાનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પરની ફેર-વિચારણા સમિતિ (૧૯૯૦) અને 'ભાર વગરના ભણતર' પરની રાષ્ટ્રીય સલાહકાર સમિતિએ શિક્ષક-પ્રશિક્ષણમાં ગુણવત્તા માટે અનેક સુધારાઓ અને પગલાંઓ સૂચવ્યા છે. આ રિવ્યૂ કમીટીએ ભલામણ કરી કે ઈન્ટર્નશીપમાં એક ટૂંકા ગાળાનો અભિમુખતાનો કાર્યક્રમ(નોન-પ્રેકટીકલ) અને ત્યારબાદ કોઈ એક માર્ગદર્શક હેઠળ ૩ થી ૫ વર્ષના ગાળા દરમ્યાન કોઈ એક શાળામાં પ્રયોગાત્મક તાલીમ હોવી જોઈએ. સલાહકાર સમિતિએ પોતાના 'ભાર વગરના ભણતર'માં એ બાબતો પર ધ્યાન ખેંચ્યું છે કે અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોના નિર્માણમાં શિક્ષકની ભૂમિકા અનિવાર્ય છે અને તાલીમનો હેતુ શિક્ષક પ્રવૃત્તિ, સંશોધન, અવલોકન અને સમજ દ્વારા અધ્યયન કરાવી શકે તે હોવો જોઈએ. આ ભલામણોને શિક્ષક-પ્રશિક્ષણના રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાના વર્તમાન

મુસદ્દામાં લક્ષમાં લેવામાં આવી છે. શિક્ષક-પ્રશિક્ષણના સંદર્ભમાં કેન્દ્રમાં રહેલ સવાલ એ છે કે- 'શિક્ષક-પ્રશિક્ષણ ભાવિ શિક્ષકમાં કયા મૂલ્યનું આરોપણ કરે છે જેને લીધે તે સર્જનાત્મક અને સંશોધન વૃત્તિવાળા વિદ્યાર્થીઓપેદા થાય અને પરિણામે દેશના નાગરીકોનું નિર્માણ કરી શકે?' શિક્ષણ પર રજૂ થયેલ મોટા ભાગની સમિતિઓના અને પંચોના અહેવાલમાં શિક્ષક-પ્રશિક્ષણ એક ચિંતાનો વિષય રહ્યો છે. ૧૯૬૪ થી ૧૯૬૬ દરમ્યાન કાર્યરત શિક્ષણ પંચે શિક્ષક-પ્રશિક્ષણ સાથે સંકળાયેલ મુદ્દાઓની સવિસ્તાર ચર્ચા કરી છે. તેણે શિક્ષકના વ્યાવસાયિકરણ પર વિશેષ ભાર મુક્યો છે અને સાથે સાથે સંકલિત કાર્યક્રમો તૈયાર કરવા તથા શિક્ષણની સર્વગ્રાહી  કોલેજો અને ઈન્ટર્નશીપ પર ભાર મૂકવામાં આવ્યો છે. નેશનલ કમિશન ઓન ટીચર્સ (૧૯૮૩-૮૫) દ્વારા, પાંચ વર્ષના સંયુક્ત અભ્યાસક્રમ અને ઈન્ટર્નશીપની ભલામણ કરવામાં આવી છે. નેશનલ પોલીસી ઓન એજ્યુકેશન (એન.પી.ઈ., ૧૯૮૬) દ્વરા શિક્ષક-પ્રશિક્ષણ પર ફેર-વિચારણા કરવામાં આવી અને તેને વધારે વ્યાવસાય અભિમુખ કરવાની ભલામણ કરવામાં આવી અને આ બાબતે અગાઉના કમિશનો દ્વારા કરવામાં આવેલ ભલામણોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો. તેની ભલામણોને લીધે શિક્ષક પ્રશિક્ષણની કેન્દ્ર પુરસ્કૃત યોજનાની સ્થાપના કરવામાં આવી, જેમાં ડાયેટ અને સી.ટી.ઈ. અને આઈ.એ.એસ.ઈ.ની સ્થાપનાનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પરની ફેર-વિચારણા સમિતિ (૧૯૯૦) અને 'ભાર વિનાના ભણતર' પરની રાષ્ટ્રીય સલાહકાર સમિતિએ શિક્ષક-પ્રશિક્ષણમાં ગુણવત્તા માટે અનેક સુધારાઓ અને પગલાંઓ સૂચવ્યા છે. આ સમીક્ષા સમિતિએ ભલામણ કરી કે ઈન્ટર્નશીપમાં એક ટૂંકા ગાળાનો અભિમુખતાનો કાર્યક્રમ(નોન-પ્રેકટીકલ) અને ત્યારબાદ કોઈ એક માર્ગદર્શક હેઠળ ૩ થી ૫ વર્ષના ગાળા દરમ્યાન કોઈ એક શાળામાં પ્રયોગાત્મક તાલીમ હોવી જોઈએ. સલાહકાર સમિતિએ પોતાના 'ભાર વિનાના ભણતર'માં એ બાબતો તરફ ધ્યાન ખેંચ્યું છે કે અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોના નિર્માણમાં શિક્ષકની ભૂમિકા અનિવાર્ય છે અને તાલીમનો હેતુ શિક્ષક પ્રવૃત્તિ , સંશોધન, અવલોકન અને સમજ દ્વારા અધ્યયન કરાવી શકે તે હોવો જોઈએ. આ ભલામણોને શિક્ષક-પ્રશિક્ષણના રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાના વર્તમાન મુસદ્દામાં લક્ષમાં લેવામાં આવી છે.

### ૧. ૫ શિક્ષક-પ્રશિક્ષણમાં સુધારણાનું મહત્વ

શિક્ષક-પ્રશિક્ષણમાં તાકીદે સઘન સુધારણાની જરૂર છે. શાળાકીય સેવા દરમ્યાન દરેક સ્તરે, દરેક અંતરાલે અને દરેક પ્રકારના માળખામાં શિક્ષકનો વ્યાવસાયિક વિકાસ અને

વ્યાવસાયિક તૈયારી વચ્ચે એકીકરણની તાકીદની જરૂરિયાત છે. શિક્ષકનાં વ્યવસાયની જટિલતા અને મહત્ત્વને ધ્યાનમાં રાખતાં એ ફરજિયાત બની ગયું છે કે આ શિક્ષક-પ્રશિક્ષણનું સમગ્ર કાર્ય યુનિવર્સિટી કક્ષાનાં સ્તરનું હોવું જોઈએ અને કોર્ષની સઘનતા પણ એને અનૂરૂપ હોવી જોઈએ.

પ્રાથમિક અને માધ્યમિક સ્તરે પ્રારંભિક શિક્ષક-પ્રશિક્ષણ સાથે અનેક સમસ્યાઓ જોડાયેલી છે જેમાંની કેટલીક સમસ્યાઓ સામાન્ય છે જયારે કેટલીક  સમસ્યાઓ શિક્ષણના જુદાં જુદાં તબક્કા પૂરતી મર્યાદિત છે.

*પ્રારંભિક પ્રાથમિક શિક્ષક તાલીમ*

*પ્રારંભિક પ્રાથમિક શિક્ષક તાલીમ સમક્ષ કેટલીય સમસ્યાઓ છે , જેમ કે તે એક અલાયદો અભ્યાસક્રમ છે, અને તે ડિગ્રી કોર્ષ ન હોવાથી તેને બીન-મહત્ત્વનો ગણવામાં આવે છે ;* વ્યાવસાયિક દ્રષ્ટિએ શિક્ષક-પ્રશિક્ષણને એક એવા અભ્યાસક્રમ તરીકે જોવામાં આવે છે જે બી.એડ્. અને ડી.એડ્. સાથે એકરૂપતા ધરાવે છે. (પ્રાથમિક શિક્ષણ કે જેને મૂળભૂત હક્કમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે અને વ્યક્તિ અને રાષ્ટ્ર વિકાસમાં તેની અગત્યની ભૂમિકા છે છતાં પ્રારંભિક પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણને) ગંભીરતાથી લેવામાં નથી આવતું અને તેની સમસ્યાઓને અન્ય સમસ્યાઓ સાથે સામાન્ય શ્રેણીમાં મૂકવામાંઆવે છે. અભ્યાસક્રમનું જે માળખું અત્યાર સુધીમાં તૈયાર કરવામાં  આવ્યું છે તે એટલું સામાન્ય છે કે પ્રાથમિક શિક્ષકને જુદાં જુદાં તબક્કે પડતી તાલીમની જરૂરિયાત માટે તે ઉપયોગી થઇ શકે તેમ નથી. ક્વૉલિટી ટીચર એજ્યુકેશન માટે ૧૯૯૮માં રચિત અભ્યાસક્રમ માળખાંમાં પ્રથમ વખત જુદાં જુદાં તબક્કે તાલીમ માટે માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (૧૯૮૬) પછી ‘ડાયેટ’ની સ્થાપના, એક અગત્યનું કદમ હતું જેના દ્વારા પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણના મુદ્દાને રાષ્ટ્રીય સ્તરે લઇ જવામાં આવ્યો.

*પ્રવેશ લાયકાત અને તાલીમ સમયગાળામાં વધારો કરીને શિક્ષક-પ્રશિક્ષણને ડિગ્રી સમકક્ષ બનાવીને  તથા તેને યુનિવર્સિટીના સતા-પરિઘમાં મૂકીને પ્રારંભિક શિક્ષક-પ્રશિક્ષણને ઉચ્ચ સ્તરે લઇ જવાની ખાસ  જરૂરિયાત ઊભી થઇ છે.* આ એટલા માટે જરૂરી બની ગયું છે કારણ કે પ્રવેશ લાયકાત માટે ૧૦+૨ નું ધોરણ, ભાવિ શિક્ષકને પ્રાથમિક શાળામાં

ભણાવવામાં આવતા વિષયો , ખાસ કરીને ધોરણ ૩ થી ૮ માં ભણાવવામાં આવતા વિષયોના જરૂરી જ્ઞાનથી સજ્જ કરતું નથી કે ન તો ટૂંકા ગાળાની તાલીમ ભાવિ-શિક્ષકને જરૂરી અધ્યાપન આવડતથી સજ્જ કરે છે કે ન તો બાળકોની મનો-સામાજિક જરૂરિયાતને સમજીને તેઓને શીખવામાં મદદરૂપ થવા માટે વ્યાવસાયિક સંસાધનોથી સજ્જ કરે છે. પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણ માટેના અનેક ડિગ્રી કોર્ષ દેશમાં અને બહાર ચાલી રહ્યા છે જે વિકાસને આગળ ધપાવે છે. દિલ્હી ખાતે ચાલતો (B.EL.Ed.) નો કોર્ષ આનું એક ઉદાહરણ છે.

*પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણના વિકાસ માટે જે બાબતો જરૂરી છે તેમાં સહ્ભાગીતાપૂર્ણ અભ્યાસક્રમનું આયોજન જેમાં તમામ હિતધારકો સંકળાયેલ હોય , માપદંડો આધારિત અભ્યાક્રમોનું આયોજન જેમાં સંશોધનાત્મક દ્રષ્ટિને પ્રોત્સાહન મળે તેવો પુસ્તક આધારિત અભ્યાસ અને જેમાં પ્રયોગાત્મક કાર્ય પણ સમાવિષ્ટ થાય છે .* આ ધ્યેય સિદ્ધ કરવા માટે લાંબા ગાળાના અભ્યાસક્રમની આવશ્યકતા છે. જ્યાં ચાર વર્ષનો સ્નાતક કક્ષાનો સંકલિત અભ્યાસક્રમ અથવા બે વર્ષનો બીજો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ આ નવા સ્વરૂપમાં રૂપાંતરણ નિશ્ચિત સમય મર્યાદામાં પૂર્ણ થઇ જવું જોઈએ , દા. ત. પાંચ વર્ષ. આ માટે શિક્ષકોના માર્ગદર્શકોને તૈયાર કરવાનો જે સમય લાગશે તેને પણ ધ્યાનમાં રાખવો જોઈએ. વચગાળાના સમયમાં વર્તમાન બે વર્ષનું ડી.એડ્. નું મૉડેલ શાળા પૂર્ણ કર્યા પછીનું છે તે ચાલુ રાખી શકાય અને સાથે સાથે એ પ્રયત્ન પણ રહેવો જોઈએ કે આ દસ્તાવેજના પ્રકરણ -2 માં વિગતે ચર્ચવામાં આવેલ શિક્ષણના ભાવિ-દિશા અંગેના વિચારોને ધ્યાનમાં રાખી વર્તમાન અભ્યાસક્રમને સુધારતા રહેવો જોઈએ અને વધારે સઘન બનાવતા રહેવો જોઈએ.

પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણની અવહેલનાનું બીજું ઉદાહરણ શિક્ષક તૈયાર કરતા માર્ગદર્શકની જરૂરિયાત પરત્વેની ઉદાસીનતા છે. એ સ્વીકારી લેવામાં આવ્યું છે કે શિક્ષકના ઘડતરમાં વર્તમાન વ્યવસ્થા સારી રીતે ચાલી રહી છે: પ્રાથમિક શિક્ષક માટે બી.એડ્. હોય તેવા માર્ગદર્શક અને માધ્યમિક માટે એમ.એડ્. યોગ્ય ગણવામાં આવે છે અહીં એ તર્ક લેવામાં આવ્યો છે કે એક સ્તર વધુ અભ્યાસ કરેલ વ્યક્તિ નીચેના સ્તરના કોર્ષમાં અધ્યાપન કરાવવા માટે સક્ષમ હોય છે , પણ એ બાબતને ધ્યાનમાં લેવામાં ન આવી કે જે તે

માર્ગદર્શક જરૂરી સંસાધનોથી સજ્જ હોય છે કે નહિ. પ્રાથમિક શાળામાં બાળકોને ભણાવવા ઉપરાંત આ ક્ષેત્ર સાથે સંકળાયેલ છે તેવા તમામ કાર્યની દેખરેખ એવા લોકો દ્વારા કરવામાં આવે છે જેને માધ્યમિક સ્તર માટે તાલીમ આપવામાં આવી છે અને આ સ્તરે જ તેઓએ અધ્યયન કરાવ્યું હોય છે, કારણ કે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે યોગ્ય લાયકાત ધરાવતા માર્ગદર્શકોની અછત છે. પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષમાં કોઈ સ્નાતક કે સ્નાતક પછીની ડિગ્રી ન હોવાથી આ પરિસ્થિતિ વધારે ગંભીર બની છે. હાલમાં પ્રાથમિક શિક્ષકને માર્ગદર્શન આપનારા પોતાની વ્યાવસાયિક લાયકાત વધારવા એમ.એડ્. નો અભ્યાસ કરે છે. આઈ.એ.એસ.ઈ.(IASE) પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણ આપતાં માર્ગદર્શકોની તાલીમ એમ.એડ્. કોર્ષ મારફત અપાય છે. જો કે એ વાત સ્પષ્ટ છે કે વર્તમાન સમયનો એમ.એડ્. નો કોર્ષ પ્રાથમિક શિક્ષકની તાલીમની જરૂરિયાત સંતોષી શકે તેમ નથી કારણ કે તે માધ્યમિક શિક્ષણની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને તૈયાર થયો છે. પ્રાથમિક શિક્ષકની તાલીમ આપતાં માર્ગદર્શકમાં અનેક વિદ્યાશાખાઓમાં વિદ્વતા જરૂરી છે જેમ કે વિજ્ઞાન , સામાજિક વિજ્ઞાન, ગણિત અને ભાષાઓ.

શિક્ષણ એ આંતર-વિદ્યાશાખાકીય જ્ઞાનનું ક્ષેત્ર છે અને આંતર-વિદ્યાશાખાકીય જ્ઞાન એટલે માત્ર કેટલીક મુખ્ય મુખ્ય વિદ્યાશાખાઓનો વિનિયોગ જ નથી તે એવા સંજોગો અને પરંપરા છે જ્યાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક જ્ઞાન સતત નિપજતું હોય. કોઈ સંકલ્પના કે વિચારને વ્યાખ્યાયિત કરતાસમજાવતા શબ્દોના ઘડતર પર વધુ ભાર મૂકીને શિક્ષણના વિષયમાં ચર્ચા-વિચારણાને પ્રોત્સાહિત કરવી એ ખૂબ અગત્યની બાબત છે. અને આ પ્રક્રિયા મારફત શિક્ષક-પ્રશિક્ષણને માહિતગાર કરવાનું છે અને તેનાથી માહિતગાર થવાનું છે. પરંપરાગત રીતે, માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓ યુનીવર્સિટીના શિક્ષણ વિભાગમાં વિકસી છે જયારે તેવા પ્રાથમિક અને પૂર્વ-પ્રાથમિક શિક્ષણને જ્ઞાનનું એક અલગ ક્ષેત્ર ગણી અવગણવામાં આવ્યું છે , જેને પોતાની અલગ સમસ્યાઓ છે , અલગ ખ્યાલો છે અને પદ્ધતિઓ છે. એક સંયુક્ત જ્ઞાનધારા તરીકે તેમજ અલગ અલગ રીતે શિક્ષણના તમામ ક્ષેત્રોનો વિકાસ એ અગત્યની બાબત છે. અને આ પ્રક્રિયા શાળાના પર્યાવરણમાં તેમજ બાહ્ય-ક્ષેત્રિય શૈક્ષણિક પગલાંઓના દસ્તાવેજીકરણની પ્રક્રિયા અને સંશોધન દ્વારા શક્ય બને છે. ચોતરફ વિખરાયેલ અનુભવ અને જ્ઞાનને સંકલિત કરીને

શિક્ષણની પરિભાષાનો, સંશોધિત અને લિખિત જ્ઞાનસંગ્રહનો, અને શિક્ષણની સમગ્રતા તેમજ શિક્ષણના તમામ ક્ષેત્રો વિશેની સમજનો વિકાસ કરવો જોઈએ.

*માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણ*

માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણ વિશે પણ ચિંતન કરવાની ખાસ જરૂરિયાત છે. એક વર્ષનો બીજો ડિગ્રી અભ્યાસક્રમ હવે પોતાની પ્રસ્તુતિ ગુમાવી ચૂક્યો છે. બી.એડ્. કોલેજોની સંખ્યામાં થયેલ જબ્બર વધારો અને ખાનગીકરણને લીધે આ કોર્ષ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક બન્ને પ્રકારના પ્રશિક્ષણમાં નબળો પડ્યો છે. જે સંસ્થાઓ આ અભ્યાસક્રમને હેતુસભર બનાવવા મથી રહી છે તેઓ પણ એક વર્ષના ટૂંકા ગાળાની મર્યાદાને લીધે અનેક પડકારોનો સામનો કરી રહી છે. જયારે બીજી સ્નાતક ડિગ્રી હજુ પણ કદાચ પ્રસ્તુત હોય તો પણ એ તો અનિવાર્ય જ છે કે સમયગાળા, સઘનતા અને મહત્તાના સંદર્ભમાં તેને સબળ બનાવવો જ રહ્યો.

માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓએ જે તે યુનીવર્સિટી શિક્ષણના પરિઘમાં હોવા છતાંય પોતાનું એકાકી અસ્તિત્વ ચાલુ રાખ્યું છે. આને લીધે સમાનતા, લિંગભેદ  અને ન્યાય પરના શૈક્ષણિક ચર્ચા-સંવાદ, શિક્ષક-પ્રશિક્ષણકારના રોજિંદા જીવનમાંથી બાકાત રહેવા પામ્યું છે. શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓ શૈક્ષણિક ગતિશીલતા અને પરિવર્તન સામે પ્રતિરોધક બની ગઈ છે. શિક્ષકોની તાલીમ સંકુચિત અને બૌદ્ધિક રીતે બિમાર એવા વાતાવરણમાં થઇ રહી છે જે વાસ્તવિકતાથી અને પોતાના મૂળભૂત ધ્યેયોથી સાવ વિમુખ છે. આવી બૌદ્ધિક વિમુખતા, શૈક્ષણિક સિદ્ધાંતવાદ અને વિદ્યાશાખાકીય અને આંતરવિદ્યાશાખાકીય સંશોધનને હતોત્સાહ કરે છે.

એ ઇચ્છનીય છે કે એક વર્ષનો ડિગ્રી કોર્ષ માળખાગત રીતે બે વર્ષના કોર્ષમાં રૂપાંતરિત થાય અને શાલેય અનુભવો સાથે લાંબાગાળાનો સંપર્ક સધાય અને સૈધાંતિક જ્ઞાન વધુ વિવેચનાત્મક અને પ્રતિક્રિયાત્મક બને. આ દરમ્યાન વચ્ચેના પરિવર્તનના અંતરાલમાં પ્રાપ્ય સમયના મહત્તમ ઉપયોગ દ્વારા , ઈન્ટર્નશીપ પર ભાર મૂકીને, તાલીમાર્થીના દ્રષ્ટિબિંદુ અને સંજોગો આધારિત મૌલિક પ્રવૃત્તિઓ પર ભાર મૂકીને, અને શિક્ષણના મૂળભૂત ખ્યાલો , અભ્યાસક્રમના હેતુઓ , વર્તમાન સમાજ અને અધ્યાપનની વિવિધ પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને વર્તમાન સમયના એક વર્ષના

કોર્ષને વધારે ફળદાયી બનાવી શકાય છે.(આ દસ્તાવેજના પ્રકરણ-2 માં આને અમલી બનાવવા માટેના અભ્યાસક્રમના ક્ષેત્રો અને સૂચવાયેલા વિચારો આપવામાં આવ્યા છે)

## ૧. ૬ શિક્ષક-પ્રશિક્ષણમાં પદ્ધતિની સમસ્યાઓ

ઊતરતી કક્ષાની ખાનગી શિક્ષક -પ્રશિક્ષણની સંસ્થાઓની સંખ્યામાં થયેલ વધારો અને વર્તમાન શિક્ષક -પ્રશિક્ષણના કોર્ષની સ્થિતિ -આ બન્ને વિનામૂલ્યે અને ફરજિયાત શિક્ષણના હક્કના કાયદાના અમલ સામે અને રાષ્ટ્રીય સ્તરે અભ્યાસક્રમના માળખાના હેતુઓ પૂર્ણ કરવા સામેના ગંભીર અવરોધો છે. આ કોર્ષ વર્તમાન ભારતીય શાળાઓની જરૂરિયાતોને ન સંતોષવા અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પુરૂ પાડવાની અક્ષમતા બદલ ટીકારૂપ બન્યા છે . આ અભ્યાક્રમોની રચના અને અમલ શિક્ષકના વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસને અને વૈચારિક પ્રગતિને અવરોધે છે . તેઓ શિક્ષકને માત્ર માહિતી પ્રદાન કરતી વ્યક્તિ તરીકે વર્તમાન પદ્ધતિમાં અનુરૂપ થવાનું શીખવે છે . તેઓ શાળા -અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોને એક ‘અન્યને આપી શકાય તેવી ’ વસ્તુના સ્વરૂપમાં જૂએ છે . અને શિક્ષકને વર્તમાન શાળા પદ્ધતિમાં ચોક્કસ ફોર્મેટમાં પાઠનું જડ આયોજન શીખવે છે અને જરૂરી વ્યાખ્યાનો આપવાની વિધિ પૂર્ણ કરે છે.

નેશનલ કરિકયુલમ ફ્રેમવર્ક (એન.સી.એફ. ) દ્વારા શિક્ષક-પ્રશિક્ષણ વિશેની વર્તમાન સમયની સમસ્યાઓને નીચે મુજબ વર્ણવવામાં આવી છે.

- શિક્ષક-પ્રશિક્ષણની વર્તમાન શૈલી એવું સૂચવે છે કે જ્ઞાન એક ‘આપી શકાય’ તેવી બાબત છે અને અભ્યાસક્રમમાં જે વણાયેલ છે એને કોઈ શંકા કર્યા વગર સ્વીકારી લેવાનું છે; અભ્યાસક્રમના અંતિમ હેતુઓ ધ્યાનમાં રાખવામાં આવતા નથી. પ્રશિક્ષક અને કાર્યરત શિક્ષક દ્વારા પાઠ્યપુસ્તકોની કે અભ્યાસક્રમની વિવેચનાત્મક સમીક્ષા કરવામાં આવતી નથી.
- શિક્ષકનું ભાષા પ્રભુત્વ વધવું જોઈએ , પરંતુ વર્તમાન પ્રણાલીઓના અભ્યાસક્રમમાં ભાષા કેટલી હાર્દસમાન છે તે સમજનો અભાવ વર્તાય છે.
- શિક્ષક-પ્રશિક્ષણમાં પ્રશિક્ષકને પોતાના અનુભવો પર ઊંડી વિચારણા કરવાની તક મળતી નથી.
- વિદ્યાશાખાકીય જ્ઞાનને, અધ્યાપન કૌશલ્યથી અલગ માનવામાં આવે છે.

- અમૂક પાઠના અધ્યાપનનો મહાવરો, શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટે પૂરતો છે એવું માની લેવામાં આવ્યું.
- એવું માની લેવાય છે કે પ્રશિક્ષક સિદ્ધાંતો અને વિવિધ મૉડેલના અભ્યાસ અને અધ્યાપન પદ્ધતિ વચ્ચેનો સંબંધ પોતાની રીતે સમજી લે છે.
- શિક્ષકને પોતાના પૂર્વગ્રહો અને માન્યતાઓ વિશે વિચારણા કરવાની કોઈ તક મળતી નથી. વર્ગખંડમાં થતા ચર્ચા વિચારણા (વાર્તાલાપ) અને પ્રશ્નોતરીની પ્રક્રિયાના એક ભાગ તરીકે તે પોતાના અનુભવો વિશે ચિંતન કરી શકતો નથી.
- કોર્ષમાં આવતા સિદ્ધાંતોને પ્રાયોગિક-કાર્ય અને વાસ્તવિક હક્કીકત સાથે કોઈ લેવાદેવા નથી.
- શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકન પદ્ધતિ વધારે પડતી માહિતી-લક્ષી , ગુણવત્તાને બદલે પ્રમાણને પ્રાધાન્ય આપનારી અને સર્વાંગીકતાના અભાવવાળી છે.
- વિવિધ ખ્યાલો અને અધ્યાપન પદ્ધતિઓના જ્ઞાન ઉપરાંત , શિક્ષકમાં કેટલાંક ગુણો, વૃત્તિઓ, સ્વભાવગત લક્ષણો , ટેવો અને રસ કેળવાવા જોઈએ. જો કે વર્તમાન મૂલ્યાંકન પદ્ધતિમાં આ બાબતો લક્ષમાં લેવામાં આવતી નથી.

આ અવલોકનો શિક્ષક-પ્રશિક્ષણના અભ્યાસક્રમ સુધારણાના વિવિધ પાસાઓ વિશેના અલગ અલગ મુદ્દાઓ પરત્વે નિર્દેશ કરે છે.

## ૧. ૭ શિક્ષક-પ્રશિક્ષણ સુધારણાના સંદર્ભમાં વર્તમાન સંજોગો અને સમસ્યાઓ

*સમાવેશી શિક્ષણ*

વર્ગખંડમાં પ્રવર્તતી વિશિષ્ટતાને સમજવામાં શિક્ષકની અપૂરતી તૈયારીને લીધે શાળામાં બે પ્રકારની બહિષ્કૃતતા જોવા મળે છે. પ્રથમ પ્રકારની બહિષ્કૃતતા કોઈપણ પ્રકારની શારીરિક અપંગતા ધરાવતા વિદ્યાર્થીઓ અને શીખવાની અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ સાથે આચરવામાં આવે છે. ન તો શિક્ષક આવા વિદ્યાર્થીઓની જરૂરિયાતો સમજે છે કે ન તો તેની પાસે એ સમજ છે કે આવા વિદ્યાર્થીઓ પણ શીખતા થાય તેના માટે શું કરવું જોઈએ. વિકલાંગતા (સમાન તક, સુરક્ષા અને પૂર્ણ સહભાગિતા) અધિનિયમ ૧૯૯૬ તમામ આવા બાળકોને ૧૮ વર્ષ સુધી વિનામૂલ્યે અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરે છે. આ

અધિનિયમના અમલ માટે શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓએ પોતાના કોર્ષની નવેસરથી રચના કરી, વધુ સમાવેશી બનાવવા પડશે.

બીજી અને વધારે ભયાનક બહિષ્કૃતતા એ એવા બાળકોની છે જેઓ સમાજના વંચિત આવે છે, જેમ કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, લઘુમતી અને અન્ય પછાત વર્ગ, છોકરીઓ, અને શીખવાની બાબતે જેઓની વિશિષ્ટ જરૂરિયાતો છે તેવા બાળકો. શિક્ષકને પોતાના આ પ્રકારના પૂર્વગ્રહોથી ઉપર ઊઠીને આવા પડકારોનો સામનો કરવાની વ્યાવસાયિક રીતે સજ્જ કરવાની તાતી જરૂરિયાત છે. સામાજિક અને આર્થિક રીતે પછાત, ખાસ કરીને એસ.સી., એસ.ટી. અને લઘુમતીના બાળકોના શિક્ષણ અંગેની બાબત એ અનેક વર્ષોથી મુખ્ય રાષ્ટ્રીય ચિંતાનો મુદ્દો રહ્યો છે. એસ.સી., એસ.ટી. સમૂહમાં સાક્ષરતાનું પ્રમાણ અનેકગણું વધ્યું હોવા છતાંય હજુ પણ સામાન્ય શ્રેણીની સરખામણીમાં આ પ્રમાણ નીચું ગણી શકાય. જો સામાજિક સમાનતાનો બંધારણીય હેતુ પાર પાડવો હોય તો અને શિક્ષણ દ્વારા સામાજિક વંચિતતા દૂર કરવી હશે તો શિક્ષક સજ્જ હોવો જોઈશે.

સર્વ-સમાવેશી શિક્ષણ એ દાર્શનિક વિચાર છે અને સંસ્થાકીય સુવિધાઓ અને પ્રક્રિયાઓ સાથે સંબંધિત છે. એ સુનિશ્ચિત કરે છે કે દરેક માટે , ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલ સમૂહો જે સામાજિક દરજ્જાને લીધે અથવા શારીરિક કે માનસિક અક્ષમતાને લીધે અધ્યયનમાં સમસ્યાઓનો સામનો કરે છે તેઓના બાળકોને શિક્ષણ પ્રાપ્ત થાય અને સફળતાની સમાન તકો મળી રહે. આનો હેતુ એક સંકલિત વાતાવરણ પેદા કરવાનો છે જેમાં અક્ષમ બાળકો , અલગ અલગ સામાજિક પરિપ્રેક્ષ્યમાંથી આવતા બાળકો અને શીખવાની વિશિષ્ટ જરૂરિયાતોવાળા બાળકોને શિક્ષણની સમાન તકો પૂરી પાડવામાં આવતી હોય.

વર્ગખંડમાં વિદ્યાર્થીનીઓ હાજર રહે અને વર્ગખંડની પ્રવૃત્તિમાં સહભાગી બને તે પ્રત્યે શિક્ષકોએ સંવેદનશીલ બનવાની જરૂર છે. એ જરૂરી છે કે જે શિક્ષકો વર્ગખંડોનું સંચાલન કરે છે અને અધ્યાપન કાર્ય કરે છે તેઓ આ બાબતે સંવેદનશીલ બને અને સમાવેશી શિક્ષણની વિચારધારા પ્રત્યે સજાગ બને અને શાળાનું આંતરમાળખું, અભ્યાસક્રમ, અધ્યાપન પદ્ધતિઓ અને અન્ય શાળા કાર્યો જે તમામ વિદ્યાર્થીઓની જરૂરિયાતને સંતોષનારા હોય તે પરત્વે સંવેદનશીલ બને.

વાજબી *અને સ્થાયી વિકાસનો દ્રષ્ટિકોણ*

જે સમાજના તમામ વર્ગો માટે વાજબી અને સ્થાયી વિકાસને પ્રોત્સાહિત કરે એવા ભાવિ નાગરીકોનું ઘડતર કરવા માટે એ જરૂરી છે કે તેઓમાં જાતિ સમાનતાનો દ્રષ્ટિકોણ વિકસે, શાંતિના મૂલ્યની સમજ વિકસે , તમામ માટે સમ્માનની લાગણી જન્મે અને મૂલ્યનિષ્ઠ કાર્યને બિરદાવવાની ભાવના જન્મે. વધુ પડતા વ્યાપારીકરણ અને સ્પર્ધાત્મક જીવનશૈલીને લીધે ઉત્પન્ન થયેલ વર્તમાન પર્યાવરણીય કટોકટીના સમયમાં, બાળકો અને શિક્ષકોને એવી રીતે શિક્ષિત કરવા જોઈએ કે જેથી તેઓ પોતાની ઉપભોગની પદ્ધતિ બદલે અને તેઓની કુદરતી સંસાધનો પ્રત્યેની દ્રષ્ટિમાં બદલાવ આવે.

બાળકોમાં હિંસા અને ધ્રુવીકરણ વધી રહ્યાં છે , કારણ કે સમાજમાં તનાવ વધી રહ્યો છે. આત્મ-સન્માન અને અન્ય માટે સન્માન સહિત શાંતિના મૂલ્યના સંવર્ધન માટે શિક્ષણ એક અતિ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. એન.સી.એફ. અને ત્યારબાદ વિકાસ પામેલ અભ્યાસક્રમ અને અભ્યાસ સામગ્રીમાં આ અંગે ચોક્કસ દિશાનિર્દેશ કરવામાં આવ્યા છે. આના માટે, એ જરૂરી છે. શિક્ષકો આ મુદ્દાઓની અગત્ય સમજે અને અધ્યાપનમાં તેઓને વણી લે. નવા શિક્ષક-પ્રશિક્ષણ અભ્યાસક્રમમાં આ મુદ્દાઓને સમાવી લેવાની જરૂર છે.

*શિક્ષણમાં સમાજના જ્ઞાનની ભૂમિકા*

શાલેય જ્ઞાનના વ્યવહારુ ઉપયોગ અને તે અંગેના વિવિધ ખ્યાલો અને મૂલ્યોના વિકાસ માટે એ અગત્યનું છે કે ઔપચારિક શાલેય જ્ઞાન સમાજના જ્ઞાન સાથે સબંધ ધરાવતું હોય. આને લીધે શિક્ષણની વ્યવહારિક પ્રસ્તુતિ વધશે અને અધ્યયન પ્રક્રિયાની ગુણવત્તા પણ સુધરશે. વધુમાં , એન.સી.એફ. માં વ્યક્ત વિચારધારા સ્થાનિક સ્તરે પ્રસ્તુત મુદ્દાઓને અધ્યાપન કાર્ય અને અભ્યાસક્રમ સામગ્રીમાં સમાવવા પ્રેરિત કરે છે. આને કારણે , શિક્ષકો પર એક વધારાની જવાબદારી આવે છે જેના માટે તેઓએ વિષયવસ્તુ પસંદ કરી અને આયોજન કરવું જોઈએ અને સમાજજીવનના અનુભવોને વર્ગખંડમાં રજૂ કરવી જોઈએ.

શિક્ષકોની એ બાબતે ક્ષમતા વધારવી જોઈએ કે જેથી તેઓ અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક સામગ્રીમાં પ્રવેશક મુદ્દાઓ મુકરર કરી શકે. આ મુદ્દાઓ સંદર્ભ-નિર્માણ અને યોગ્ય

અધ્યાપન-અધ્યયન ક્રમ અને નિયત સ્થાનિક બાબતો પર આધારિત ભાગો હોય તે જરૂરી છે. આ સ્થાનિક મુદ્દાઓમાં સમાજનું તકનીકી જ્ઞાન, સ્થાનિક વ્યવસાયો (ખેતી અને બિન-ખેતી), સ્થાનિક લોક-સંસ્કૃતિના ઘટકો જેવા કે ગીતો, તહેવારો, મેળાઓ, રમતો વગેરેનો સમાવેશ થાય છે. શિક્ષકો ઉપરોક્ત દ્રષ્ટિબિંદુ(જાતિ સમાનતા, શાંતિ, સ્થાયી વિકાસ) પર આધારિત અભ્યાસક્રમ સામગ્રી અને અધ્યયન-અનુભવનું નિર્માણ કરતા હોવાથી, તેઓ વાસ્તવિક જીવનમાં આ બાબતોનો અનુભવ કરીને સ્થાનિક બાબતોનો અભ્યાસક્રમના વર્ગખંડમાં અર્થસભર નિરૂપણ કરવાની પ્રક્રિયા માટે ઉપયોગ કરી શકે છે.

*શાળામાં ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી અને ઈ-લર્નિંગ*

ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજીના પ્રારંભ અને પ્રસારને લીધે હવે એ માંગ વધવા લાગી છે કે શાળા શિક્ષણમાં તેનો સમાવેશ થાય. શાળામાં કોમ્પ્યુટર હોવાં કે મલ્ટી-મીડિયા રૂમ હોવો તે એક ફેશનની બાબત બની ગઈ હોય તેવું લાગે છે. પરિણામ એ આવ્યું કે અધ્યયનમાં જે મુક્ત વાતાવરણ ઊભું થવું જોઈએ તેને બદલે તેનો માત્ર શો-પીસ તરીકે ઉપયોગ થઇ રહ્યો છે. ઘણીવાર તેનો ઉપયોગ શિક્ષકની અછતની સમસ્યાના ઉકેલ તરીકે લેવામાં આવે છે. જે બાળકોના શિક્ષણ માટે હાનિકારક છે. શિક્ષક-પ્રશિક્ષણ, એક પ્રશિક્ષકને આઈ.સી.ટી.ના વિકાસલક્ષી ઉપયોગ અને હાનિકારક ઉપયોગ વચ્ચે ભેદ પાડવાનું શીખવતી હોવી જોઈએ. આ રીતે આઈ.સી.ટી.નો શિક્ષકના વ્યાવસાયિક વિકાસ અને તાલીમ અને સેવા-કાળ દરમ્યાન શૈક્ષણિક મદદ માટે ઉપયોગ થઇ શકે છે.

## ૧. ૮ શિક્ષક-પ્રશિક્ષણનું વ્યાવસાયિકરણ

અધ્યાપન એક વ્યવસાય છે અને શિક્ષક-પ્રશિક્ષણ એ શિક્ષકોને વ્યાવસાયિક રીતે તૈયાર કરવાની પ્રક્રિયા છે. કોઈ વ્યક્તિને વ્યાવસાયિક રીતે તૈયાર કરવી એ એક અઘરૂ કામ છે અને આ કાર્ય સાથે અનેક દ્રષ્ટિબિંદુ અને ક્ષેત્રો જોડાયેલા છે. 'વ્યવસાય'ના લક્ષણો નીચે મુજબ હોય છે: તેમાં લાંબા ગાળાની શૈક્ષણિક તાલીમ હોય છે ; જ્ઞાનનું એક સુગ્રથિત તંત્ર હોય છે જેના પર આખું કાર્ય આધારિત હોય છે ; જરૂરી એવો ઔપચારિક અને આકરી તાલીમનો ગાળો જેમાં પ્રાયોગિક અનુભવ હોય છે ; અને વ્યાવસાયિક નૈતિકતાની આચારસંહિતા હોય છે જે તેના સભ્યોને બંધુત્વની ભાવનાથી અન્ય સભ્યો સાથે જોડતી હોય છે.

કેટલાંક પરિબળોને ધ્યાનમાં લેતા ઉપરોક્ત પરિમાણો ખૂબ અગત્યના બની જાય છે. સૌ પ્રથમ, આ વ્યવસાય સાથે પરંપરાગત રીતે એક આદર્શવાદ જોડાયેલો છે. સમાજ એક શિક્ષક પાસેથી ઊંચી અપેક્ષાઓ રાખે છે અને શિક્ષકની ભૂમિકા સાથે એક પ્રકારનું સન્માન અને મહત્તા જોડાયેલી છે. એક મહત્ત્વની દ્રષ્ટિએ શિક્ષકો માનવજાતના સર્વાંગી વિકાસ સાથે સંકળાયેલ વ્યક્તિઓ છે. જયારે એક બાજુ, માહિતી-પ્રદાન અને બૌદ્ધિકતા સિવાયના પરિમાણો વર્તમાન સમયમાં અનેક પરિબળોને કારણે અવગણનાનો ભોગ બન્યા છે, ત્યારે એ વાતનો ઇન્કાર ન થઇ શકે કે આ પરિમાણો શિક્ષકની ભૂમિકા અને કાર્યોના આંતરિક અંગો છે. આ વાતનો સૂચિતાર્થ એ છે કે હકારાત્મક અભિગમ, મૂલ્યો, સમજ અને અધ્યાપન કળાથી સજ્જ એવા ચિંતનશીલ શિક્ષકોના ઘડતર પર યોગ્ય ભાર મૂકવાની જરૂર છે.

## ૧. ૯ શિક્ષક-પ્રશિક્ષકો તૈયાર કરવા

શિક્ષક-પ્રશિક્ષણ એક ચિંતનાત્મક કાર્ય છે જે વાસ્તવિક સ્તરે શિક્ષણના કાર્યને પાર પાડવા માટેના દિશાનિર્દેશમાં પરિણમે છે. એક તાત્વિક-પ્રવૃત્તિ હોવાથી તે એ બાબતો સાથે સંકળાયેલ છે કે શાળામાં અને વર્ગખંડમાં પ્રવૃત્તિઓ કઈ રીતે થાય છે. આના માટે જરૂર છે વાસ્તવિક શાળા–શિક્ષણ ઉપરાંત અધ્યયનનાં વિવિધ પ્રકારની સમજ અને ક્ષમતાની. એન.સી.એફ.નો ૨૦૦૫નો શિક્ષક-પ્રશિક્ષણ પરનો સ્થિતિ અહેવાલ (position paper) આ મુદ્દાની ઊંડાણપૂર્વકની ચર્ચા કરે છે અને શિક્ષક-પ્રશિક્ષણ માટે પુખ્તવયના વિદ્યાર્થી માટેની અધ્યયન પદ્ધતિ પર ભાર મૂકે છે. (શિક્ષક-પ્રશિક્ષણના સંદર્ભમાં સૌથી નબળું પાસું શિક્ષક તૈયાર કરતા વ્યાવસાયિક શિક્ષકની અછત છે. આ બાબતની ચર્ચા પ્રકરણ-૫માં કરવામાં આવી છે.)

## ૧. ૧૦ સંશોધન અને મૌલિકતા

શિક્ષણ વિશે ચિંતનાત્મક અને વિશ્લેષણાત્મક સંશોધન અહેવાલોની ખાસ જરૂર ઊભી થઇ છે. કોર્ષ વિશે કે વ્યક્તિગત વર્ગખંડો જેથી કરીને તેને શિક્ષક બનવાની તાલીમ લેતા વિદ્યાર્થીઓની અભ્યાસ સામગ્રીમાં સમાવી શકાય. યુનીવર્સિટીના વિવિધ વિભાગો અને સંશોધન સંસ્થાઓએ આ કાર્ય હાથ પર લેવુ જોઈએ.

વધારામાં, શિક્ષક-પ્રશિક્ષણના વિવિધ મૉડેલ પર પ્રયોગો પણ થઇ શકે છે. મૌલિકતા અને નાવીન્ય લાવવાની સંસ્થાની ક્ષમતા એ ઉચ્ચ ગુણવત્તા તરફ પ્રયાણ કરવા માટેની પ્રથમ શરત છે. આવું ત્યારે જ સરળ બની શકે જયારે સંસ્થાનું ઇનપુટ ગુણવત્તાયુક્ત હોય. શિક્ષક-પ્રશિક્ષણમાં મૂળ વાસ્તવિકતા ભાગ્યે જ આ વસ્તુ દર્શાવતી હોય છે. કોઈ સંસ્થામાં અભ્યાસક્રમમાં નાવીન્યતા સંસ્થાના આંતરિક વહેવારો પૂરતી જ મર્યાદિત બની જાય છે. કેન્દ્રિય પ્રવેશ પદ્ધતિ, સમાન અભ્યાસક્રમ, કેન્દ્રિય ધોરણે પરીક્ષા, અભ્યાક્રમની રચના અને મૂલ્યાંકનને લીધે સંસ્થાની વ્યક્તિગત અભિવ્યક્તિને ખૂબ ઓછો અવકાશ રહે છે. આવી મૌલિકતા/નાવીન્યતાના સર્જન માટે અવકાશ આપવો જરૂરી છે જેથી કરીને તેમાંથી નીતિ-નિર્ધારણ કરી શકાય.

આવી વિપરિત પરિસ્થિતિઓમાં પણ અનેક સારાં પગલાંઓ ભરી શકાયા છે. આનું એક ઉદાહરણ દિલ્હી યુનિવર્સિટી સંલગ્ન કોલેજો દ્વારા પ્રાથમિક શિક્ષક બનવા માટેનો ચાર વર્ષનો સંકલિત કોર્ષ(બી.એલ.એડ્.)ની શરૂઆત. એન.સી.ઈ.આર.ટી. દ્વારા શરૂ કરવામાં આવેલ ચાર વર્ષનો સંકલિત ડિગ્રી કોર્ષ બી.એસ.સી.એડ્. , બે વર્ષનો બી.એડ્.નો કોર્ષ , અને એમ.એસ.સી.એડ્.નો સંકલિત કોર્ષ આના અન્ય ઉદાહરણો છે. દેશની કેટલીક અન્ય સંસ્થાઓમાં પણ આવા નવીન-મૌલિક પગલાંઓ લેવામાં આવ્યા છે. કાર્યરત શિક્ષકોને સહાયરૂપ બનવા રિસોર્સ સેન્ટરોની સ્થાપના, આ દિશામાં લેવાયેલ કેટલાંક પગલાંઓમાંનું એક છે. આ સેન્ટરો દ્વારા ચલાવાતા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં કાર્યશાળાનું આયોજન, રિસર્ચ ફેલોશિપની જોગવાઈ અને અભ્યાસસત્રોનું આયોજનનો સમાવેશ થાય છે.

## ૧. ૧૧ શિક્ષક-પ્રશિક્ષણમાં મુક્ત અને દૂરંતર શિક્ષણ

એક સંકલ્પના તરીકે ‘મુક્ત શિક્ષણ’, દૂરંતર શિક્ષણ સાથે સંકળાયેલ કેટલીક પદ્ધતિઓ સાથેની તે કોઈ વિશિષ્ટ જ્ઞાનના વ્યવહારની પદ્ધતિ તો નથી જ. મુક્ત અને દૂરંતર શિક્ષણના કેટલાંક પાસાઓ એવા છે જે હેતુસભર રીતે તો જ વ્યવહારમાં લાવી શકાય જો પ્રત્યક્ષ માનવીય હસ્તક્ષેપ અને મુક્ત અને નિરંતર શિક્ષણ વચ્ચેની સરહદ શક્ય હોય તેટલી મહદ અંશે નાબુદ થાય અને કદાચ તે ઈચ્છનીય છે . માપદંડો પર આધારિત શિક્ષક-પ્રશિક્ષણમાં અભ્યાસક્રમનો વિકાસ અને સ્વતંત્ર અભ્યાસ પર ભાર અને આંતરક્રિયાત્મક

અધ્યયનની ઓનલાઈન પદ્ધતિ, મૂલ્યાંકનમાં સતત સુધારણા-આ બાબતોને લીધે જેઓ સુધી શિક્ષણ નથી પહોંચ્યું ત્યાં પહોંચાડી શકાય છે. એવું હવે સમજાયું છે કે દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમની મદદથી સ્વતંત્ર અભ્યાસ-સામગ્રીનો ઉપયોગ કરીને, અને આ રીતે ભૌતિક અંતરની બાધાને દૂર કરીને શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ માટે મુક્ત અને નિરંતર શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ થઇ શકે છે. મુક્ત અને દૂરંતર અભ્યાસના એ ઘટકો જે સ્વતંત્ર અભ્યાસ સાથે સંકળાયેલ છે તેઓ વર્તમાન સમયમાં પ્રસ્તુત છે. જો કે પ્રત્યક્ષ માનવીય હસ્તક્ષેપ અને વાસ્તવિક સામાજિક આંતરવ્યવહાર જે પ્રારંભિક શિક્ષક-પ્રશિક્ષણનું હાર્દ છે તેને મહત્ત્વ આપવું જ રહ્યું. એક પદ્ધતિ કે યોજના તરીકે મુક્ત અને દૂરંતર શિક્ષણ પ્રશિક્ષકને સતત વ્યાવસાયિક મદદ પૂરી પાડી શકે તેમ છે.

## ૧. ૧૨ આરોગ્ય અને શારીરિક શિક્ષણના સંદર્ભમાં શિક્ષક-પ્રશિક્ષણ

આરોગ્ય, શારીરિક શિક્ષણ અને યોગ એ પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના અભ્યાસક્રમમાં અગત્યના ઘટક છે. બાળક અને કિશોરના શારીરિક , માનસિક, ભાવનાત્મક અને સામાજિક વિકાસ માટે આ ઘટકોને મહત્ત્વ આપવું જ રહ્યું. આરોગ્ય અને શારીરિક શિક્ષણનો હેતુ માત્ર શારીરિક તંદુરસ્તી પ્રાપ્ત કરવાનો જ નથી પરંતુ મનો-સામાજિક વિકાસનો પણ હોય છે. આ વિષયમાં વ્યક્તિગત તંદુરસ્તી , શારીરિક અને મનો-સામાજિક વિકાસ , ગતિશીલતા અને ક્રિયાશીલતા , અને બાહ્ય દુનિયામાં અન્ય લોકો સાથે, સમાજમાં અને પર્યાવરણ સાથે અર્થપૂર્ણ સંબંધોનો સમાવેશ થાય છે. લાક્ષણિકતાની દ્રષ્ટિએ આ ક્ષેત્ર આંતર-વિદ્યાશાખાકીય હોવાથી સંકલન જરૂરી છે અને આ બાબતો એક કરતાં વધુ વિષયોમાં સમાવિષ્ટ થઇ જાય તે રીતે અભ્યાસક્રમનું આયોજન કરવું પડે છે. શાળા આરોગ્ય કાર્યક્રમના મુખ્ય ઘટકો જેવા કે મેડીકલ સારવાર , સ્વાસ્થ્યપ્રદ શાળા પર્યાવરણ, શાળા સમય દરમ્યાનનો નાસ્તો , આરોગ્ય અને શારીરિક શિક્ષણ અને ભાવનાત્મક તંદુરસ્તી- આ બધા આરોગ્ય અને શારીરિક શિક્ષણના અવિભાજ્ય અંગો હોવા જોઈએ.

બાળકના સર્વાંગી વિકાસ માટેના આ અભ્યાસક્રમના મુદ્દાઓનું અગત્ય જોતાં એ ખૂબ મહત્ત્વનું છે કે શિક્ષકો પોતે યોગ્ય રીતે તાલીમ, પામેલા હોય. આ વિષયોમાં શિક્ષકની તાલીમ આરોગ્યની વ્યાપક વ્યાખ્યા અને બાળકના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈને જ

થવી જોઈએ. વર્તમાન સમયમાં આ વિષયોમાં જુદા જુદા સ્તરે ડીપ્લોમાં કોર્ષ (ડી.પી.એડ્.), ડિગ્રી કોર્ષ (બી.પી.એડ્.) અને અનુસ્નાતક કોર્ષ (એમ.પી.એડ્.) કેટલીક શારીરિક શિક્ષણની કોલેજોમાં અને યુનિવર્સિટીઓમાં ચલાવવામાં આવે છે. આરોગ્ય અને શારીરિક શિક્ષણના હેતુઓ અને વૈચારિક માળખા અંતર્ગત આ બધા કોર્ષના અભ્યાસક્રમ, અભ્યાસક્રમના અંતિમ હેતુઓ અને અધ્યાપન પદ્ધતિ વિશે ફેરવિચારણા કરવાની તાતી જરૂર છે. આ ઉપરાંત, બધા જ શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષમાં આરોગ્ય, શારીરિક શિક્ષણ અને યોગ ફરજિયાત ઘટક તરીકે હોવા જોઈએ. શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષની રચનામાં સમાવિષ્ટ આ મુદ્દાઓ અલગથી વિચારણા માગી લે છે.

## ૧. ૧૩ વ્યવસાયલક્ષી પ્રવાહ માટે શિક્ષકોને તાલીમ

આપણી શિક્ષણપ્રથામાં વ્યવસાયલક્ષી શિક્ષણ વિચારણાનો મુદ્દો રહ્યો છે. જેની સફળતાનો આધાર શિક્ષકોની ગુણવત્તા અને તેઓની વ્યાવસાયિક તાલીમ પર રહેલો છે. સેકન્ડરી એજ્યુકેશન કમિશન(૧૯૫૨-૫૩)ની ભલામણોને આધારે આ દિશામાં સૌપ્રથમ અર્થપૂર્ણ પ્રયત્ન કરવામાં આવ્યો. આ ભલામણો ૧૧ વર્ષિય ઉચ્ચ માધ્યમિક બહુહેતુક યોજનાના ભાગરૂપે ધોરણ ૮ પછી શિક્ષણના વૈવિધ્યકરણ પર ભાર મૂકે છે. ચાર રીજનલ કોલેજીસ ઓફ એજયુકેશન જે હવે રીજનલ ઇન્સ્ટીટ્યુટસઓફ એજયુકેશન ઓફ એન.સી.ઈ.આર.ટી. તરીકે ઓળખાય છે તે અજમેર, ભોપાલ, ભુવનેશ્વર અને મૈસુર ખાતે સ્થાપવામાં આવી. આ સંસ્થાઓ વિવિધ પ્રકારના કોર્ષ ચલાવે છે જે તકનીકી , ખેતી, વ્યાપાર, ગૃહ-વિજ્ઞાન, લલિતકલાઓ વગેરેને સાંકળી લેતા રોજગારલક્ષી ક્ષેત્રોમાં શિક્ષકને તાલીમ આપે છે. આવા કોર્ષ માટે આ સંસ્થાઓમાં ઉત્તમ કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ચાર વર્ષના બી. ટેક. બી.એડ્. , બી. કોમ. બી.એડ્. અને એક વર્ષના બી.એડ્.(એગ્રીકલ્ચર), બી.એડ્.(હોમ સાયન્સ) , બી.એડ્.(ફાઈન આર્ટસ) , જેવા કોર્ષ આર.સી.ઈ. ની અલગ અલગ કોલેજોમાં ચલાવવામાં આવે છે અને કમિશનના અંકુશ હેઠળ વતા-ઓછા અંશે તેને સફળતા પણ મળી છે.

આ બહુહેતુક પદ્ધતિ ચાલુ રહી શકી નહિ અને આર.સી.ઈ.ની કોલેજોમાં તે બંધ થઇ ગયા. આ પરિસ્થિતિ વધારે ગંભીર ત્યારે બની જયારે એજ્યુકેશન કમિશને (૧૯૬૪-૬૬) ધોરણ 10+12 ની પદ્ધતિમાં સુધીમાં શૈક્ષણિક અને વ્યાવસાયિક પ્રવાહમાં વૈવિધ્ય લાવવાની

ભલામણ કરી. બદનસીબે આને મદદરૂપ થાય તેવો એકપણ શિક્ષક-વિકાસ કાર્યક્રમનો કોર્ષ આર.સી.ઈ.ની કોલેજોમાં શરૂ થયો નહિ. શૈક્ષણિક ક્ષેત્રના આ વધુ અગત્યના ક્ષેત્ર પ્રત્યેના ઉદાસીન વલણને લીધે ઉપરોક્ત વ્યાવસાયિક વિભાગમાં શિક્ષક-પ્રશિક્ષણની હિલચાલને એક ધક્કો પહોંચ્યો. *યોગ્ય ગુણવત્તાવાળા શિક્ષકોના અભાવે કોઈપણ પદ્ધતિ અસ્તિત્વ ટકી ન શકે, અને એ સ્વાભાવિક છે કે વ્યવસાયલક્ષી શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષ ભૂતકાળમાં નિષ્ફળતા ભોગવી ચૂક્યા હોવાથી, આ કોર્ષમાં સુધારા કરવાની જરૂરી છે જેથી ભવિષ્યમાં તે સફળ રહે.*

વ્યાવસાલક્ષી શિક્ષકના પ્રશિક્ષણના અમલ માટે સંસ્થાઓએ ગંભીરતાથી વિચારવું રહ્યું. આના માટે અલગ અલગ વ્યાવસાયિક ક્ષેત્રો માટે ગુણવત્તાયુક્ત અભ્યાસસામગ્રી જરૂરી છે. પરંપરાગત કોલેજો માળખાગત રીતે અને માનવસંસાધનની રીતે સજ્જ નથી જેથી કરીને વ્યાવસાયિક શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષ ચલાવી શકે એમ નથી. વ્યાવસાલક્ષી સંસ્થાઓ જેવી કે ઈજનેરી, તકનીકી, કૃષિ અને મેડીકલ કોલેજોની સાથેના પરામર્શમાં એક એવું માળખું રચવાની જરૂર પડી અને ટેકનિકલ ટીચર ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ દ્વારા આ જવાબદારી વહન કરવાની છે જેમાં તે વ્યાવસાલક્ષી શિક્ષણના અધ્યાપન પર આધારિત કોર્ષ પણ ચલાવે. આને કારણે આ માળખાની બહાર કોઈ કાર્ય કરવાની વધારાની મહેનત બચી જાય.

## ૧. ૧૪ શિક્ષક અને શિક્ષક-પ્રશિક્ષણની ભાવિ-કલ્પના/દિશા ()

જયારે એક તરફ આપણે શિક્ષકની ભૂમિકાનું સ્વરૂપ શોધવામાં વ્યસ્ત છીએ , અને બીજી તરફ શિક્ષક-પ્રશિક્ષણનું સ્વરૂપ પણ સમય સાથે બદલાતું જાય છે ત્યારે તેવા મુદ્દાઓ પર વૈશ્વિક સ્તરે થયેલી વૈચારિક ક્રાંતિની નોંધ લઈએ જેને આધારે આપણા વર્તમાન વિચારોનું ઘડતર થયું છે તો આપણને તે ઉપયોગી બનશે. જો આપણે એક શિક્ષક-પ્રશિક્ષણ સિદ્ધાંતની શોધમાં હોઈએ જે આપણી વર્તમાન જરૂરિયાતોને સંતોષે તો આપણે કેટલાંક વ્યાપક અને સર્વગ્રાહી સિદ્ધાંતોને સ્વીકારવા રહ્યા જે આ બાબતમાં મદદરૂપ થાય. પ્રથમ તો, શિક્ષક-પ્રશિક્ષણ પરના આપણાં વિચારો વૈવિધ્યપૂર્ણ અને સંકલિત છે. તે મનોવિજ્ઞાન અને દર્શનશાસ્ત્રની વિચારધારાઓથી મુક્ત છે. આપણે શિક્ષક-પ્રશિક્ષણને એક દ્રષ્ટિકોણલક્ષી પ્રયત્નથી જોતા નથી , પરંતુ આપણે તેને મુક્ત અને સ્થિતિસ્થાપક ઈચ્છિએ છીએ. આપણે બદલાતા સંજોગો પર વિશેષ ધ્યાન આપીએ છીએ અને આપણો હેતુ આ

બદલાતા સંજોગો સાથે શિક્ષક સમાયોજન સાધી શકે તે માટે તેને સક્ષમ બનાવવાનો છે. બીજું, આધુનિક શિક્ષક-પ્રશિક્ષણ ‘અભ્યાસ-રત સમાજ’ , ‘શિક્ષણ માટે જ શિક્ષણ’ , અને ‘સમાવેશી શિક્ષણ’ જેવા વૈશ્વિક વૈચારિક-છત્ર નીચે વિકાસ પામી રહ્યું છે અને કાર્યરત છે. આપણી ચિંતા એ છે કે શિક્ષક-પ્રશિક્ષણને કઈ રીતે ઉદાર , માનવતાવાદી અને સમાવેશી શિક્ષણની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બનાવવી. શિક્ષણમાં ઉપદેશાત્મક ચર્ચા પર ભાર મૂકવામાં નથી આવતો પરંતુ બિન-ઉપદેશાત્મક અને દ્વિપક્ષીય ચર્ચા પર વધુ ભાર આપવામાં આવે છે. ત્રીજું, આધુનિક અધ્યાપન પદ્ધતિ સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્રના શિક્ષણ પરના વિચારોથી પ્રેરિત છે. અધ્યાપન અને અધ્યયનના નવીનીકરણ માટે સામાજિક સંદર્ભની એક સ્ત્રોત તરીકેની લાયકાત અને સામર્થ્ય વિશે આપણે સમજવા લાગ્યા છીએ. બહુસાંસ્કૃતિક અને વૈવિધ્યપૂર્ણ સમાજનું શિક્ષણ એ વર્તમાન સમયની જરૂરિયાત છે. ચોથું , આપણે હવે એ સ્વીકારીએ છીએ કે વર્ગખંડની બહાર પણ શીખવાના અને શીખવવાના વિવિધ સ્થળો (ખેતર , રોજગારીનું સ્થળ , ઘર, સમાજ અને માધ્યમો)અસ્તિત્વ ધરાવે છે. બાળક જે વિવિધ પદ્ધતિઓ દ્વારા શીખવાની પ્રક્રિયા કરતું હોય અને જે સંજોગોમાં રહીને શિક્ષકો પોતાનું કાર્ય કરતા હોય તેની પણ આપણે સમીક્ષા કરવાની રહે છે: જેમ કે વર્ગખંડમાં વિદ્યાર્થીઓની વધુ પડતી સંખ્યા , ભાષાકીય, સામાજિક અને સાંસ્કૃતિક વૈવિધ્ય , વંચિત સમૂહોમાંથી આવતા બાળકોની સમસ્યાઓ વગેરે. આપણે એ સ્વીકારતા થયા છીએ કે કહેવાતા જ્ઞાન આધારિત શિક્ષક પ્રશિક્ષણ સ્વભાવે તરલ અને અલ્પજીવી હોય છે. અને તેથી જ શિક્ષક-પ્રશિક્ષણનો મુખ્ય હેતુ મૌલિક કાર્યપદ્ધતિને પ્રોત્સાહન આપવાનો છે. વિવિધ સંજોગોમાં ઊભી થતી જરૂરિયાતોને પોષવા માટે અને શિક્ષક દ્વારા સમયાંતરે કરાતીસમીક્ષા દ્વારા અધ્યાપન પદ્ધતિનું જ્ઞાન સતત બદલાતું રહેવું જોઈએ અને સંજોગો અનુસાર તેમાં પરિવર્તન આવવાં જોઈએ. શિક્ષક-પ્રશિક્ષણને એવું બનાવવી જોઈએ કે તે શિક્ષકની જ્ઞાનસર્જનની ક્ષમતા વધારે અને અનિશ્ચિતતા અને તરલતાની સ્થિતિમાં અધ્યાપન-અધ્યયનનાં પર્યાવરણના લક્ષણોનું મૂલ્યાંકન કરે. ઉપરોક્ત ચર્ચામાં વ્યક્ત થયેલા શિક્ષકની ભાવિ દિશા/કલ્પનાને ધ્યાનમાં રાખતાં શિક્ષકની ભૂમિકાને લગતા નીચેના વિધાનો જે શિક્ષક-પ્રશિક્ષણના સિધ્ધાંત, હેતુ, અને પરંપરાને વ્યક્ત કરે છે.

- શિક્ષકનું ભાષાપ્રભુત્વ વધવું જોઈએ, પરંતુ વર્તમાન પ્રણાલીઓના અભ્યાસક્રમમાં ભાષા કેટલી હાર્દસમાન છે તે સમજનો અભાવ વર્તાય છે.

- વિદ્યાશાખાકીય જ્ઞાનને અધ્યાપન કૌશલ્યથી અલગ માનવામાં આવે છે.

- શિક્ષક-પ્રશિક્ષણમાં પ્રશિક્ષકને પોતાના અનુભવો પર ઊંડી વિચારણા કરવાની તક મળતી નથી.

- અમૂક પાઠના અધ્યાપનનો મહાવરો શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટે પૂરતો છે એવું માની લેવામાં આવે છે

- એવું માની લેવાય છે કે પ્રશિક્ષક સિદ્ધાંતો અને વિવિધ મૉડેલના અભ્યાસ અને અધ્યાપન પદ્ધતિ વચ્ચેનો સંબંધ પોતાની રીતે સમજી લેશે.

- શિક્ષકને પોતાના પૂર્વગ્રહો અને માન્યતાઓ વિશે વિચારણા કરવાની કોઈ તક મળતી નથી. અને વર્ગખંડમાં થતા ચર્ચા વિચારણા (વાર્તાલાપ) અને પ્રશ્નોતરીની પ્રક્રિયાના એક ભાગ તરીકે તે પોતાના અનુભવો વિશે ચિંતન કરી શકતો નથી.

- કોર્ષમાં આવતા સિદ્ધાંતોને પ્રાયોગિક-કાર્ય અને વાસ્તવિક હકીકત સાથે કોઈ લેવાદેવા નથી.

- શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકન પદ્ધતિ વધારે પડતી માહિતી-લક્ષી , ગુણવત્તાને બદલે પ્રમાણને પ્રાધાન્ય આપનારી અને સર્વાંગીકતાના અભાવવાળી છે.

- વિવિધ ખ્યાલો અને અધ્યાપન પદ્ધતિઓના જ્ઞાન ઉપરાંત , શિક્ષકમાં કેટલાંક ગુણો, વૃત્તિઓ, સ્વભાવગત લક્ષણો , ટેવો અને રસ કેળવાવા જોઈએ. જો કે વર્તમાન મૂલ્યાંકન પદ્ધતિમાં આ બાબતો લક્ષમાં લેવામાં આવતી નથી.

## પ્રકરણ ૨

## પ્રારંભિક શિક્ષક તૈયાર કરવા માટેના ભ્યાસક્રમના ક્ષેત્રો

### ૨.૧ પરિચય

જે પ્રકારના શિક્ષક અને શિક્ષક-પ્રશિક્ષણની આપણે કલ્પના કરી છે તે આપણી પાસેથી એવી અપેક્ષા રાખે છે કે આપણે શિક્ષક-પ્રશિક્ષણને એક સર્વાંગી પ્રક્રિયા તરીકે જોઈએ જે વિવિધ પ્રકારના કાર્ય સાથે સંકળાયેલ છે અને એક પૂર્ણ શિક્ષકના વિકાસ માટે અનેકવિધ ક્ષેત્રોને સાંકળી લે છે-જેમ કે જ્ઞાન અને સમજ , વિવિધ કૌશલ્યો, સકારાત્મક અભિગમ, ટેવો, મૂલ્યો અને ચિંતનશીલ સ્વભાવ. બીજી રીતે કહીએ તો આપ ણે એક એવા શિક્ષકની જરૂર છે જે-

- બાળકોની સંભાળ રાખે અને તેઓની સાથે તેને રહેવાનું ગમે,બાળકોને તેઓની જરૂરિયાતો અનેસમસ્યાઓના સંદર્ભમાં સમજેસાંસ્કૃતિક અને રાજકીય અને સામાજિકશિક્ષક આ બાબત પ્રત્યે સંવેદનશીલ બને અને બધા બાળકો સાથે સમાન રીતે વર્તે
- બાળકોને માત્ર નિષ્ક્રિય રીતે જ્ઞાન મેળવનારા તરીકે ન લે પરંતુ તેઓની અર્થ સમજવાની તારવવાની કુદરતી શક્તિને નીખારે. ગોખતાં અટકાવે, શિક્ષણને આનંદદાયક બનાવે અને તેમને સહભાગી બનાવીને અર્થસભર પ્રવૃતિઓ તરફ વાળે.
- અભ્યાક્રમ અને પાઠ્યપુસ્તકોનેસમીક્ષાત્મકરીતે ચકાસે અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ બનાવે.
- જ્ઞાનને કોઈ ‘આપવાની’ એવી વસ્તુ ન સમજે જે અભ્યાસક્રમમાં વણાયેલ હોય અને કોઈ જાતની શંકા કર્યા વગર સ્વીકારવાની હોય.
- નાટકો, પ્રોજેક્ટ, ચર્ચા, સંવાદ, અવલોકન, સ્થળ-મુલાકાત અને પોતાની પ્રવૃત્તિ પર ચિંતન કરતા શીખે તે પ્રકારની શીખનાર કેન્દ્રિત પ્રવુતિ આધારિત અને શિક્ષણના પ્રયોગમાં સહભાગી બનાવે તે રીતે આયોજન કરે.
- વર્ગખંડમાંના વિદ્યાર્થીઓનાં વૈવિધ્યને ધ્યાનમાં રાખી તેઓની વ્યક્તિગત અને સામાજિક વાસ્તવિકતા સાથે શૈક્ષણિક અભ્યાસને જોડે.

- શાંતિ, લોકશાહીના મૂલ્યો , સમાનતા, ન્યાય, આઝાદી, બંધુત્વ, બિનસાંપ્રદાયિકતા અને સામાજિક નવસર્જન જેવા મૂલ્યોને ફેલાવે.

આવું તો જ શક્ય બને જો શિક્ષક-પ્રશિક્ષણનો અભ્યાસક્રમમાં પ્રશિક્ષકને યોગ્ય અને મહત્ત્વની તકો પૂરી પાડવામાં આવે,જેમ કે:

- બાળકોનુંઅવલોકનકરે અને તેઓ સાથે તાદાત્મ્ય સાધે,બાળકો સાથે આંતરવ્યવહાર- કરે

- પોતાની જાતની અને અન્યની માન્યતાઓ,ધારણાઓ,લાગણીઓ અને મહત્ત્વકાંક્ષાઓને સમજે,પોતાનું જવિશ્લેષણ,મૂલ્યાંકન,સંજોગો સાથે અનુરૂપ થવા માટે,સર્જનાત્મક બનવાની અને મૌલિક બનવાની ક્ષમતા વિકસાવે.

- અભ્યાસલક્ષી પ્રવૃત્તિ વખતે પોતે શીખતા રહેવાની આદત કેળવે,વિચારવાની,ચિંતન કરવાની,નવા વિચારોને અધ્યાપનમાં સાંકળી લેવાની અને તેઓને શાબ્દિક સ્વરૂપ આપવા માટે તેમની પાસે સમય હોય,પોતાની જ સમીક્ષા કરી શકે અને સમુહમાં સાથ-સહકારથી કામ કરી શકે.

- વિષય-વસ્તુ સાથે જોડાણ સાધી શકે,વિદ્યાશાખાકીય જ્ઞાન અને સામાજિક વાસ્તવિકતાના ગુણદોષ જોઈ શકે,વિદ્યાર્થીઓના સામાજિક પરિપ્રેક્ષ્ય સાથે વિષય-વસ્તુને જોડી,વિવેચનાત્મક વૈચારિક પ્રક્રિયાનો વિકાસ કરી શકે.

- અધ્યાપન,અવલોકન,દસ્તાવેજીકરણ,વિશ્લેષણ,અર્થઘટન,નાટ્ય-રજૂઆત,કળા-કારીગરી,વાર્તા- અને મૌલિક સંશોધન વૃત્તિ જેવાં વ્યાવસાયિક કૌશલ્યો વિકસાવે.

ઉપરોક્ત તમામ પ્રકારની તકો પ્રશિક્ષકને મળી રહે તે માટે અભ્યાસક્રમની રચના ખૂબ જ ધ્યાનપૂર્વક કરવી જોઈએ જે પ્રશિક્ષકના અનુભવગત જ્ઞાન અને સૈદ્ધાંતિક અને પ્રાયોગિક જ્ઞાન પ્રેરિત હોય. આ પ્રકરણ એ બાબતે નક્કર સૂચનો કરે છે કે કઈ રીતે શિક્ષક-પ્રશિક્ષણની એવી રીતે પુનઃરચના કરી શકાય કે જેથી તે વિદ્યાર્થી-કેન્દ્રિત બને,શિક્ષકના વ્યક્તિગત,સામાજિક અને વ્યાવસાયિક વિકાસ માટે પૂરતો અવકાશ પ્રદાન કરે અને શિક્ષકને વિવિધ અધ્યાપન પદ્ધતિઓથી સજ્જ કરે અને એવા અભ્યાસુ વાતાવરણનું સર્જન કરે જે વિદ્યાર્થીની જરૂરિયાતોને પોષે. પ્રશિક્ષકની પોતાની અનુભવગત હકીકતો અને વિદ્યાર્થીઓના સામાજિક પરિપ્રેક્ષ્ય સાથે વિવિધ વિદ્યાશાખામાં સૈધ્ધાંતિક જ્ઞાનને વણી લેવાની પ્રક્રિયા દ્વારા,શિક્ષકોને ચિંતન માટે,શીખવાની વૃત્તિ જગાડવા માટે અને મૌલિક વિચારણા માટે પ્રોત્સાહિત કરી

શકાય છે. શૈક્ષણિક કાર્ય અને સિદ્ધાંતો સાથેના લાંબા ગાળાના સંસર્ગથી શિક્ષકમાં જ્ઞાન ઉપાર્જન અને વૈચારિક સ્પષ્ટતા માટેની ક્ષમતા ઉદભવે છે.

શિક્ષક-પ્રશિક્ષણ માટે અભ્યાક્રમનું માળખું ત્રણ મુખ્ય ક્ષેત્રો આવરી લે તે રીતે વિચારી શકાય (અ) શિક્ષણનો પાયો-જેમાં ત્રણ મુખ્ય મુદ્દા સમાવી શકાય: વિદ્યાર્થી અભ્યાસ,સમકાલીન અભ્યાસ અને શૈક્ષણિક અભ્યાસ. (બ) અભ્યાસક્રમ અને અધ્યાપન-જેમાં બે મુખ્ય મુદ્દા સમાવી શકાય:અભ્યાસક્રમનો અભ્યાસ અને અધ્યાપન અંગેનું જ્ઞાન. (ક) શાળા તાલીમ (ઈન્ટર્નશીપ)- જેદ્રષ્ટિબિંદુ,વ્યાવસાયિક ક્ષમતા,શિક્ષકની સંવેદનશીલતા અને કૌશલ્યોની વિશાળ શૃંખલાના વિકાસ તરફ દોરી જાય છે.

આ ક્ષેત્રો, સાથે મળીને શિક્ષક-પ્રશિક્ષણના વિવિધ સ્તર (પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) માટે 'સામાન્ય કેન્દ્રવર્તી અભ્યાસક્રમ'ની રચના કરે છે. જે સ્વરૂપ અને લક્ષણો આ ઘટકો ધારણ કરે છે અને તેઓનું પરિમાણ,તીવ્રતા,સાપેક્ષ મહત્ત્વ,આ ઘટકો નીચે પૂરા પડાતા શીખવાના અનુભવોની ગુણવત્તા અને તેઓનું સાપેક્ષ મહત્ત્વ આ બધા શિક્ષક-પ્રશિક્ષણના સ્તર,શાળા અને વિદ્યાર્થીના સંજોગો અને અન્ય પરિબળોના સંદર્ભમાં બદલાઈ શકે છે.એ વાત અગત્યની છે કે આ ઘટકોને સ્વતંત્ર અને એકબીજાથી અલગ ન માનવા જોઈએ પરંતુ શિક્ષકના સર્વાંગી વિકાસના સંદર્ભમાં તેઓ એકબીજાના પૂરક છે.

દાખલા તરીકે,નાના બાળકો પર ધ્યાન: મનોવૈજ્ઞાનિક વિકાસ ,વિચારવાની અને શીખવાની પ્રક્રિયા,સામાજીકરણની પ્રક્રિયા અને બચપણનું ઘડતર એ પૂર્વ-પ્રાથમિક,પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના મુખ્ય હેતુઓ/મુદ્દાઓ છે. અને આ સાથે વિષય-વસ્તુ અને જ્ઞાનમીમાંસાને લગતા સવાલો સાથે પણ સંયોજન જળવાઈ રહેવું જોઈએ. ઉચ્ચ પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સ્તર માટે શિક્ષકો તૈયાર કરવા માટે બાળકના સતત વિકાસ અને કિશોરાવસ્થા ને લગતા મુદ્દાઓને ધ્યાનમાં લેવાવા જોઈએ. જેમ જેમ આપણે માધ્યમિક અને ઉચ્ચતર-માધ્યમિક તરફ જતાં જઈએ તેમ તેમ જ્ઞાનમીમાંસાના સવાલો અને શાળાકીય જ્ઞાન સાથેના ગહન સંયોજન માટે વધારે ધ્યાન આપવાની જરૂર છે. શિક્ષકો વિષય-વસ્તુને સમીક્ષાત્મકરીતે મૂલવી શકે તે માટે તેઓને તૈયાર કરવાની જરૂર છે- કોઈ વિદ્યાશાખાના માળખામાં રહીને તેમ જ આંતર-વિદ્યાશાખાકીય માળખામાં રહીને આ કામ થઇ શકે .

અભ્યાસપ્રક્રિયાનો સામાજિક સંદર્ભ, શિક્ષણના હેતુઓ, ભારતમાં શિક્ષણની ભાવિ-દિશા, ઓળખ, વૈવિધ્ય અને એકતા, પ્રશિક્ષણકારના વિચારો, શાંતિનો સંદેશ, શાળાકીય આરોગ્ય અને તંદુરસ્તી, બાળ-હક્કો, સ્વ-વિકાસ અને એક શિક્ષક તરીકેની મહત્વાકાંક્ષાઓ-આ બધી બાબતો શાળા-શિક્ષણના તમામ તબક્કાઓ માટે શિક્ષક-પ્રશિક્ષણનું હાર્દ છે.

એવો પ્રયત્ન થઇ રહ્યો છે કે સમગ્ર શિક્ષક-શિક્ષણનો અભ્યાસક્રમ એક સંગઠિત અને સંકલિત એકમ બને

આ તમામ અભ્યાસક્રમના ક્ષેત્રોના વિસ્તૃત મુદ્દાઓ, તેઓ જે શીખવાની પ્રક્રિયાના અનુભવો પૂરા પાડે છે તેનો નિર્દેશ કરે છે અને જે તકો તેઓ શિક્ષકના વ્યાવસાયિક વિકાસ, ક્ષમતા-નિર્ધારણ માટે, કૌશલ્યો અને સમજ માટે પૂરી પાડે છે તેનો પણ નિર્દેશ કરે છે. આ મુદ્દાઓ વ્યાપક સ્વરૂપમાં આપવામાં આવ્યા છે જેથી તેઓને સૂચિત અભ્યાસક્રમ કે કોર્ષના મથાળાઓ તરીકે લેવાય નહિ. જે તે સંજોગોને અનુરૂપ અભ્યાસક્રમ અને કોર્ષની રચનામાં આ મુદ્દાઓ મૂળભૂત અને પાયાના ખ્યાલોને આધાર આપે છે. એક કે બે વિષય સાથે બે કે ચાર વર્ષના કોર્ષના મૉડેલના સ્વરૂપ અંગેના સવાલો વિશે જે તે રાજ્યોની પરિસ્થિતિને આધારે વિચારવું પડશે.

જો કે આ માળખું શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષની રચનામાં શાળાના વિષયો કરતાં ભાષા, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનની બાબતમાં સ્પષ્ટ અભિગમ ધરાવે છે. શાળા ઈન્ટર્નશીપમાં તાલીમાર્થી પોતાની પસંદગીનો વિષય લઇ શકે તેવું માળખું હોવું જોઈએ. શિક્ષક અને શિક્ષક-પ્રશિક્ષણના વિઝનમાં સમાવિષ્ટ મૂળભૂત સિદ્ધાંતો વ્યક્ત થતા હોય તે રીતે અનેકવિધ પરિસ્થિતિલક્ષી અભ્યાસક્રમ અને કોર્ષની અપેક્ષા રાખવામાં આવે છે. સેવારત શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટેની તાલીમ માટેના કાર્યક્રમો પણ સૂચિત અભ્યાસક્રમના ક્ષેત્રોમાં નિર્દેશિત થયા મુજબ ઘડી શકાય છે.

આ સૂચિત પ્રક્રિયામાં જે તાલીમના સમયપત્રકનો સમાવેશ કરવામાં આવશે તે મુજબ પ્રશિક્ષકને નિયમિત શિક્ષકની જેમ કોઈ એક શાળામાં લાંબા ગાળાની અવધી માટે કાર્ય કરવાનું રહેશે અને સાથે સાથે સંસ્થા તાલીમાર્થીના એક શિક્ષક તરીકેના અનુભવોનું વિશ્લેષણ કરીને તેને મદદરૂપ થશે . લાંબા ગાળા માટે શાળા સંસર્ગ અને વિદ્યાર્થી સાથેના સંપર્કને લીધે પ્રશિક્ષકને જયારે જેના વિશે તૈયારી ન કરી હોય તેવા અનઅપેક્ષિત સંજોગો ઊભા થાય ત્યારે શું કરવું તેની તાલીમ આપે છે. સામાન્ય રીતે આવા સંજોગો વિદ્યાર્થી સાથે આંતરક્રિયા વખતે થાય છે. વિદ્યાર્થી વિકાસના સામાન્ય મૉડેલમાં તેઓનો ઉલ્લેખ થતો નથી.

નીચેનો ફ્લો-ચાર્ટ સમર્થ કોર્ષની સાથે અભ્યાસક્રમના મુખ્ય ક્ષેત્રો દર્શાવે છે.

ત્યારબાદ પાયાગત સિદ્ધાંત અને દરેક મુખ્ય ક્ષેત્ર માટે અભ્યાસક્રમની જોગવાઈ અંગેના વિધાન આપવામાં આવ્યા છે.

## ફ્લો ચાર્ટ - 1

શિક્ષક-પ્રશિક્ષણનો કાર્યક્રમ: અભ્યાસક્રમના ક્ષેત્રો



## ૨.૨ અભ્યાસક્રમના ક્ષેત્ર-અ.: શિક્ષણના  પાયા

### ૨.૨.૧ *વિદ્યાર્થી અભ્યાસ:*

બાલ્યાવસ્થા, *બાળક અને કિશોરાવસ્થા વિકાસ અને અભ્યાસ*

તર્ક

વિદ્યાર્થી-અભ્યાસને  બાલ્યાવસ્થા, બાળવિકાસ અને કિશોરાવસ્થાના અભ્યાસના પ્રથમ વ્યવસ્થિત પરિચયના રૂપમાં જોવામાં આવે છે.    તાલીમાર્થી  શિક્ષકોએ અલગ અલગ વયના બાળકો સાથે હળીમળીને અને તેઓનું વિવિધ સામાજિક  , આર્થિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં અવલોકન કરીને તેઓને સમજવાના હોય છે અને તેઓ સાથે સંકલન સાધવાનું હોય છે. આ કામ બાળ મનોવિજ્ઞાનના સિદ્ધાંતો વાંચીને કરવાનું નથી. આ અભ્યાસમાં ભારતમાં બદલાતી જતી સામાજિક પરિસ્થિતિમાં જીવી રહેલા કિશોરોના મનો-વિશ્વનો અભ્યાસનો સમાવેશ થાય છે. શિક્ષકો          બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થાના સામાજિક ઘડતરના કાર્યમાં જોડાય તે પણ આટલું જ જરૂરી છે.   બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થાના સામાજિક ઘડતરની સ્થિતિ અને વિકાસ સાથે વિવિધ સામાજિક-સાંસ્કૃતિક અને રાજકીય પરિમાણો સંકળાયેલા છે.

આ ક્ષેત્રોના  પાયાના  અભ્યાસમાં વિકાસ લક્ષી  ઘડતર અને મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો અને વ્યાપક સામાજિક-રાજકીય પરિસ્થિતિ જેમાં બાળકોનો ઉછેર થાય છે અને વિકાસ પામે છે તેઓની વચ્ચે જોડાણ સાધવાનો સમાવેશ થાય છે. વિવિધ પરિસ્થિતિઓમાં બાળ વિકાસની સમજ કેળવવા એ જરૂરી છે કે પ્રશિક્ષકને વર્ગખંડના વૈવિધ્ય સામે કામ પાર પાડવા અને   સમાવેશી  માળખામાં રહીને શિક્ષણ આપવા સજ્જ કરવા જોઈએ. ઉચ્ચતર માધ્યમિક સહિત તમામ શાળા        કક્ષાના  શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષની રચના એવી રીતે થવી જોઈએ કે તેમાં અવલોકન અને વિકાસની પ્રક્રિયાને એક સતત ચાલતી પ્રક્રિયા તરીકે જોવાના  હેતુથી નાના બાળકોના અભ્યાસનો સમાવેશ થાય.

આના માટે યોગ્ય તક , સમાજશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં થયેલ સંશોધન અને ચાવીરૂપ મુદ્દાઓ આધારિત કોર્ષની રચના દ્વારા પૂરી પાડી શકાય છે.

વિવિધ વય-સમૂહના બાળકોની સમસ્યાઓ સમજવી અને તેઓના કુદરતી અને સામાજિક

ઘટનાઓના અવલોકનને સમજવા, બાળકોની વિચાર-પ્રક્રિયા અને સમજવાની પ્રક્રિયાને સમજવી અને બાળકોને ધ્યાનપૂર્વક અને સહાનુભૂતિપૂર્વક કેમ સાંભળવા તે શીખવું-આ તમામ બાબતો વિદ્યાર્થી-હિતેચ્છુ શિક્ષકના ઘડતર માટેની પૂર્વ-શરતો છે. આ કાર્ય શિક્ષકને એ સમજવામાં મદદરૂપ થાય છે કે અભ્યાસ એ રેખીય પ્રક્રિયા નથી પરંતુ તેમાં અનેક ફાંટાઓ હોય છે અને તે સ્વભાવે સર્પાકાર ચાલતી પ્રક્રિયા છે, અને અનેકવિધ સંજોગો(રોજબરોજની ઘટનાઓ સહિત)માં શક્ય બને છે. અભ્યાસને લગતા વ્યાપક સિદ્ધાંતોના માત્ર અભ્યાસથી આ સમજ અને દ્રષ્ટિકોણ કેળવી શકાતો નથી.

દરેક બાળકને એ બાબતે સજાગ કરવાનું હોય છે કે સ્વસ્થ  અને રોગમુક્ત જીવન ખૂબ અગત્યની બાબત છે. આરોગ્ય અને તંદુરસ્ત જીવન માટે ઉપયોગી આદતોના વિકાસ પ્રત્યે જાગૃતિ કેળવવાની તાતી જરૂર છે. એવું સૂચવવામાં આવ્યું છે કે આરોગ્ય-વિષયક શિક્ષણ અને આરોગ્યની જાગૃતિ વિશે સર્વ-સમાવેશી , પદ્ધતિસરના અને વૈજ્ઞાનિક અભિગમવાળા મુદ્દાઓનો શિક્ષક-પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં સમાવેશ થવો જોઈએ. આ સામગ્રીમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ: પોષણ, વ્યક્તિગત અને પર્યાવરણીય આરોગ્ય, કૌટુંબિક અને શાળાકીય સ્તરે તંદુરસ્તી, રોગ અટકાવ, અને અંકુશ (એચ.આઈ.વી./એઈડ્ઝ સહિત), માનસિક તંદુરસ્તી, અકસ્માત નિવારણ, આરોગ્ય જાગૃતિ, આરોગ્ય-સેવાઓનો ઉપયોગ, શારીરિક તંદુરસ્તી અને રમતગમત.

*અભ્યાસક્રમ જોગવાઈ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક:*

**સૈદ્ધાંતિક કોર્ષ કાર્ય : વિદ્યાર્થી શિક્ષકને સૈધાંતિક ખ્યાલો અને ફ્રેમ વર્કમાં કાર્યરત રાખવા માટેના અભ્યાસક્રમના 2 થી 3 સિદ્ધાંતો મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન અને સમાજશાસ્ત્રના પાયારૂપ ખ્યાલો અને સંશોધન પર રચાયેલા છે. આ કોર્ષમાં બાળવિકાસ અને તરુણાવસ્થાના વિકાસના સિદ્ધાંતો, સામાજીકરણની પ્રક્રિયા અને સંદર્ભ, સામાજિક અને ભાવનાત્મક વિકાસ, આત્મ-ઓળખ, બોધાત્મક અને શીખવાની પ્રક્રિયા, ભાષા ગ્રહણ અને - , બાલ્યાવસ્થાની સંરચના અને શાળા-સ્વાસ્થ્ય અને શારીરિક સ્વાસ્થ્ય તથા સર્વ-સમાવેશી શિક્ષણના સિદ્ધાંતોને ધ્યાનથી વાંચવાના છે . તથા દરેક સૈદ્ધાંતિક કોર્ષમાં આંતરિક રીતે સંમિલિત હોય તેવા ફીલ્ડ-વર્ક આધારિત એકમો હોવા જોઈએ જે પ્રોજેક્ટ અને એસાઇનમેન્ટને આવરી લે જેમ કે-બાળકો અને તરૂણો સાથે આંતરપ્રક્રિયા અને અવલોકનો; તેઓના પ્રાકૃતિક અને સામાજિક ઘટના વિશેના ખ્યાલો અને જ્ઞાન; શાળા સ્વાસ્થ્યને લગતી ઘટનાઓના પરીક્ષણ અને સંબંધિત સામાજરચના**

*પ્રાયોગિક કોર્ષ કાર્ય:*

આનો હેતુ વિવિધ **વયના** અને વિવિધ પર્યાવરણમાંથી આવતા બાળકોનો પ્રત્યક્ષ અનુભવ આપવાનો અને તેઓ સિદ્ધાંત અને ફીલ્ડવર્ક વચ્ચે સેતુ સ્થાપી શકે તે માટે સક્ષમ બનાવવાનો છે. વિદ્યાર્થી શિક્ષકને એવી તકો પૂરી પાડવી જોઈએ જેમાં તે ભણવાનું શરૂ કર્યું હોય તેવા બાળકો અને શેરીમાં ઉછરેલા બાળકો સાથે સમય વિતાવે અને આંતરક્રિયા કરે, તેઓ માટે સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરે જેથી તેઓ સાથે જોડાઈ શકે અને સંબંધો વિકસાવી શકે. વિકાસ સંબંધિત સિદ્ધાંતો અને રચનાત્મક કાર્ય સાથે કાર્ય કરતી વખતે તેઓ બાળકો સાથેના પોતાના અનુભવો વર્ગખંડમાં ચર્ચા માટે મૂકી શકે છે જે વિચારોની આપ-લે માટે પ્રેરક બનશે, સિદ્ધાંતની યોગ્યતાની ચકાસણી કરશે અને તેઓ નવા નવા વિચારો વ્યક્ત કરતા થશે.

વ્યક્તિગત અને સામૂહિક રીતે કરવામાં આવતાં ફીલ્ડ આધારિત અસાઈનમેન્ટ કે જેની વર્કશોપ અને સેમિનારમાં રજૂઆત કરવામાં આવનાર હોય તેનો ઉપયોગ કરીને ખાસ પ્રાયોગિક કાર્યવાળા કોર્ષની રચના પણ કરી શકાય જેને લીધે પ્રશિક્ષક-

- અલગ અલગ ઉંમરના બાળકો અને તરૂણોનું શાળામાં અને શાળા બહાર જુદાં જુદાં સામાજિક, આર્થિક, ભાષાકીય અને પ્રાદેશિક પરિપ્રેક્ષ્યમાં અવલોકન કરી શકે અને તેઓ સાથે આંતરક્રિયા કરી શકે.
- તરુણો સહિત તમામ ઉંમરના બાળકોની વૈચારિક પ્રક્રિયા અને અધ્યયન પ્રક્રિયાનું અવલોકન કરી શકે.
- તેઓના વિચારો, સવાલો, કુદરતી અને સામાજિક ઘટનાઓના અવલોકન ક્રમને ચકાસી શકે જેથી કરીને વિકાસની પ્રક્રિયાને એક સતત પ્રક્રિયા તરીકે મૂલવી શકાય.

### ૨.૨.૨ સમકાલીન અભ્યાસ

#### (એ) સમાજમાં શિક્ષક અને શીખનાર

## પાયારૂપ તર્ક

વિદ્યાર્થીના વ્યક્તિગત મનોવૈજ્ઞાનિક લક્ષણો પર વધારે પડતા ભારને બદલે હવે તેના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય સંજોગો પર ધ્યાન આપવાની જરૂર છે. વિવિધ વિદ્યાશાખાઓ જેવી કે સમાજશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્રમાંથી લીધેલા ખ્યાલો દ્વારા સમકાલીન ભારતીય સમાજના પાસાઓનો ઊંડો અભ્યાસ કરવાની જરૂર છે. આ મથાળા હેઠળના કોર્ષ સંભવિત રીતે ભારતના બહુવિધ લક્ષણો સંબંધિત મુદ્દાઓ અને સમસ્યાઓનો અભ્યાસ કરવાની તક આપે છે-જેવા કે ભારતનું વૈવિધ્ય, ઓળખના પ્રશ્નો, લિંગ,ઐક્ય, ગરીબી અને વિવિધતા. આ કોર્ષ શિક્ષકને શિક્ષણને સંદર્ભલક્ષી બનાવવા અને સમાજ અને માનવી સાથેના તેના સંબંધો અને હેતુઓની ઊંડી સમજ વિકસાવવામાં મદદરૂપ થાય છે. વર્ગખંડને સમાજના એક નાના સ્વરૂપ તરીકે સમજવો એ અગત્યની બાબત છે કારણ કે તે આંતરવ્યવહાર, ચર્ચા અને આપેલ મુદ્દાઓ પરના વિવિધ દ્રષ્ટિબિંદુની સમીક્ષા માટેની તકો માટેનો પાયો તૈયાર કરી આપે છે.

માનવ હકો અને બાળ હકો વિશેની જાગૃતિ શિક્ષકને વિશેષ રીતે સક્રિય દ્રષ્ટિબિંદુથી અને આ હકોના પોતે એક રક્ષક છે તેવી ભાવના પેદા કરે છે.માનવીય હકોના સન્માનને એ સંજોગો કે સંદર્ભથી અલગ કરીને જોઈ શકાય નહિ જે સંજોગો કે સંદર્ભમાં તેઓનું જતન કરવાનું છે-દા:ત: બંધારણીય જોગવાઈ (દા:ત: અનામત, શિક્ષણનો હક્ક)થી શરૂ કરી સંસ્થાકીય વાતાવરણ કે જે સમાજ, રાષ્ટ્ર અને વૈશ્વિક સ્તરે વિસ્તરેલું છે. શિક્ષકે બાળકોના હકો પ્રત્યે, બાળ-હક્ક રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની ભૂમિકા પ્રત્યે અને લૈંગિક સમાનતા અને તેના સામાજિક પરિવર્તન માટેના સૂચિતાર્થ પ્રત્યે જાગૃત રહેવું જોઈએ. પર્યાવરણીય શિક્ષણની સમીક્ષાત્મક સમજ પણ હકોની સમજ સાથે સંકળાયેલી જ છે કારણ કે તે લોકશાહીયુક્ત સામાજિક વ્યવસ્થા ટકાવી રાખવા શિક્ષણની ભૂમિકાનું સમર્થન કરે છે.

## ***અભ્યાસક્રમ જોગવાઈ: સૈદ્ધાંતિક કોર્ષ કાર્ય:***

એક કે બે કોર્ષ જે અભ્યાસ કરનારને સામાજિક વિજ્ઞાનના ખ્યાલો અને સમકાલીન ભારતના સમાજ વિશેના અગત્યના મુદ્દાઓથી પરિચિત કરે. સામાજિક વિજ્ઞાનની વિદ્યાશાખાઓમાંથી લેવાયેલ મુદ્દાઓ(ખ્યાલો) જેવા કે માનવ સભ્યતા અને લોકશાહી , રાષ્ટ્ર-રાજ્ય, બંધારણીય મૂલ્યો અને જોગવાઈઓ, સંસ્કૃતિ અને સમાજમાં વર્ગ-વિભાજન વગેરે એક શિક્ષકને વિશ્લેષણના સાધનોથી અને સામાજિક વાસ્તવિકતાની સમજથી સજ્જ કરે છે. સમકાલીન ***ભારતીય સમાજના મુદ્દાઓ***

***અને સમસ્યાઓનો અભ્યાસ:*** બહુવિધ સંસ્કૃતિ , ઓળખ, લિંગ, ઐક્ય, ગરીબી અને વૈવિધ્ય વગેરે અંગેના સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય સંદર્ભ પૂરા પાડે છે જે શિક્ષણ અને શૈક્ષણિક-કાર્યને સ્થાનાંકિત કરે છે. આ બાબત સંભવિત રીતે પ્રશિક્ષકને વર્ગખંડને એક સામાજિક સંદર્ભ તરીકે સમજવામાં મદદરૂપ થાય છે-જે સમાજમાંથી વિદ્યાર્થી અને શિક્ષક આવે છે. તે આંતરપ્રક્રિયા , ચર્ચા અને આપેલ મુદ્દાઓ પરના વિવિધ દ્રષ્ટિબિંદુની સમીક્ષા માટેની તકો માટે પાયો તૈયાર કરી આપે છે.

દરેક કોર્ષમાં એક આંતરિક રીતે સમાવિષ્ટ કાર્ય આધારિત અભ્યાસ એકમ હશે. તાલીમાર્થી શિક્ષકો જયારે અનામત જેવી સામાજિક સમાનતા લાવનારી નીતિઓનો અભ્યાસ કરે છે , અને લોકોના અનુભવો મેળવે છે અને નીતિઓ અને સિદ્ધાંતો ચકાસે છે ત્યારે તેઓ ફીલ્ડ મુલાકાતો દ્વારા ભારતીય સમાજના બહુમુખી ચહેરાનો અભ્યાસ કરે છે. આવી અધ્યાપન પ્રક્રિયા દ્વારા અનુભવ અને સિદ્ધાંત વચ્ચેનો સંબંધ શોધી કાઢવાની જવાબદારી પ્રશિક્ષક એકલા પર નથી હોતી. આવા સંબંધો જાણવા માટેના શિક્ષક-પ્રશિક્ષણના કાર્યક્રમોની રચનામાં માળખાગત રીતે આવા અભ્યાસ માટે અવકાશ આપવામાં આવે છે.

પ્રશિક્ષક એવા પ્રોજેક્ટ પણ હાથ પર લઇ શકે જેમાં ચોક્કસ પ્રક્રિયા જાણવાની હોય , દાખલા તરીકે, કોઈ એક ઉપભોગની વસ્તુ-તેના કાચા સ્વરૂપથી માંડીને તૈયાર સ્વરૂપમાં પ્રાપ્ય થાય છે અને ભૌગોલિક, અર્થશાસ્ત્રીય, ઐતહાસિક, સામાજિક પરિબળો જે તેના પર એક યા બીજી રીતે અસર કરતા હોય તેનો અભ્યાસ. આ પ્રોજેક્ટને કાર્યશાળા , સેમિનાર, સમુહચર્ચા દ્વારા(જેમાં અભ્યસ્ત સિદ્ધાંતના ખ્યાલો અને મુદ્દાઓ ચર્ચી શકાય) પૂરક ટેકો આપી શકાય.

***(બી) લિંગ, શાળા અને સમાજ***

***તર્ક :***

શિક્ષક-પ્રશિક્ષણ દ્વારા લિંગ આધારિત દ્રષ્ટિબિંદુના વિકાસમાં એ જરૂરી છે કે એક એવો અભિગમ અપનાવવામાં આવે જે માત્ર લૈંગિક સિદ્ધાંતનો વ્યવસ્થિત અભ્યાસ જ નહિ પરંતુ આ સંદર્ભમાં શિક્ષકોની સમાજમાં સ્થિતિ અને તેને આધારિત ભૂમિકાના કાર્યનો પણ સમાવેશ કરે. તાલીમાર્થી

શિક્ષકે, પ્રાપ્ય સાહિત્યનો પણ અભ્યાસ કરવો જોઈએ જેથી તે લૈંગિક **દ્રષ્ટિબિંદુ**થી લોકશાહી અને શિક્ષણ **વચ્ચેના** સંબંધ સમજી શકે. શિક્ષકને આવા કોર્ષમાં એ અવકાશ પૂરો પાડવો જોઈએ કે જેથી તે સિદ્ધાંતો અને વાસ્તવિક જીવનની પરિસ્થિતિ વચ્ચે સંબંધ પ્રસ્થાપિત કરી શકે. આના માટે સિદ્ધાંતોનો સઘન અભ્યાસ , ઊંડું અવલોકન અને ફીલ્ડમાં પ્રવર્તતી વાસ્તવિકતાનું વિશ્લેષણ જરૂરી બને છે. આને લીધે આપેલ પરિસ્થિતિમાં શિક્ષકની ખ્યાલ-નિર્ધારણની ક્ષમતા વિકસે છે.

***અભ્યાસક્રમમાં જોગવાઈ:***

એક એવો કોર્ષ જેમાં આ મુદ્દાઓ સમાવિષ્ટ હોય: લૈંગિક અભ્યાસમાં સૈદ્ધાંતિક **દ્રષ્ટિબિંદુ**, વ્યક્તિત્વ અને સ્વ અંગેના સવાલો, સમાજમાં પોતાના સ્થાન અંગેની વિચારણા, લૈંગિક **દ્રષ્ટિબિંદુ**થી અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકની સમીક્ષા, વિદ્યાશાખાકીય અભ્યાસની વિવેચનાત્મક સમીક્ષા, શાળા સંસ્કૃતિનું વિશ્લેષણ, વ્યવસાયલક્ષી શિક્ષણ અંગેની ચર્ચામાં સામેલગીરી, અધ્યાપન વ્યવસાયને સ્ત્રી કેન્દ્રી બનાવવો જેમાં પરિવર્તન લાવવા માટેની વ્યૂહરચના જે મુદ્દાઓ સામેલ હોય. વાસ્તવિક અનુભવો જે પાઠ્યપુસ્તકોની સમીક્ષા દ્વારા, અભ્યાસક્રમના માળખામાં દ્વારા લૈંગિક દ્રષ્ટિથી અભ્યાસક્રમ આધારિત પુસ્તકો, એવી વિપુલ તકો પૂરી પાડે છે જે વિવેચનાત્મક **દ્રષ્ટિબિંદુ** વિકસાવે છે. જાતિના અભ્યાસ માટેના કોર્ષમાં આ બાબતો આંતરિક રીતે સમાવિષ્ટ હોય તેવા ફીલ્ડ-કાર્ય આધારિત એકમોનો સમાવેશ થવો જોઈએ.

આ કોર્ષ લૈંગિક સિદ્ધાંતો અને રચના પર ઘણો પ્રકાશ ફેંકે છે, તેમ છતાંય બાકીના બધા કોર્ષમાં બાળક અને તરૂણનો વિકાસ સમજવા અને સમાજ, સંસ્કૃતિ, ઐક્ય અને વૈવિધ્ય સમજવા માટે લૈંગિક **દ્રષ્ટિબિંદુ**નો અભ્યાસ જરૂરી છે.

### ૨.૨.૩ શૈક્ષણિક અભ્યાસ

(એ) ***શિક્ષણ, જ્ઞાન અને મૂલ્યોના હેતુઓ***

***પાયારૂપ તર્ક***

શિક્ષણના પાયારૂપ મુદ્દાઓ જેવા કે શિક્ષણનો અર્થ, અભ્યાસક્રમ, અધ્યાપન, અધ્યયન અને શાળા વગેરે ની એવી રીતે ચર્ચા થવી જોઈએ કે ભવિષ્યમાં આ વિષયોની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક બાબતો પરની ઉચ્ચ કક્ષાની ચર્ચા માટેની  ભૂમિકા તૈયાર થાય. એવા કેટલાંક અર્થસભર તાત્વિક સવાલો જે સમકાલીન શિક્ષણ અંગેની ચર્ચામાંથી બાકાત છે તે મૂળભૂત હેતુઓ અને મૂલ્યો વિશે છે, જે વર્તમાન શિક્ષણ નીતિ અને કાર્ય પ્રણાલીનો બૌદ્ધિક પાયો તૈયાર કરે છે. તાલીમાર્થી શિક્ષકે આ મુદ્દાઓ સાથે કામ કરતા એ સમજી લેવું જોઈએ કે શિક્ષણ અંગેની ચર્ચા ક્યારેય તટસ્થ હોઈ શકે નહિ.
તે હંમેશાં અમૂક શૈક્ષણિક મૂલ્યોને જ મહત્ત્વ આપે છે જયારે અન્યને હાંસિયામાં ધકેલી દે છે.

સાચું શિક્ષણ એ છે કે જેમાં માનવીના સર્વાંગી વ્યક્તિત્વનો વિકાસ થાય-
બૌદ્ધિક, શારીરિક, ભાવનાત્મક, સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક. મૂલ્ય આધારિત શિક્ષણ માટે શાંતિ એક સર્વગ્રાહી સિદ્ધાંત આપે છે. શાંતિ માટેનું શિક્ષણ એ જીવન માટેનું શિક્ષણ છે , નહિ કે માત્ર રોજગાર માટેની તાલીમ. શાંતિ માટેના શિક્ષણનો ધ્યેય એ છે કે વ્યક્તિઓને મૂલ્યો , આવડત, અને હકારાત્મક વૃત્તિઓ તરફ વળવા  જેથી તેઓ પૂર્ણ માનવી બને અને પોતાની સાથે અને અન્ય સાથે સંવાદિતાથી રહે અને જવાબદાર નાગરિક બને. સામાજિક-ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ચકાસાયેલા ગાંધી, ટાગોર, ડ્યુઈ, કૃષ્ણમૂર્તિ, મોન્ટેસરી અને અન્ય મહાનુભાવોના શિક્ષણ અંગેના વિચારો આ સવાલો વિશે વિચારવા માટે એક તાત્વિક આધાર પૂરો પાડશે.

***અભ્યાસક્રમ જોગવાઈ: સૈદ્ધાંતિક  સૈદ્ધાંતિક કોર્ષ કાર્ય :***

એક કે બે કોર્ષ જે દર્શનશાસ્ત્રીઓના શિક્ષણ વિશેના વિચારો , સિદ્ધાંત રચનાઓ, જે શિક્ષણના હેતુઓ વિશેના મુદ્દાઓ પર ચર્ચા અને સવાલો પેદા કરે અને જ્ઞાનમીમાંસાના પ્રશ્નોમાં મદદરૂપ થાય.
તાત્વિક અને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિએ જ્ઞાન , નૈતિકતા અને મૂલ્યોની ચકાસણી ; ભારતમાં શાળા શિક્ષણની સ્થિતિ , સમસ્યાઓ અને ચિંતાઓ ; રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિના શિક્ષણનું માળખું અને અગત્ય; શાળા સંસ્કૃતિનો અભ્યાસ અને શાળા એક અધ્યયનની સંસ્થા તરીકેનો અભ્યાસ વગેરે વિવેચનાત્મક એકમો રાખી શકાય. વ્યાખ્યાન અને ચર્ચા સિવાય , મૂળભુત લખાણોનું ગહન વાંચન, સેમિનાર/ટર્મ પેપરની રજૂઆત અને અભ્યાસક્રમમાંથી પસંદ કરાયેલા એકમના સ્વ-અધ્યયનને પ્રોત્સાહન આપવું.

*(બી) એક શિક્ષક તરીકે પોતાનો અને પોતાની મહત્વાકાંક્ષાનો વિકાસ*

*પાયારૂપ **તર્ક***

તાલીમાર્થી શિક્ષકે પોતાના વ્યક્તિત્વ અને ઓળખ , માનવીય સંબંધો, નાના-મોટા વચ્ચેનું વૈચારિક અંતર, ધારણાઓ, માન્યતાઓ અને વૃત્તિઓને લગતા મુદ્દાઓનો અભ્યાસ કરવો જોઈએ. તેઓએ નીતિમત્તા અને મૂલ્યોના અર્થ વિશે સંશોધન કરવું જોઈએ ; ડર અને વિશ્વાસની લાગણીને સમજવી જોઈએ અને તેનું અવલોકન કરવું જોઈએ , અને આની વ્યક્તિગત અને સામાજિક વલણો પર કેવી અસર પડે છે અને સ્પર્ધા અને સહકારના વલણો પર કેવી અસર પડે છે તે શોધવું જોઈએ; વ્યક્તિગત અને સામાજિક જીવન પર આ વલણોની કેવી અસર પડે છે તેનું અવલોકન અને વિશ્લેષણ કરવું જોઈએ; સાંભળવાની ક્રિયા, ધ્યાન આપવાની ક્રિયા અને સમાનુભૂતી, બાળકો સાથેના સંબંધ સ્થાપનમાં શિક્ષકની ભૂમિકા અને પ્રત્યાયનકાર સાથેની ભૂમિકા પર પોતાના જીવનના ધ્યેયો, પોતાની ક્ષમતાઓ અને મર્યાદાઓ અને વ્યક્તિત્વના ઘડતરના ગતિતંત્રની ઊંડી સમજ સમર્થ શિક્ષકનું નિર્માણ કરે છે જે સમાનતા , લોકશાહી અને સામાજિક ન્યાય પ્રત્યે સંવેદનશીલ બને છે.

***અભ્યાસક્રમ જોગવાઈ: સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કાર્ય સૈદ્ધાંતિક કોર્ષ કાર્ય:***

એક એવો કોર્ષ જેમાં ***સૈદ્ધાંતિક*** બાબતો સાથે સાંકળતી એવી કાર્યશાળા હોય જેમાં સર્જનાત્મક નાટકો , થિએટર અને વ્યક્તિત્વ -વિકાસ સાથે સંકળાયેલ નિષ્ણાતોના સૂચનો અને માર્ગદર્શન હોય. આવો કોર્ષ શીખનારને કોઈ ડર વગરના અને પૂર્વગ્રહ વગરના વાતાવરણમાં શીખવાની તક આપે છે જેથી કરીને તેઓ સમાજમાં પોતાની સ્થિતિ વિશે આરામથી ચિંતન કરી શકે. પોતાના વ્યક્તિત્વને લગતા મુદ્દાઓનો સૈદ્ધાંતિક અભ્યાસ , આંતર-વૈયકિતક સંબંધો , નાના મોટા વચ્ચેનું વૈચારિક અંતર, વ્યક્તિગત અને સામાજિક ઘડતર , શાળા એક સંઘર્ષ અને સામાજિક પરિવર્તનના સ્થળ તરીકે; વ્યક્તિત્વ ઓળખના વિકાસ માટેની પૂરક કાર્યશાળા; પોતાની ક્ષમતા અને મર્યાદાઓની સમજ અને સામાજિક સંવેદનાનો વિકાસ ; અને સમજપૂર્વક અને સહાનુભૂતિપૂર્વક સાંભળવાની ક્ષમતા વગેરેનો સૈદ્ધાંતિક અભ્યાસ કરી શકે છે.

***પ્રાયોગિક કાર્ય કોર્ષ:***

તાલીમાર્થી શિક્ષકે પોતાના બાળપણના અનુભવો , વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓ અને શિક્ષક બનવાની મહત્વાકાંક્ષા, જાતિ અને ઓળખ અને વ્યક્તિગત , કૌટુંબિક અને સામાજિક સંઘર્ષ જેવા મુદ્દાઓ પર

પોતાના વિચારો સાથે સંકળાયેલા રહેવું જોઈએ.આવું નાટકો , કળા, સંગીત અને કારીગરી જેવા ક્ષેત્રો પરના વર્કશોપ દ્વારા સૌથી સારી રીતે તે થઇ શકે. તેઓને બદલાતા સૈદ્ધાંતિક અને પ્રાયોગિક માળખામાં વાસ્તવિક સંજોગોની સમીક્ષા માટે અવલોકનોને નોંધવા અને વિશ્લેષણ કરવા માટે પ્રોત્સાહિત કરવાની જરૂર છે.

## ૨.3 અભ્યાસક્રમનું ક્ષેત્ર-બી: અભ્યાસક્રમ અને પદ્ધતિશાસ્ત્ર

### ૨.3.૧ અભ્યાસક્રમનો અભ્યાસ

*(એ) જ્ઞાન અને અભ્યાસક્રમ*

***પાયારૂપ તર્ક***

એ ખરેખર અગત્યનું છે કે ભાવિ શિક્ષકોએ સામાન્ય શિક્ષણ દ્વારા મેળવેલ ખ્યાલગત જ્ઞાન સાથે તેઓને જોડી રાખવા. મોટાભાગના શિક્ષક-પ્રશિક્ષણ અભ્યાસક્રમો વિષયોના સ્વતંત્ર શિક્ષણના પદ્ધતિશાસ્ત્ર પર ભાર મૂકે છે. એવું માની લેવામાં આવે છે કે શિક્ષક પાસે જે તે વિષયનું જ્ઞાન હોય જ છે અને તે જરૂરિયાત અનુસાર તે જ્ઞાન પીરસી શકે છે. આથી શિક્ષક-પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં વિષયના જ્ઞાનને પ્રાધાન્ય આપવામાં આવતું નથી. જો કે જો આપણે પ્રશિક્ષકને યોગ્ય રીતે જે તે વિષયવસ્તુમાં તાલીમબદ્ધ કરવા અને તેના દ્રષ્ટિબિંદુમાં સુધારો કરવા માંગતા હોઈએ તો જે તે વિષયના મુદ્દાઓ જે તેઓ શાળા અને કોલેજમાં ભણ્યા હોય તે ફરી યાદ કરાવી અને નવેસરથી તેઓની પુનર્રચના કરવી જોઈએ. આ કોર્ષનો હેતુ પ્રશિક્ષકને જ્ઞાન, અધ્યેતા અને અધ્યયન માટેની જ્ઞાનમીમાંસાત્મક અને આદર્શવાદી ધારણાઓથી અવગત કરવાનો પણ છે.

મોટાભાગનું શિક્ષણ ઘરે અને આસપાસના માહોલમાં અને ભારતના ગ્રામ્ય અને વન્ય વાતાવરણમાં શાળા, બાળકને માળખા ગત રીતે અલગ જ વાતાવરણ પૂરૂ પાડે છે. શાળાએ બાળકના ઘરના અને સમાજના અનુભવો અને શાળા દ્વારા પૂરા પડાતાં અનુભવો વચ્ચે એક અગત્યની કડી ઊભી કરવી જોઈએ.

***અભ્યાસક્રમ જોગવાઈ: સૈદ્ધાંતિક***

***સૈદ્ધાંતિક કોર્ષ કાર્ય:***

ચાર થી છ કોર્ષ, જેમાં યથા પ્રસંગ  દસ વત્તા બે અને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાંથી એકમો લેવામાં આવ્યા હોય જે મુખ્ય વિષયો જેવા કે ગણિત , ભાષાઓ, સામાજિક વિજ્ઞાન અને પ્રાકૃતિક વિષયોમાંથી લેવામાં આવ્યા હોય. પ્રશિક્ષકે  અગાઉના ઔપચારિક શિક્ષણમાં શીખવામાં આવેલા મુદ્દાઓને પુનરાવર્તિત કરવા જોઈએ અને તેનું પુનર્ગઠન કરવું જોઈએ અને આ માટે કેટલીક વ્યવહારૂ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. આને લીધે કેટલાંક મુખ્ય ખ્યાલો અને અન્ય ખ્યાલો સાથે ઊંડું સંયોજન સધાય છે અને તેથી કેટલીય ખોટી ધારણાઓ ધ્યાનમાં આવે છે અને સ્પષ્ટતાને અવકાશ રહે છે.

*શાળા અભ્યાસક્રમની સમજ:*

અભ્યાસક્રમની રચનાનો અને વિષયવસ્તુની પસંદગીનો દાર્શનિક અને વૈચારિક પાયામાં અભ્યાસક્રમ, તેની રચના , અને પાઠ્યપુસ્તકોની સમીક્ષા , અભ્યાસક્રમ વિશે ચર્ચા વિચારણા કરવી; શાળાના જ્ઞાનને સમાજ સાથે જોડવું ; શાળા જ્ઞાનને સંદર્ભ આપવા, પાઠ્યપુસ્તકોની ચકાસણી કરવી, સ્થાનિક મૌખિક ઇતિહાસ સહિત પાઠ્યપુસ્તકો સિવાયના જ્ઞાનના સ્ત્રોતોને ઉપયોગમાં લેવા વગેરેનો સમાવેશ થાય છે.

નિશ્ચિત ખ્યાલોના બારીક નિરીક્ષણ દ્વારા અભ્યાસના આંતરિક રીતે  વણી લેવાયેલા ક્ષેત્ર આધારિત એકમો વિષયવસ્તુ સાથે લાંબાગાળાનો સંપર્ક સ્થાપે છે. દા:ત: વિજ્ઞાનમાં પ્રયોગો , પુસ્તકાલય અને સંદર્ભ સામગ્રીનો ઉપયોગ, ક્ષેત્રીય  સર્વેક્ષણ, સમૂહ ચર્ચા, અને બાળકો અવારનવાર પૂછતાં હોય તેવા સવાલો "આકાશ નીલા રંગનું કેમ હોય છે?" "શા માટે તારા ઝબકારા મારે છે?"- ના જવાબો માટે નિષ્ણાતોની મદદ, વગેરેનો સમાવેશ થાય છે. તે જ રીતે , ગણિતના ખ્યાલો અને ગાણિતિક પ્રક્રિયા પણ રોજબરોજના જીવનમાંથી સામગ્રી લઈને પ્રયોગાત્મક રીતે સમજાવી શકાય અથવા તો ગણિતની કિટનો ઉપયોગ કરી દાખલાઓ  ગણી શકાય. ત્યારબાદ ખ્યાલો , ઉકેલ, પરિણામ અને 'યોગ્ય' અને 'અયોગ્ય' એમ બન્ને પદ્ધતિઓ વિશે ચર્ચા કરવી જોઈએ. આ હેતુ માટે વિવિધ પ્રકારના સંશોધન પ્રોજેક્ટની રચના કરી શકાય. ખ્યાલોના નવનીર્ધારણને લીધે પ્રશિક્ષક અને સેવાકાર્યરત શિક્ષકને વિષયવસ્તુને સમજવામાં અને બાળકો સાથે સફળતાપૂર્વક વાર્તા-સેતુ બાંધવા માટેની યોગ્ય અધ્યયન શૈલી સાથેના જોડાણમાં પણ મદદ મળે છે. વિવિધ સ્વરૂપોના જ્ઞાનને પ્રાપ્ત કરવા

તાલીમાર્થી શિક્ષકે મૌખિક ઇતિહાસ , વૈકલ્પિક ઉપચાર પદ્ધતિ , પરંપરાગત તકનીકી , અનૌપચારિક શિક્ષણની અધ્યયન પદ્ધતિઓના પ્રોજેક્ટ હાથ પર ધરવા જોઈએ.

### *(બી) ભાષા સજ્જતા અને આંતરવ્યવહાર*

### *પાયારૂપ તર્ક*

ભાષા, શાળાના તમામ અભ્યાસક્રમમાં સામેલ હોવાથી અને ભાષા આંતરવ્યવહારનું માધ્યમ અને સાધન હોવાથી ખૂબ અગત્યની બાબત છે. શિક્ષક વાતો કરે છે , સમજાવે છે, વર્ણન કરે છે , સવાલો પૂછે છે, દાખલા ટાંકે છે , ભાષાંતર કરે છે , માર્ગદર્શન આપે છે , સૂચના આપે છે , ચેતવણી આપે છે , પ્રોત્સાહિત કરે છે , અને આવી અનેક ભૂમિકાઓ ભજવે છે. આ બધું ભાષાના યોગ્ય અને સંદર્ભ-અનુરૂપ ઉપયોગની હિમાયત કરે છે. ખ્યાલો , રચના, ઉદાહરણો એ જ્ઞાનની ઈંટો સમાન છે અને આ બધા ભાષા આધારિત છે.શાળા શિક્ષણ માટે આ બાબત શિક્ષકના ભાષા ***સજ્જતા*** અને વાતચીતની આવડતને જ્ઞાનના મજબૂત પાયા અને અન્ય વ્યાવસાયિક ક્ષમતા ઉપરાંતએક અગત્યનું પરિબળ બનાવે છે.

### *અભ્યાસક્રમ જોગવાઈ: સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કોર્ષ કાર્ય:*

*સૈદ્ધાંતિક **કોર્ષ કાર્ય:***

એક કોર્ષ જે પ્રશિક્ષકના ભાષા સજ્જતા વધારવા માટે હોય. આ એવી ભાષા હોવી જોઈએ જેમાં શિક્ષક ભણાવતા હોય. કોઈ પણ શાલેય તબક્કો હોય કે કોઈ પણ ખાસ વિષય હોય , બધાજ શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષમાં શિક્ષકની ભાષા સજ્જતા અને વાતચીતની આવડતની પ્રાથમિકતા પર ભાર મુકાવો જોઈએ. આ કોર્ષની રચનામાં જુદાં જુદાં સંજોગોમાં ભાષાના ઉપયોગના અનુભવો, ભાષાશાસ્ત્રનું પ્રાથમિક જ્ઞાન જેમાં સાંભળવું , બોલવું, વાંચન, સમજણ, અને જુદાં જુદાં સંજોગોમાં કરવામાં આવતાં લેખનનો સમાવેશ થાય છે.

## ૨.૩.૨ શાળા જ્ઞાન, વિદ્યાર્થી અને અધ્યયન શૈલી

### *પાયારૂપ તર્ક*

અધ્યયન શૈલીના અભ્યાસનો મુખ્ય હેતુ શાળામાં ભણાવવામાં આવતા વિષયો સમજવા અને શાળા અને વિદ્યાર્થીના વાસ્તવિક સંજોગોમાં આ વિષયોને અનુરૂપ અધ્યયન શૈલીને સમજવી અને વિદ્યાર્થી, સંજોગો, વિષય અને અધ્યયન શૈલી વચ્ચે જોડાણ સાધવું. પરંપરાગત શિક્ષક-પ્રશિક્ષણ કરતા અધ્યયન શૈલીના કોર્ષ મુખ્ય એ રીતે અલગ પડે છે કે તેમાં શુદ્ધ વિદ્યાશાખાકીય જ્ઞાન અને અધ્યયન પદ્ધતિઓને બદલે વિદ્યાર્થી અને તેના સંજોગો પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. દા:તઃ ભાષા અધ્યયનમાં વિદ્યાર્થીની ભાષા સમજમાં વધારો કરવો , ભાષાના ઉપયોગ , ભાષા અધ્યયનના સામાજિક-સાંસ્કૃતિક પાસાઓ , ભાષા એક સતત ચાલતી પ્રક્રિયા તરીકે અને અભ્યાસક્રમના અમલમાં ભાષાનાં મૂળભૂત કાર્યોનો અભ્યાસ કરવામાં આવે છે. આનો મતલબ એ છે કે ભાષા અધ્યયનમાં પહેલાં તેના વ્યાકરણીય પાસાઓ પર વધારે ધ્યાન આપવામાં આવતું જે હવે ભાષાના ઉપયોગ પર કેન્દ્રિત થયું છે.

શિક્ષક-પ્રશિક્ષણમાં શાળાના વિષયો જેવા કે વિજ્ઞાન , સામાજિક વિજ્ઞાન, ભાષાઓ અને ગણિતને જે રીતે શીખવાય છે તે જ રીતે વ્યાપક વિદ્યાશાખાકીય સ્વરૂપમાં જ શીખવવા જોઈએ નહી કે ઇતિહાસ, ભૂગોળ કે રસાયણશાસ્ત્રની જેમ શાખાકીય સ્વરૂપમાં. આને લીધે શિક્ષકમાં કોઈપણ વિષયના આ મુખ્ય વિદ્યાશાખા હેઠળ આવતા હોય તેવા અધ્યાપન માટેની જ્ઞાનમીમાંસાયુક્ત સૂક્ષ્મદ્રષ્ટિ વિકસે છે , દા:તઃ વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન. આ અભિગમથી શિક્ષકને એ પણ ફાયદો થાય છે કે તે કોઈ પણ સંકલિત કોર્ષમાં અધ્યાપન કરાવી શકે છે જેમ કે વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન.

### *અભ્યાસક્રમ જોગવાઈ: સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કાર્ય*

### *સૈદ્ધાંતિક કોર્ષ કાર્ય:*

અધ્યાપન શૈલીના બે થી ચાર કોર્ષ: જ્ઞાનને અનુભવ ઉપાર્જિત બાબત તરીકે , વિદ્યાશાખાઓના લક્ષણો, શાળા અભ્યાસક્રમનો સમીક્ષાત્મક અભ્યાસ, અને અધ્યાપનશૈલીને વિદ્યાર્થી , વિદ્યાશાખા અને સામાજિક સંદર્ભ વિશેના જ્ઞાનના સંકલન તરીકે. આમાં પ્રાથમિક , ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરે ભણાવવામાં આવતા ભાષા , ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન પર્યાવરણીય વિજ્ઞાન પરના અલગ કોર્ષનો સમાવેશ થશે.

દા:ત: પર્યાવરણ શિક્ષણ પરના અધ્યાપનશૈલીના કોર્ષમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ: બધા પ્રકારના પ્રાકૃતિક વિજ્ઞાન , સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ શિક્ષણના સંયુક્ત ક્ષેત્ર તરીકે તાત્વિક અને મીમાંસાસભર પર્યાવરણીય અભ્યાસ ; પ્રશિક્ષકને બાળકોના મનમાં રહેલા પોતાના ભૌતિક અને સામાજિક વિશ્વ વિશેના વિચારોથી પરિચિત કરાવવા જેથી કરીને આ વિચારો પાછળથી વર્ગખંડમાં ભણાવતી વખતે સમીક્ષા થઇ શકે ; પ્રશિક્ષકને એવા સર્વગ્રાહી એકમોની રચના કરવામાં મદદરૂપ થાય છે કે જે જ્ઞાનને ખંડોમાં વહેચવાને બદલે સમગ્રતયા લે છે.

બાળકોના ભાષા , ગણિત, પર્યાવરણીય અભ્યાસ , ઇતિહાસ, ભૂગોળ જેવા વિષયોના અલગ અલગ પાસાઓ સંબંધિત સંશોધનનો અભ્યાસ અને ત્યારબાદ ચર્ચા-વિચાર , અવલોકનની નોંધ, અને વિશ્લેષણ શાળા શિક્ષકના અધ્યયનશૈલીની સમજને વિકસાવે છે. ખ્યાલ-નિર્ધારણ, જીજ્ઞાશા જગાવતું અધ્યાપન , પ્રશ્નો ઉકેલવાની પ્રવૃત્તિ , શોધ અને પ્રવૃત્તિ આધારિત અધ્યયન અને સંબંધિત શબ્દોનું જ્ઞાન જેવી અધ્યાપન શૈલીઓ અને તેઓની વિવેચનાત્મક સમીક્ષા લાંબા ગાળે શિક્ષકને વિચારશીલ બનાવે છે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોએ પોતાના મુખ્ય વિષયમાં ઊંડા જ્ઞાનમીમાંસાનાં સવાલો સાથે નાતો જોડવો જોઈએ. વિષયવસ્તુનું જ્ઞાન , અવલોકનની નોંધ અને ખ્યાલોની સમજમાં વધારો થાય તે માટે કરવામાં આવતું વિશ્લેષણ ઉપરાંત વિદ્યાશાખાકીય વિષયનો સઘન અભ્યાસ દ્વારા વિદ્યાર્થીના મનમાં શાળામાં શીખવવામાં આવતા વિષયો અંગેની કેટલીક ખોટી ધારણાઓ હોય તેને દૂર કરવાનું કાર્ય થાય એ ખાસ જરૂરી છે. અધ્યાપનશૈલીના કોર્ષ એવી રીતે ઘડાવા જોઈએ કે જેથી શિક્ષણના જુદાં જુદાં તબક્કે ઊભી થતી જરૂરિયાતોને પોષી શકાય.

***પ્રાયોગિક કાર્ય કોર્ષ:***

પ્રાયોગિક કાર્ય કોર્ષની રચના વર્ગખંડ સંચાલન, સામગ્રી નિર્માણ અને શાળામાં સમૂહશિક્ષણના વિષય પર આધારિત હોવી જોઈએ. અધ્યાપન-અધ્યયનમાં મદદરૂપ થાય તેવા સવાલોનું સંકલન , દરેક વયના બાળકો માટે પ્રવૃત્તિની રચના , અભ્યાસક્રમ અને અભ્યાસ-સામગ્રીની રચનાના અનુભવો દ્વારા શિક્ષક વિચારો , અનુભવો અને વ્યાવસાયિક કૌશલ્યોનું સંકલન શીખી શકે છે. શિક્ષકે વિદ્યાર્થીઓને સવાલો પૂછે તે માટે તૈયાર કરવા જોઈએ અને ભવિષ્યમાં આ સવાલો વધુ અભ્યાસના કામમાં આવે

તે માટે સંગ્રહ કરવાનું પણ શીખવવું જોઈએ. દા:ત: ભાષા અધ્યાપનના કિસ્સામાં , તાલીમાર્થી શિક્ષકે આ બધા કાર્ય કરવા જોઈએ: બાળકોના વાંચનનું શ્રવણ , વાંચનને લગતી મુશ્કેલીઓનું અવલોકન અને વિશ્લેષણ, શાળા અને ઘરની ભાષા વચ્ચેની અસમાનતાની ઓળખ અને અવલોકન, રજૂઆત, શૈલી અને ભાષાના સંદર્ભમાં પાઠ્યપુસ્તકો અને અન્ય સામગ્રીનું વિશ્લેષણ.

સામાજિક વિજ્ઞાન માટે પ્રાયોગિક કાર્યની પ્રવૃત્તિઓમાં પ્રવાસનું આયોજન , મૌખિક ઇતિહાસ પરનો પ્રોજેક્ટ, ખડકોના નમૂનાઓ, પાંદડાઓ, ટિકિટ, ધ્વજ, અખબાર, દસ્તાવેજો, સ્થાનિક નકશા, એટલાસ વગેરેનું નિદર્શન અને સંગ્રહનો સમાવેશ થાય છે. ત્યારબાદ ચર્ચા , અવલોકન કેમ કરવું તેની સમજ, સંગ્રહ અને વિશ્લેષણની પ્રક્રિયા થવી જોઈએ. આ અભિગમ વિદ્યાર્થી , તેઓના સંજોગો, વિષયવસ્તુ અને અધ્યાપન શૈલી વચ્ચે સંબંધ સ્થાપે છે.

તાલીમાર્થી શિક્ષકોને માધ્યામિક અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓ સાથેના સંપર્કને લીધે યોગ્ય પ્રોજેક્ટની રચના કરવામાં સરળતા રહે છે. આમાં જે તે વિદ્યાશાખાના ઊંડા જ્ઞાન અને અનુભવની જરૂર રહે છે. આ પ્રકારના પ્રાયોગિક કાર્ય શિક્ષકને પાઠ્યપુસ્તકોનો વિવેચનાત્મક અભ્યાસ કરવામાં , શીખવાની શૈલીઓ અને વિદ્યાર્થી દ્વારા થતી ભૂલોને એક શિક્ષક તરીકે સમજવા અને મૌલિક પ્રવૃત્તિઓની શૃંખલા વિકસાવવા માટેની આવડત કેળવવામાં મદદરૂપ થાય છે.

## ૨. ૩. ૩ આકારણી મૂલ્યાંકન પદ્ધતિઓનો અભ્યાસ

### *વિદ્યાર્થીની આકારણીના દ્રષ્ટિબિંદુ અને પ્રણાલી*

*પાયારૂપ તર્ક*

શિક્ષકની સૌથી અગત્યની ભૂમિકાઓમાંથી એક છે વિદ્યાર્થીઓના અભ્યાસક્રમના હેતુઓ મુજબના વિકાસ અને મનોવૈજ્ઞાનિક વિકાસમાં થયેલ પ્રગતિ ની આકારણી કરવાની છે. વિદ્યાર્થીની આકારણીના વ્યાપને વિષય અભ્યાસક્રમ આધારિત ચકાસણીથી આગળ વધીને વધુ વ્યાપક બનાવવું જોઈએ ; કોઈપણ વિષયમાં પ્રાપ્ય ગુણાંકનને બાળકના સર્વાંગી વિકાસ સાથે જોડવા જોઈએ; માત્ર વિદ્યાર્થી પાસે કેટલી માહિતી છે તેનું નહિ પરંતુ અભ્યાસના ઉચ્ચ ધ્યેયો આધારિત પરીક્ષણ થવું જોઈએ. એન.સી.એફ. શાળામાં વિદ્યાર્થીના મૂલ્યાંકનને પરીક્ષા પદ્ધતિ સુધારણાના લાંબાગાળાના ધ્યેયો તરીકે લેવાનું સૂચન કરે છે. આ ધ્યેયને સિદ્ધ કરવા માટે શિક્ષક-પ્રશિક્ષણના

કોર્ષમાં પ્રશિક્ષકને મૂલ્યાંકન પદ્ધતિના વર્તમાન અને ભૂતકાળની પ્રણાલિકાઓ અને સાથે સાથે પરીક્ષા પદ્ધતિ અને મૂલ્યાંકન વિશેના વિવિધ દ્રષ્ટિબિંદુનો પણ પરિચય કરાવી આ બાબતે સમર્થ બનાવવા જોઈએ. મૂલ્યાંકનને શિક્ષણની પ્રક્રિયાના એક ભાગ તરીકે સ્વીકારવું જરૂરી બની ગયું છે. શિક્ષકે બાળકોને પ્રોત્સાહિત કરવાની બાબતમાં મૂલ્યાંકનની ભૂમિકાને જાણી લેવી જોઈએ. બાળકોના શિક્ષણના હક્ક અંગેના ધ્યેયોને હાંસલ કરવાના હેતુસર અને દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે આ બાબત અત્યંત અગત્યની છે. કેટલાંકને નાપાસ કરીને બાકીનાને પસંદ કરવાના સાધનરૂપ વર્તમાન મૂલ્યાંકન પદ્ધતિ શિક્ષણના વૈશ્વિકરણ સાથે સુસંગત નથી. વર્તમાન સાર્વત્રિક પરીક્ષા પદ્ધતિમાં વિદ્યાર્થીના પરીક્ષામાં દેખાવ પર બિનજરૂરી ભાર મુકાતો હોવાથી એ જરૂરી બની ગયું છે કે એક શિક્ષકમાં મૂલ્યાંકન અંગેના ખ્યાલની ઊંડી અને વ્યાપક સમજ હોય વિદ્યાર્થીના અભ્યાસમાં દેખાવ પર બિન જરૂરી ભાર મૂકવાને બદલે વર્તમાન વૈશ્વિક સંદર્ભમાં માહિતીના સઘન સમજના મુલ્યાંકન પર ભાર મૂકવો જોઈએ.

*અભ્યાસક્રમ જોગવાઈ: સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કાર્ય*

*સૈદ્ધાંતિક કોર્ષ કાર્ય:*

વિદ્યાર્થીના મૂલ્યાંકન અંગેના સિદ્ધાંતોનો અભ્યાસ અને અધ્યાપનશૈલીના સિદ્ધાંતોના અભ્યાસને અભ્યાસક્રમના અભ્યાસ સાથે વણી લેવા જોઈએ. આ કાર્યમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ: જુદાં જુદાં દ્રષ્ટિબિંદુના સઘન અને સમીક્ષાત્મક વાંચન , જે શિક્ષક અને શાળા સુધારણા માટે વિદ્યાર્થીના મૂલ્યાંકનને એક અગત્યની બાબત તરીકે ગણવામાં આવી હોય ; વર્તમાન મૂલ્યાંકન પ્રણાલી અને તેનો ઇતિહાસ ; અભ્યાસ અને વિદ્યાર્થીના વિકાસમાં મૂલ્યાંકનનું સ્થાન; બાળકના સર્વાંગી વિકાસને આવરી લેવા માત્ર તેની શૈક્ષણિક સિદ્ધિઓના પરિક્ષણથી આગળ વધીને મૂલ્યાંકનના ક્ષેત્રનો વિસ્તાર કરવો.

*પ્રાયોગિક કોર્ષ કાર્ય:*

પ્રશિક્ષક પાસે વ્યવહારૂ અનુભવો હોવા જોઈએ જેની મદદથી તેઓ મૂલ્યાંકનની એવી પદ્ધતિઓ વિકસાવી શકે જે ગુણવત્તાલક્ષી હોય અને વિદ્યાર્થીની સ્મરણશક્તિને બદલે તેઓની સમસ્યાઓ ઉકેલવાની અને વિચારવાની ક્ષમતાના વિકાસનું મૂલ્યાંકન કરતી હોય. અલગ અલગ પ્રકારના પ્રશ્નો તૈયાર કરી તે અંગે વિદ્યાર્થીના દેખાવ અને સમજશક્તિ પર કેવી અસર કરશે તેનો અભ્યાસ કરવાનું

કામ સુસંગત રીતે હાથ પર ધરાવું જોઈએ. વિદ્યાર્થીઓ દ્વારા થતી ભૂલોની વ્યવસ્થિત નોંધ કરવી, પ્રયોગાત્મક સંશોધનનો આધાર લઈને આ ભૂલોને ચકાસવી , અને વિદ્યાર્થીઓ નવી દિશામાં વિચારતા થાય તે માટે પ્રોત્સાહિત કરવા માટે અન્ય શિક્ષકો સાથે ચર્ચા વિચારણા કરવી અને આ પ્રક્રિયાની વ્યવસ્થિત નોંધ કરવી.

## ૨. ૪ અભ્યાસક્રમ ક્ષેત્ર-સી.

### શાળા ઈન્ટર્નશીપ

*પાયારૂપ તર્ક*

એવું જણાયું છે અધ્યાપનનો મહાવરો કે શિક્ષક નિર્માણમાં સૌથી અગત્યનું ઘટક છે; તેમાં ગુણવત્તા ઘટી છે અને તેની તીવ્ર અવહેલના થઇ છે. સામાન્ય ફરિયાદ એવી છે કે સૈદ્ધાંતિકને પ્રાયોગિક અધ્યાપન કાર્ય કરતા વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે અને તેને લીધે પ્રાયોગિક અધ્યાપન કાર્ય અલગ અલગ પ્રકારની ઉણપનો ભોગ બન્યું છે જેમ કે તે એક યાંત્રિક પ્રક્રિયાને અનુસરે છે (અવલોકન , સુક્ષ્મ પાઠ , અધ્યાપન મહાવરો , અને પરીક્ષા), પાઠના જડ આયોજનને અનુસરે છે , અપૂરતી દેખરેખ(સુપરવિઝન) ; મૌલિક વિચારોનો અભાવ દર્શાવે છે , વૈવિધ્ય અને સ્થાનિક સંદર્ભથી વિમુખતાનો જોવા મળે છે. સર્વગ્રાહી અને ગુણવત્તાયુક્ત મૂલ્યાંકન વ્યાવસાયિક લક્ષણો અને મૂલ્યો ધરાવતાં હોય તે માટે કોઈ પ્રયત્ન કરવામાં આવતા નથી , કે ન તો શાળા સાથે લાંબા ગાળાની ઈન્ટર્નશીપની કોઈ જોગવાઈ છે. વર્તમાન અધ્યાપન મહવરાના મૉડેલની મુખ્ય ખામીઓ આ મુજબ છે:

- વર્તમાન શિક્ષક-પ્રશિક્ષણમાં શાળા અભ્યાસક્રમને અને પાઠ્યપુસ્તકોને એક ‘આપવામાં આવેલી’ બાબત તરીકે લેવામાં આવે છે અને શિક્ષકને જે તે શાળાના માળખાની જરૂરિયાતો સાથે અનુરૂપ થવાની તાલીમ અપાય છે.
- શિક્ષકને નિયત સ્વરૂપમાં પાઠના બિન-સ્થિતિસ્થાપક આયોજન માટે અને એક વિધિના ભાગ તરીકે જરૂરી પાઠને ભણાવી દે તે માટે વર્તમાન માળખું ફરજ પાડે છે. અમૂક ચોક્કસ સંખ્યાના પાઠને ભણાવવાનો મહાવરો વ્યાવસાયિક વિકાસ માટે પૂરતો માની લેવામાં આવે છે.

- શિક્ષકોને પોતાના પૂર્વગ્રહો અને માન્યતાઓ વિશે કોઈ અવકાશ મળતો નથી અને વર્ગખંડમાં થતી ચર્ચાવિચારણા અને પ્રશ્નોતરીના એક હિસ્સા તરીકે પોતાના અનુભવો વિશે વિચારવાની તકો પણ પ્રાપ્ત થતી નથી.
- સૈદ્ધાંતિક કોર્ષ, પ્રાયોગિક કાર્ય અને મૂળ હકીકતોને અભિવ્યક્ત કરતું નથી.
- મૂલ્યાંકનના ધારાધોરણ સૈદ્ધાંતિકને વધુ મહત્ત્વ આપે છે અને ગુણવત્તાને બદલે પ્રમાણ (લખાણની લંબાઈ)ને વધુ મહત્ત્વ આપે છે અને સમજશક્તિને અવગણે છે.

*આદર્શ શિક્ષકની કલ્પનાના વ્યાપક સંદર્ભમાં હાલના અધ્યાપન મહાવરાનું સ્થાન અંકિત કરવું:*

શિક્ષકને તૈયાર કરવા માટે તેમને વ્યાવસાયિક સુંદઢતા બક્ષવામાં  અધ્યાપનનો મહાવરો અને તેની સાથે જોડાયેલ સિદ્ધાંતોનો અભ્યાસ એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શાળાને પીછાણવી, બાળકોનું અવલોકન કરવું , વાસ્તવિક સંજોગોમાં અધ્યાપન-અધ્યયન કાર્યનું અવલોકન કરવું, અધ્યાપનનો મહાવરો કરવો , શિક્ષણના સિદ્ધાંતો વિશે વિચારવાની ક્ષમતા વિકસાવવી અને આ સિદ્ધાંતોનો વાસ્તવિક અધ્યાપન-અધ્યયન વખતે ઉપયોગ કરવો, વર્ગખંડમાં અધ્યયનની પ્રવૃત્તિનું સંચાલન કરવું , વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવું અને તેઓને તેઓની પ્રગતિથી માહિતગાર કરવા , સહકર્મચારીઓ સાથે મળીને કામ કરતા શીખવું, પોતાના વ્યાવસાયિક જીવન વિશે વિચારવું શાળામાં જઈને વાસ્તવિક સંજોગોમાં શીખવવાની આ બધી બાબતો પ્રશિક્ષકને અભ્યાસલક્ષી અનુભવો પૂરા પાડે છે જે તેઓના શિક્ષણ માટે અતિ મહત્ત્વના છે.

પ્રારંભથી જ એવું જોવા મળ્યું છે કે વર્તમાન પ્રણાલીમાં સુધારા અને અધ્યયનના મહાવરામાં નાવીન્ય અને મૌલિક અભિગમો લાવવા માટેના પ્રયત્ન કરવા માટે શિક્ષણના સમગ્ર માળખામાં અધ્યયન મહાવરાની મહત્તાને સમજવી જરૂરી છે. પ્રથમ વાત તો એ નોંધવાની કે અધ્યયનનો મહાવરો અનેક વિવિધ પ્રવૃત્તિઓનું એક એવું ફલક છે જે શિક્ષક-પ્રશિક્ષણના સમગ્ર અભિયાનને આવરી લે છે. અધ્યયન પ્રેક્ટિસ એ સૈદ્ધાંતિક અભ્યાસ, ક્ષેત્રીય કાર્ય  અને પ્રાયોગિક કાર્ય, સાથે  શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, તાલીમાર્થી શિક્ષકો અને શિક્ષક તૈયાર કરનારા માર્ગદર્શક નિષ્ણાતોને સમાવતા સંસ્થાકીય અનુભવો સંકળાયેલ છે.

અભ્યાસક્રમ જોગવાઈ: વિદ્યાર્થી અને શાળા સાથે લાંબાગાળાનો સંસર્ગ

શાળા ઈન્ટર્નશીપના કાર્યક્રમમાં નીચેના ઘટકો અગત્યના છે:

- જ્યાં વ્યવહારૂ હોય ત્યાં અધ્યાપન-અધ્યયનના ઇનોવેટીવ કેન્દ્રોની મુલાકાત ગોઠવવી;
- વર્ગખંડ આધારિત સંશોધન પ્રોજેક્ટ;
- બે વર્ષના કોર્ષ માટે ઓછામાં ઓછા ૬ થી ૧૦ અઠવાડિયા અને અઠવાડિયામાં સતત ચાર દિવસની ઈન્ટર્નશીપ અને ચાર વર્ષના કોર્ષમાં ૧૫ થી ૨૦ અઠવાડિયા જેમાં પ્રથમ અઠવાડિયું કાર્યરત શિક્ષકની સાથે નિયમિત વર્ગનું અવલોકન.
- યુનિટ પ્લાનનું આયોજન અને રિફ્લેક્ટિવ જર્નલનો નિભાવ;
- શાળામાં ઈન્ટર્નશીપમાં અધ્યાપન અને અધ્યયન માટે સ્ત્રોતોનું સર્જન અને જાળવણી.

એક નિયમિત શિક્ષક તરીકે ૧૨ થી ૨૦ અઠવાડિયા માટે કાર્ય કરતા તાલીમાર્થીને અભ્યાસ, અભ્યાસક્રમ સામગ્રી અને અધ્યાપનના મહાવરા વિશે વાસ્તવિક ધ્યેયો નિશ્ચિત કરવાની તક મળે છે, એક લાંબા ગાળાની ઈન્ટર્નશીપ દ્વારા .શિક્ષકને વર્ગખંડમાં પ્રવૃત્તિઓના આયોજનમાં, તેની તૈયારી કરવામાં અને પસંદગીમાં મદદ મળે છે સાથે સાથે પોતાની . પ્રવૃત્તિઓ વિશે અવલોકન, જાળવણી અને વિશ્લેષણ દ્વારા સમીક્ષાત્મક વિચારણા કરવામાં અને અભ્યાસક્રમ અને અધ્યાપન મહાવરા વિશે વિદ્યાર્થીઓ પ્રતિભાવ આપતાં શીખે તે માટે વ્યૂહ ઘડી કાઢવામાં મદદ મળી રહે છે.

શાળાને પણ આ બિનપરંપરાગત અધ્યાપન શૈલીનો પરિચય થવાને લીધે આ ઈન્ટર્નશીપ પ્રથાથી ફાયદો થશે ઈન્ટર્નશીપની આ પ્રક્રિયામાં .પ્રશિક્ષક, અધ્યાપન અને અધ્યયનની નવી સામગ્રી તૈયાર કરશે જે નિયમિત શિક્ષક માટે પણ ઉપયોગી પૂરવાર થશે.

ઈન્ટર્નશીપ શાળા સાથે ભાગીદારીના'મૉડેલ તરીકે કાર્ય કરે તે જરૂરી છે, તે માત્ર વર્તમાન ' અધ્યાપનની પ્રણાલીનું વિસ્તરણ જ ન હોય જેપ્રશિક્ષક પોતાની ઔપચારિક ડિગ્રી મેળવવાના હેતુથી જ કરતા હોય.

જે લક્ષણો આ અહેવાલમાં સૂચવવામાં આવેલ પ્રક્રિયા આધારિત-શિક્ષક-પ્રશિક્ષણને પરંપરાગત શિક્ષક-પ્રશિક્ષણથી અલગ પાડે છે તે છે વિદ્યાર્થીઓના અનુભવોને કેન્દ્રસ્થાને મૂકવા સૈધાંતિક ખ્યાલો અને .શિક્ષણનું માળખુ વિદ્યાર્થીઓના અનુભવો અને વ્યાપક સામાજિક હકીકતો પર આધારિત છે આ તકો માટેની માળખાગત જોગવાઈઓ .શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષના માળખામાં અને અભ્યાસના દરેક ક્ષેત્રમાં રહેલી છે માળખાગત . જોગવાઈઓનો અર્થ છે અભ્યાસના કે સંશોધનના ક્ષેત્રનુંસ્થાનાંકન એવી રીતે થાય કે જેથી કરીને 'અનુભવથી સિદ્ધાંતો અને સિદ્ધાંતોથી ક્ષેત્રિય અનુભવ તરફ' એવી ગતિ ઊભી થાય.

સૈદ્ધાંતિક અને ક્ષેત્ર વચ્ચેની આ પરસ્પર ગતિશીલતા, ક્ષેત્ર  આધારિત અભ્યાસ એકમોનો- માં આપેલ અભ્યાસક્રમના ક્ષેત્રો મુજબ, દરેક૧ ટેબલસૈદ્ધાંતિક કોર્ષ તેમજ ખાસ તૈયાર કરવામાં આવેલ પ્રાયોગિક કાર્યમાં સમાવેશ કરીને મેળવી શકાય છે.

શાળા ઈન્ટર્નશીપ પ્રશિક્ષકને પોતાના મહાવરા દરમ્યાન અને આયોજન કરતી વખતે પોતે જે શીખ્યા હોય તેને વ્યક્ત કરવા માટેની તક પૂરી પાડે છે.

ટેબલ ૧: શિક્ષક-પ્રશિક્ષણ અભ્યાસક્રમના ક્ષેત્રો- એક રૂપરેખા

| અભ્યાસક્રમ ક્ષેત્રો | મુખ્ય ઘટકો | અભ્યાસક્રમના પાસાઓ | અભ્યાસક્રમ જોગવાઈઓ |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ***ક્ષેત્ર એ*** <br><br> ***શિક્ષણનો પાયો*** | ***વિદ્યાર્થીનો અભ્યાસ:*** બાળપણ, બાળક અને કિશોરવસ્થાનો વિકાસ <br><br> ***સમકાલીન સમાજનો અભ્યાસ*** <br><br> સમાજમાં શિક્ષક અને વિદ્યાર્થી <br><br> જાતિ (લિંગ), શાળા અને સમાજશિક્ષણનો અભ્યાસ <br><br> શૈક્ષણિક અભ્યાસ <br><br> જ્ઞાન અને મૂલ્યોના હેતુઓ, આત્મ-વિકાસ અને શિક્ષક તરીકે મહત્વાકાંક્ષાઓ <br><br> સ્વનો વિકાસ કરવો અને <br><br> એક શિક્ષક તરીકેની મહત્વકાક્ષા | મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોનો સમાવેશ, બાળપણ અને કીશોરાવસ્થાનું ઘડતર, સામાજિકતાનો, વિકાસ, ભાષા, સમજ, વિચાર-પ્રક્રિયા અને અભ્યાસ, શાળા અને શારીરિક તંદુરસ્તી, સ્વની ઓળખ , સમાવેશી શિક્ષણ, <br><br> ***સમાજશાસ્ત્ર, ઇતિહાસ, તત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, અને અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનો સમાવેશ.*** <br><br> સમકાલીન ભારતીય સમાજની સમસ્યાઓ અને મુદ્દાઓ; માનવીના અને બાળકોના હક્ક; વર્ગખંડ એક સામાજિક સંદર્ભ તરીકે. <br><br> ઓળખનો વિકાસ, અભ્યાસક્રમ, જાતિગત દ્રષ્ટિબિંદુથી પાઠ્યપુસ્તકોની સમજ, શિક્ષણનું વ્યાવસાયિકરણ અને સ્ત્રીઓના તેમાં સમાવેશ-પર ચર્ચા <br><br> શિક્ષણના સિદ્ધાંતો, તત્વજ્ઞાન, ઇતિહાસ અને સમાજશાસ્ત્રના સિદ્ધાંતોનો સમાવેશ <br><br> અધ્યાપન-અધ્યયનના મૂળભૂત તત્વો; સૈદ્ધાંતિક બાબતો, શિક્ષણ-ક્ષેત્રના વિચારકો, ભારતમાં શિક્ષણની પરિકલ્પના, મુદ્દાઓ અને સમસ્યાઓ; શાળા, સંસ્કૃતિ અને શાળા એક અધ્યયનની સંસ્થા તરીકે, શાંતિનું શિક્ષણ. સમાજમાં સ્થાન, આંતર વૈક્તિક વચ્ચેના સંબંધો, બાળક અને મોટેરા વચ્ચેનું વૈચારિક અંતર, સામાજિક અને વ્યક્તિગત ઘડતર, શાળાઓ એક સામાજિક પરિવર્તન અને સંઘર્ષના સ્થળ તરીકે. | બે કે ત્રણ સૈદ્ધાંતિક કોર્ષ જેમાં ક્ષેત્ર કાર્ય સામેલ હોય; પ્રાયોગિક કાર્ય, વર્કશોપ, વ્યક્તિગત અને સમૂહ-કાર્ય <br><br> એક કે બે સૈદ્ધાંતિક કોર્ષ જેમાં ક્ષેત્ર કાર્ય સામેલ હોય; પ્રાયોગિક કાર્ય, વર્કશોપ, વ્યક્તિગત અને સમૂહ-કાર્ય <br><br> એક સૈદ્ધાંતિક કોર્ષ જેમાં ક્ષેત્ર કાર્ય સામેલ હોય; પ્રાયોગિક કાર્ય, વર્કશોપ, વ્યક્તિગત અને સમૂહ-કાર્ય <br><br> એક કે બે સૈદ્ધાંતિક કોર્ષ જેમાં ક્ષેત્ર કાર્ય સામેલ હોય; અસાઈનમેન્ટ, ટર્મ-પેપર, જૂથ પ્રેઝન્ટેશન <br><br> વર્કશોપ આધારિત એક કોર્ષ જેમાં ટૂંકમાં સૈદ્ધાંતિક બાબતો આવરી લેવાઈ હોય; જાતિ, સમાજમાં સ્થાન જેવા મુદ્દાઓ પર વર્કશોપ; સામાજિક અને વ્યક્તિગત સંઘર્ષ; બાળપણ; સંબંધો <br><br> સ્વ અને ઓળખ <br><br> આંતર વૈક્તિક સંબંધો, પુખ્ત અને બાળક વચ્ચેનું અંતર , વ્યક્તિગત અને સામાજિક સંરચના શાળા એક સ્પર્ધાના અને સામાજિક પરિવર્તન સ્થળ તરીકે |

| | | | |
|---|---|---|---|
| ***ક્ષેત્ર-બી. અભ્યાસક્રમ અને અધ્યાપન શૈલી*** | ***અભ્યાસક્રમનો અભ્યાસ*** | ***ભાષા, ગણિત, સામાજિક વિજ્ઞાન અને પ્રાકૃતિક વિજ્ઞાનની વિદ્યાશાખાના ચાવીરૂપ ખ્યાલોનો અભ્યાસ જ્ઞાન અને અભ્યાસક્રમનું સમાજશાસ્ત્ર*** | |
| | જ્ઞાન અને અભ્યાસક્રમ | વિષયવસ્તુ અને શાળા, અભ્યાસક્રમનો અભ્યાસ, પાઠ્યપુસ્તકો, અભ્યાસક્રમનો તાત્વિક અને વૈચારિક પાયો, જ્ઞાનની પસંદગી અને રચના, જ્ઞાન એક ઉપાર્જનની વસ્તુ વિદ્યાશાખાકીય જ્ઞાન. | ૪ થી ૬ સૈદ્ધાંતિક કોર્ષ જેમાં આંતરિક રીતે વણાયેલ ક્ષેત્ર -આધારિત અભ્યાસના એકમોનો સમાવેશ હોય; સંશોધનાત્મક પ્રોજેક્ટ; અવલોકન નોંધ અને વિશ્લેષણ |
| | ભાષા સજ્જતા અને વાતચીતની આવડત | ભાષા, પ્રભુત્વ અને વાતચીતની આવડત, તાત્વિક-ભાષાશાસ્ત્રીય જ્ઞાન, અલગ અલગ સંજોગો અનુસાર બોલવાની, સંભાળવાની વાંચનની અને લખવાની આવડત | એક કોર્ષ જે વર્કશોપના સ્વરૂપે હોય જેમાં પ્રત્યાયન માધ્યમ તરીકે ભાષાના ઉપયોગ વિશેનો વિષય હોય |
| | અધ્યાપન શૈલીઓનો અભ્યાસ | વિષયવસ્તુના ક્ષેત્રનુ જ્ઞાન, અધ્યાપન સિધ્ધાન્તો, રચનાકીય અને સામાજિક-રચનાકીય બાબતોનો અભ્યાસ<br><br>વિદ્યાશાખા અને જ્ઞાનના લક્ષણોશાળા અભ્યાસક્રમની સમજ; શિક્ષણના સિદ્ધાંતો સાથે ઉપયોગી કાર્ય; જ્ઞાન-મીમાંસાને લગતા મુદ્દાઓ | ૪ થી ૬ વૈકલ્પિક સૈદ્ધાંતિક કોર્ષ જે સ્પેશ્યલાયઝેશન આપે; પ્રાયોગિક કોર્ષ જેમાં અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકનું વિશ્લેષણ હોય અને વૈકલ્પિક અભ્યાસ-સામગ્રીની રચનાનો સમાવેશ હોય. |
| | ભાષા, ગણિત, સામાજિક વિજ્ઞાન અને કુદરતી વિજ્ઞાન | | |
| | આકારણ અને મૂલ્યાંકન પદ્ધતિઓનો અભ્યાસ, વિદ્યાર્થી મૂલ્યાંકનની પદ્ધતિ અને દ્રષ્ટિબિંદુ | મનો-પરિમાણીય અભિગમોનું સમીક્ષાત્મક વાંચન; રચનાત્મક અભિગમો અને વિશ્લેષણનું સમાજશાસ્ત્રીય માળખું. મૂલ્યાંકનનો અર્થ અને પ્રણાલી વિશે અગત્યનું વાંચન; અભ્યાસમાં મૂલ્યાંકનનું મહત્વ; ગુણાત્મક અને પ્રમાણ આધારિત પગલાંઓ; વ્યવહારૂ અનુભવો-ઉપાયાત્મક મુલાકાત, અવલોકન કોઠો, ગુણાત્મક માહિતીનું વિશ્લેષણ | ૧ સૈદ્ધાંતિક કોર્ષ જે પૂરક પ્રાયોગિક કાર્ય તરીકે હોય; સવાલોના સ્વરૂપ અને મૂલ્યાંકન ફોર્મેટનું સ્વરૂપમાં વિશ્લેષણ; વ્યક્તિગત અને જૂથ  અસાઈનમેન્ટ |

| | | | |
|---|---|---|---|
| ક્ષેત્ર સી. શાળા ઈન્ટર્નશીપ | શાળા ઈન્ટર્નશીપ | શાળા સાથે લાંબા ગળાનો સંસર્ગ, ઈન્ટર્નશીપ એક ભાગીદારી મૉડેલ તરીકે, શાળા પ્રવૃત્તિઓમાં સહભાગિતા અને અધ્યાપન, વિદ્યાર્થીના અવલોકનની નોંધ, અધ્યાપન વિશેવિશ્લેષણ અને વિચારણા; અધ્યાપન-અધ્યયન સ્ત્રોતોનો વિકાસ-જાળવણી એકમ આયોજનનો વિકાસ અને ચિંતનાત્મક જર્નલ શરૂ કરવું | ૧૨ થી ૨૦ અઠવાડિયા માટે રોજ ૪ દિવસનું શિક્ષણ, પ્રથમ સપ્તાહ વર્ગખંડ નિરીક્ષણ; ખાસ-કિસ્સાનો અભ્યાસ, વર્ગખંડ વિશે સંશોધનાત્મક કાર્ય, અધ્યયનના સ્ત્રોતોનો વિકાસ |

## ૨.૫ શિક્ષક-નિર્માણમાં સમય એક અગત્યનું પરિબળ

શિક્ષક-પ્રશિક્ષણને લગતા મુદ્દાઓ શિક્ષકની પૂર્વ સેવાકાળ તાલીમના કોર્ષના સમયગાળા સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા છે. કોઈપણ પ્રકારની શિક્ષકની પૂર્વ સેવાકાળ તાલીમ માટે પૂરતો સમયગાળો જરૂરી છે જેથી શિક્ષકને સ્વ-અધ્યયન, ચિંતન ઉપરાંત વિદ્યાર્થીઓ, શાળા, વર્ગ અને અધ્યાપન પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય અને તકો મળી રહે.

વર્તમાન શિક્ષક-પ્રશિક્ષણની પ્રથાનું વિશ્લેષણ કરતાં એ જોવા મળ્યું છે કે અધ્યાપન કાર્યનો મહાવરો ટૂંકા ગાળાનો , પાંચ કે છ અઠવાડિયાનો હોય છે અને તે પણ ખંડોમાં

વિભાજીત હોય છે. પાયારૂપ જ્ઞાન , અધ્યાપનની સમજ અને દ્રષ્ટિબિંદુ અને વિવિધ કૌશલ્યોના મુદ્દાઓ આ સમયગાળામાં આવરી લેવાવા જોઈએ અને તેઓનો ઉપયોગ થવો જોઈએ. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વ્યક્તિમાં અને તેના કાર્યમાં શિક્ષણના અગત્યના ઘટકો જેવા કે ક્ષમતા કે ખ્યાલોનું ઊંડું જ્ઞાન પ્રદર્શિત થાય તે માટે પૂરતો સમય આ તાલીમગાળા દરમ્યાન આપવામાં આવતો નથી. સમયના અભાવે પાઠને ખરેખર તેના વિષયવસ્તુ પર ઊંડું ચિંતન કરીને તૈયાર કરવામાં આવતા નથી , ન તો તેને વ્યવસ્થિત ગોઠવવામાં આવે છે. પરિણામે , શિક્ષક-પ્રશિક્ષણ પૂર્ણ કરી બહાર આવતા સ્નાતકો સામાન્ય અધ્યાપન કળામાં માહિર પણ હોતા નથી કે ન તો તેઓ પાઠ્યપુસ્તકોના વિષયવસ્તુ પર મૌલિક ચિંતન કરવામાં દક્ષ હોય છે.

હવે સમય પાકી ગયો છે કે આપણે આઝાદી પછી શિક્ષણનીતિ નક્કી કરવા નિમાયેલ બે અગત્યના કમિશનો, કોઠારી કમિશન(૧૯૬૪-૬૬) અને ચટ્ટોપાધ્યાય કમિશન (૧૯૮૩-૮૫) દ્વારા સમયગાળો વધારવાની કરવામાં આવેલી ભલામણો પરત્વે ધ્યાન આપીએ. એ તર્કસંગત ગણાશે પ્રથમ પ્રારંભિક શિક્ષક-પ્રશિક્ષણની પુનઃરચના કરવામાં આવે અને ત્યારબાદ અધ્યાપન અભિગમો અને તેના પર અમલ કરવાની કાર્યયોજનાની સુસંગતતાને ધ્યાનમાં રાખી શિક્ષક-પ્રશિક્ષણના મુખ્ય હેતુઓ સિદ્ધ થાય તે રીતે સમયમાળખું ગોઠવવું. વિષયવસ્તુ અને અભિગમના સંદર્ભમાં મોટાભાગની બાબતો જેમની તેમ રાખવામાં આવે એ વ્યર્થ ગણાશે કારણ કે વર્તમાન વિષયવસ્તુ અને અભિગમની ભારે ટીકા થઇ છે, અને તે પરિવર્તન લાવવા માટેના ન તો અવકાશ સર્જે છે કે ન તો તકો. આ બાબતમાં તે બિનકાર્યક્ષમ સાબિત થઇ છે.

### ૨. ૬ વર્તમાન શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમની પુનર્રચના

અગાઉ જણાવાયું છે તે મુજબ ભાવિ-શિક્ષક પાસેથી અભ્યાસના વ્યાપક વૈવિધ્યની અપેક્ષા રાખવામાં આવે છે તેથી શિક્ષક-પ્રશિક્ષણનો કોર્ષ ઉચ્ચતર માધ્યમિક પછી ચાર વર્ષનો કે સ્નાતક પછી બે વર્ષનો હોવો જોઈએ. આને લીધે તાલીમાર્થીને સ્વ-અધ્યયન, ચિંતન કરવા અને કાર્યરત થવામાં તથા , શિક્ષકો, શાળા, વર્ગખંડ, અધ્યાપન પ્રવૃત્તિઓ અને સઘન સૈદ્ધાંતિક અભ્યાસ સાથે સમય વિતાવવાની પૂરતી તકો મળશે. પ્રારંભિક શિક્ષક-પ્રશિક્ષણના

સમયગાળાના સંદર્ભમાં કોઈપણ કારણોસર બાંધછોડ કે છુટછાટ શિક્ષક અને શિક્ષણની ગુણવત્તા પર વિપરિત અસર પાડશે.

તેથી એવી ભલામણ કરવામાં આવે છે કે વર્તમાન શિક્ષક-પ્રશિક્ષણના માળખાની જગ્યાએ એવું માળખું લાવવું જેમાં સામાન્ય શિક્ષણની સાથે સાથે વ્યાવસાયિક વિકાસ માટે શાળામાં લાંબા ગાળાની ઈન્ટર્નશીપ પણ હોય. અભ્યાસક્રમના ક્ષેત્રો અને તેના વહેવારમાં આપવામાં આવેલી લાક્ષણિકતા ઓનો ઉપયોગ કરીને આ સમાવિષ્ટ મૉડેલની રચના કરવાની થાય છે. આ મૉડેલને સંસ્થાઓમાં લાગુ પાડવા માટેની સમયમર્યાદા આ દસ્તાવેજ બહાર પડ્યે ચારથી છ વર્ષનો ગાળો હોય તેવી ભલામણ કરવામાં આવે છે. વચગાળાના પગલાં તરીકે , શિક્ષક-પ્રશિક્ષણના વર્તમાન મૉડેલ જેમ કે બી.એડ્. અને ડી.એડ્. કોર્ષને ફરી રચવાની જરૂર છે અને સાથે સાથે શિક્ષક-પ્રશિક્ષણના માળખામાં પણ ખાસ બાબતો ઉમેરીને અને અભ્યાસક્રમના ક્ષેત્રમાં અને તેના અમલમાં સૂચવવામાં આવેલ માળખાકીય પ્રક્રિયાનો સમાવેશ કરી શકાય છે. આગળના પ્રકરણમાં આપવામાં આવેલ વ્યાપક વ્યૂહરચનાઓને શિક્ષક-પ્રશિક્ષણના કાર્યક્રમના અમલ માટે અનુસરી શકાય છે.

---

માળખાની પુનર્રચનાના કોર્ષ

(અ) ડી.એડ્. : બે વર્ષનો ડીપ્લોમાં, +૨ પછી

(બ) બી.એડ્. : એક વર્ષનો સ્નાતક કોર્ષ, પ્રથમ સ્નાતક ડિગ્રી પછી

*ક્ષેત્ર-એ: શિક્ષણનો પાયો*

*વિદ્યાર્થીનો અભ્યાસ*

*સૈદ્ધાંતિક:* બાલ્યાવસ્થા, બાળક અને કિશોરાવસ્થાનો વિકાસ અને અભ્યાસ

*પ્રાયોગિક કાર્ય:* શાળા પ્રારંભ કાર્યક્રમ ; વિદ્યાર્થી અવલોકન; વાર્તાકથન અને બાળ-સાહિત્ય, સમકાલીન સમાજનો અભ્યાસ

*સૈદ્ધાંતિક:* સમાજમાં શિક્ષક અને વિદ્યાર્થીનું સ્થાન; જાતિ, શાળા અને સમાજ

*શૈક્ષણિક અભ્યાસ*

*સિદ્ધાંત :* શિક્ષણના હેતુઓ , જ્ઞાન અને મૂલ્યો ; સ્વ-વિકાસ અને શિક્ષક તરીકેની મહત્વાકાંક્ષાઓ

*પ્રાયોગિક કાર્ય:* સ્વ વિકાસનો વર્કશોપ; સર્જનાત્મક નાટક, કળા-કારીગરી, અને સંગીત ક્ષેત્ર-બી: અભ્યાસક્રમ અને *અધ્યાપન-શૈલીનો અભ્યાસ*

*સિદ્ધાંત:* જ્ઞાન અને અભ્યાસક્રમ; ભાષા સજ્જતા અને પ્રત્યાયન

*અધ્યાપન શૈલીનો અભ્યાસ*

*સિદ્ધાંત:* ભાષા શિક્ષણ; ગણિત શિક્ષણ; વિજ્ઞાન શિક્ષણ; સામાજિક વિજ્ઞાન શિક્ષણ

*પ્રાયોગિક કાર્ય:* સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન; વર્ગખંડ સંચાલન અને બ્લોક શિક્ષણ

*આકારણી અને મૂલ્યાંકન પદ્ધતિઓનો અભ્યાસ*

*સિદ્ધાંત:* વિદ્યાર્થી આકારણી દ્રષ્ટિબિંદુ અને પ્રણાલિ

*પ્રાયોગિક કાર્ય:* આકારણીનું માળખું તૈયાર કરવું ; સવાલોનું સ્વરૂપ નક્કી કરવું; ગુણવત્તાલક્ષી પાસાઓનું વિશ્લેષણ.

દરેક કોર્ષમાં વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસના એકમો લેવા. દા:તઃ બાળક અને કિશોરોના વિકાસના કોર્ષમાં સમાજશાસ્ત્રમાંથી બાળપણ ઘડતર , બૌદ્ધિક અને ભાષાલક્ષી વિકાસના મુદ્દાઓ મનોવિજ્ઞાન અને સામાજિક-ભાષાશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી લેવામાં આવે છે. દરેક સૈદ્ધાંતિક કોર્ષના દરેક એકમમાં ક્ષેત્ર કાર્યના એકમનો સમાવેશ થવો જોઈએ. દા:તઃ સમકાલીન અભ્યાસમાં 'અનામત'અથવા તો 'કાચની બંગડીઓ કઈ રીતે કાચા સ્વરૂપમાંથી તૈયાર માલ થઈને બજારમાં પહોંચે છે' તે વિશેનો પ્રોજેક્ટ આપી શકાય. અભ્યાસક્રમના અભ્યાસના કોર્ષમાં એવા એકમો ફરજિયાત હોવા જોઈએ જેમાં અભ્યાસક્રમ-સામગ્રી, તેના હેતુઓ, સૈદ્ધાંતિક દ્રષ્ટિએ અને પ્રાયોગિક સંશોધનના સંદર્ભમાં પાઠ્યપુસ્તકોનો અભ્યાસ સમાવિષ્ઠ હોય. અધ્યાપન પદ્ધતિઓના અભ્યાસના કોર્ષમાં એવા એકમો ફરજિયાત હોવા જોઈએ જે વિષયવસ્તુ , વિદ્યાર્થીના મનમાં થતી વૈચારિક પ્રક્રિયા અને

શીખવાની પ્રક્રિયા, સૈદ્ધાંતિક દ્રષ્ટિએ અને પ્રાયોગિક સંશોધનના સંદર્ભમાં અધ્યાપન પ્રક્રિયા અભ્યાસ પર પ્રકાશ ફેંકતા હોય.

ઉપરના દરેક કોર્ષમાં પ્રાયોગિક કાર્ય પૂરક રીતે જોડાયેલું હોવું જોઈએ. દા:ત: 'બાળક અને કિશોરનો વિકાસ અને અભ્યાસ'ના કોર્ષમાં રોજબરોજના સંજોગોમાં વિદ્યાર્થીઓનું અવલોકન, જેથી તેઓની રમતોની પેટર્ન જાણી શકાય ; વિવિધ આર્થિક , સામાજિક અને સાંસ્કૃતિક માહોલ જાણી શકાય ; વિદ્યાર્થીના મનમાં થતી વૈચારિક પ્રક્રિયા અને શીખવાની પ્રક્રિયા અને પુસ્તક-બાળક વચ્ચેની આંતર ક્રિયા જાણી શકાય છે. આ દરેક પ્રાયોગિક કાર્ય એવી રીતે ગોઠવાવા જોઈએ કે જેથી સૈદ્ધાંતિક અને ક્ષેત્ર કાર્ય વચ્ચે એક પરસ્પર ગતિશીલતા જળવાઇ રહે.

*ક્ષેત્ર-સી: શાળા ઈન્ટર્નશીપ*

વ્યવહારૂ હોય ત્યાં અધ્યાપન અને અધ્યયનના ઇનોવેટીવ કેન્દ્રોની મુલાકાત , વર્ગખંડ આધારિત સંશોધન પ્રોજેક્ટ.

અઠવાડિયાના ચાર દિવસ , ઓછામાં ઓછા ૬ થી ૧૦ અઠવાડિયાની ઈન્ટર્નશીપ, જેમાં શરૂઆતના તબક્કે વર્ગખંડનું નિયમિત અવલોકન

ઈન્ટર્નશીપ હોય તે શાળામાં અભ્યાસના સ્ત્રોતોનો વિકાસ અને નિભાવ

એકમ આયોજનનો વિકાસ અને ચિંતનશીલ જર્નલનો નિભાવ.

શાળા ઈન્ટર્નશીપ દરમ્યાન વિષય દીઠ ૪ થી વધુ યુનિટ પ્લાન અધ્યાપન મહાવરા માટે હોવા ન જોઈએ. એકમના આયોજનમાં વિષયવસ્તુ સાથે અનેક સ્ત્રોતનો સમાવેશ થાય છે જેમ કે પાઠ્યપુસ્તકો , વિષયવસ્તુની રચના અને રજૂઆત , તથા (એ) વિદ્યાર્થીના જ્ઞાનનો પાયો અને સમજશક્તિનું મૂલ્યાંકન થાય ; (બી) જ્ઞાન-ઉપાર્જનની પ્રક્રિયા આગળ ધપાવી શકાય અને વર્ગખંડમાં 'અર્થ' તારવણી કરી શકાય ; (સી) વિદ્યાર્થીની શીખવાની ક્ષમતાનુ મૂલ્યાંકન કરી શકાય એ હેતુથી સવાલોનું સ્વરૂપ નક્કી કરવું અને તેથી અધ્યાપન પદ્ધતિમાં સુધારો કરી શકાય અને અંતે શીખવાની પ્રક્રિયામાં સુધારો જોઈ શકાય.

- ૨. ૭ ચાર વર્ષના સંકલિત કાર્યક્રમનું મૉડેલ

- ચાર વર્ષના સંકલિત કોર્ષની પરિકલ્પના અને લક્ષણોનો સારાંશ નીચે મુજબ છે. આમાં પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણના કાર્યક્રમની રચનામાં સામાન્ય શિક્ષણ સાથે વ્યાવસાયિક તાલીમ પણ સામેલ છે. આ લક્ષણો એન.સી.ટી.ઈ. દ્વારા મંજુર કરાયેલ બેચલર ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન પ્રોગ્રામમાંથી લેવામાં આવ્યા છે.

- શિક્ષણની પાયાગત બાબતોમાં સમાજશાસ્ત્રીય, ઐતિહાસિક, આર્થિક, પર્યાવરણીય, દર્શનશાસ્ત્રીય, સાંસ્કૃતિક અને રાજકીય સંદર્ભો સામેલ હોય છે અને શિક્ષણ અંગેના વિચારો વણાયેલ હોય છે.

- મુખ્ય કોર્ષ વિષયવસ્તુ સાથે પુનરાવલોકન, અને ખ્યાલો અને દ્રષ્ટિબિંદુને પુનઃનિર્માણ કરવાના હેતુ સાથેનો હોવો જોઈએ.

- અધ્યાપનના સિદ્ધાંતોનો અભ્યાસ અને વિદ્યાર્થીના માહોલને, તેઓની વિચારવાની, શીખવાની પ્રક્રિયાને સમજવી જે પ્રસ્તુત અને યોગ્ય અધ્યાપન વ્યૂહ ઘડી કાઢવા માટે પાયા સમાન છે.

- પ્રાકૃતિક વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ભાષાઓ અને ગણિત જેવા મુખ્ય જ્ઞાનના ક્ષેત્રોના માળખામાં રહીને અધ્યાપનના કોર્ષ ઘડી જોઈએ, શાળાના અલગ અલગ વિષયને ધ્યાનમાં લઈને નહી.

- સૈદ્ધાંતિક કોર્ષ એવી રીતે ઘડાવા જોઈએ કે તે આંતર-વિદ્યાશાખાકીય બને અને સામાજિક વાસ્તવિકતા અને વ્યક્તિગત અનુભવો પર આધારિત હોય.

- સૈદ્ધાંતિક કોર્ષમાં આંતરિક રીતે વણાયેલ ક્ષેત્રીય કાર્યના એકમો હોવા જોઈએ જેથી સૈદ્ધાંતિક અને પ્રયોગ વચ્ચે સેતુ સ્થપાયેલ રહે.

- ભાષાઓ, ગણિત, વિજ્ઞાન અને સામાજિક જેવી મુખ્ય વિદ્યાશાખામાંથી પસંદ કરીને સઘન અભ્યાસ જરૂરી છે.

- વ્યક્તિ-સમાજ વચ્ચેના આંતર-વ્યવહાર , સમાજમાં સ્થાનના વિકાસની સાથે સાથે નાટક, કળા-કારીગરી, સંગીત, અને સ્વ-વિકાસના વર્કશોપ દ્વારા વ્યક્તિત્વ વિકાસ સધાવો જોઈએ.

- વ્યાપક અને સઘન પ્રાયોગિક કાર્યના કોર્ષ શિક્ષકને વર્તમાન સમયના શિક્ષણના તમામ પાસાઓ વિશે પ્રભુત્વ આપે છે ; અધ્યયનના વાતાવરણમાં ઊભી થતી અનપેક્ષીત પરિસ્થિતિનો સામનો કરવા સજ્જતા બક્ષે છે. સાથે સાથે બદલાતી જતી વિદ્યાર્થીઓની જરૂરિયાતો પરત્વે પણ સજ્જ કરે છે અને પરિવર્તન લાવવા સક્ષમ બનાવે છે.

- પ્રાયોગિક કાર્ય કોર્ષ અન્ય વ્યાવસાયિક ક્ષમતાઓ અને સમજ વિકસાવે છે: વિદ્યાર્થીને તેના માહોલના સંદર્ભમાં સમજવાની ક્ષમતા ; વિકાસક્ષમ અને સાંદર્ભિક વ્યવહારૂ અધ્યાપન પદ્ધતિ વિકસાવવી , વિદ્યાર્થીઓને અસરકારક રીતે પીરસી શકાય તે માટે વિષયવસ્તુને પુન:ગોઠવવી ; અધ્યયન માટે અનુભવો આધારિત પ્રવૃત્તિઓની રચના અને પસંદગી કરવી ; અવલોકન, દસ્તાવેજીકરણ, વિશ્લેષણ, સંયોજન, અર્થઘટન અને મનન કરવું વગેરેમાં મદદરૂપ થાય છે.

- શાળા સાથેનો લાંબા ગાળાનો સંસર્ગ ચાલુ શિક્ષણપ્રથાની મર્યાદાઓ સમજવી અને કાર્યકારી યોજના ઘડી કાઢવા જરૂરી છે. સંઘર્ષ , મનોમંથન અને સામાજિક પરિવર્તનના સ્થળો તરીકે ઔપચારિક શિક્ષણના સ્થળોને સમજવા અને તે વિશે વિચારણા કરવી.

# પ્રકરણ 3

# અભ્યાસક્રમનો અમલ અને વિકસતા શિક્ષકનું મૂલ્યાંકન

## ૩. ૧ પરિચય

સૂચિત શિક્ષક-પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં સૌથી પડકારજનક બાબત તેના અમલની છે અધ્યાપન એક વ્યવસાય છે અને શિક્ષક-પ્રશિક્ષણ એ શિક્ષકને વ્યાવસાયિક રીતે તૈયાર કરવાની પ્રક્રિયા છે. આપણે બધા જાણીએ છીએ તેમ વ્યવસાયના લક્ષણોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે: તે એક જ્ઞાનનો સુગ્રથિત સંગ્રહ છે જેના પર તમામ કાર્યનો આધાર રહેલો છે (શિક્ષક પાસે રહેલું વિષયનું જ્ઞાન) ; એક તર્કસંગત સમયગાળાની સઘન અને ઔપચારિક વ્યાવસાયિક તાલીમ જેમાં ક્ષેત્રીય વ્યાવસાયિક અનુભવ પણ સામેલ હોય; અને વ્યવસાયના નૈતિક-ધોરણો જે આ વ્યવસાયમાં સામેલ સભ્યોને એકબીજા સાથે બંધુત્વની ભાવનાથી જોડે છે. આમ , કોઈ વ્યક્તિને એક વ્યાવસાયિક તરીકે તૈયાર કરવી તે એક કઠીન કાર્ય છે અને તેમાં અનેક ક્ષેત્રો સંબંધિત અને બહુ પરિમાણ કાર્ય કરવું પડે છે. તે માટે વ્યાવસાયિક તાલીમના તમામ પાસાઓના વ્યવસ્થિત અભ્યાસની જરૂર છે. જ્ઞાન અને શિક્ષણના સિદ્ધાંતોની સમજ , ક્ષેત્રીય પ્રાયોગિક કાર્ય માટેના કૌશલ્યો અને અધ્યયન, અધ્યાપન અને વ્યાવસાયિક આદતો અને મૂલ્યોની પ્રશિક્ષણ સંબંધિત ક્ષમતાઓ. વ્યાવસાયિક તાલીમના બે પાસાઓ- અભ્યાસક્રમનો અમલ અને અધ્યયન પ્રવૃત્તિનું મૂલ્યાંકન અહીં ચર્ચવામાં આવ્યા છે:

## ૩. ૨ શિક્ષક-પ્રશિક્ષણના અભ્યાસક્રમનો અમલ

ટેબલ નંબર ૨ માં એ પ્રક્રિયાઓ આપવામાં આવી છે જે ઉપરોક્ત દ્રષ્ટિબિંદુના મૂળમાં રહેલ શિક્ષક-પ્રશિક્ષણના કાર્યક્રમમાં વ્યક્ત થાય છે. આ પ્રક્રિયાઓને એ પ્રવૃત્તિઓ સામે રાખવામાં આવી છે જે વર્તમાન શિક્ષક-પ્રશિક્ષણ પ્રથામાં છે. આ સરખામણી એ હેતુ સારે છે કે આ પ્રક્રિયાઓ શિક્ષકને ખરા અર્થમાં સમર્થ બનાવે છે , અભ્યાસક્રમના ‘અમલ કરનાર’.નહી પરંતુ ત્યારબાદ કેટલાંક પ્રક્રિયા આધારિત અભ્યાસક્રમના અમલ માટે

ચાવીરૂપ મુદ્દાઓની રજૂઆત છે જે ચિંતનશીલ અને મૌલિક વિચારવાળા શિક્ષકનું ઘડતર કરવા માટે અગત્યના છે.

**ટેબલ ૨: વર્તમાન 'નિષ્ક્રિય પ્રથા' અને સૂચિત પ્રક્રિયા-આધારિત શિક્ષક-પ્રશિક્ષણના અભ્યાસક્રમનું માળખું**

| વર્તમાન 'નિષ્ક્રિય' શિક્ષક-પ્રશિક્ષણ | સૂચિત પ્રક્રિયા-આધારિત શિક્ષક-પ્રશિક્ષણ |
|---|---|
| સંદર્ભ પર પૂરતું ધ્યાન આપ્યા વગર વિદ્યાર્થીના મનોવૈજ્ઞાનિક પહેલુઓ પર વિશેષ ધ્યાન. બાળકો અને શીખવાની પ્રવૃત્તિના સામાન્ય સિદ્ધાંતો પર વિશેષ ધ્યાન. | જે સામાજિક, સાંસ્કૃતિક, અને રાજકીય માહોલમાં વિદ્યાર્થી ઉછેર પામે છે અને વિકાસ પામે છે તેની સમજ. સૈદ્ધાંતિક દ્રષ્ટિની સાથે સાથે વિદ્યાર્થીના જીવનની વાસ્તવિક પરિસ્થિતિઓ પર વિશેષ ધ્યાન. |
| સિદ્ધાંતો જે 'આપવામાં આવેલ છે' તેને વર્ગખંડમાં લાગુ પડાય છે. | સૈદ્ધાંતિક, અવલોકન અને અનુભવો પર આધારિત જ્ઞાનના ખ્યાલો ઉપાર્જિત થાય છે. |
| જ્ઞાનને એક 'બાહ્ય' બાબત જે વિદ્યાર્થી દ્વારા 'પ્રાપ્ત' કરી શકાય એવું ગણવામાં આવે છે . | સમીક્ષાત્મક અભ્યાસ દ્વારા અધ્યાપન, અધ્યયન, વ્યક્તિગત અને સામાજિક અનુભવોના સહિયારા સંદર્ભમાં જ્ઞાનનું ઉપાર્જન. |
| શિક્ષકના તાલીમકાર માહિતી પ્રદાન કરે છે અને વિદ્યાર્થી-શિક્ષકને ચોક્કસ માળખાવાળા અસાઈનમેન્ટ આપે છે. જે વિદ્યાર્થી-શિક્ષકે પૂર્ણ કરવાના હોય છે. તાલીમનું સમયપત્રક શિક્ષક દ્વારા માર્ગદર્શિત પ્રવૃત્તિઓથી ભરપૂર હોય છે. ચિંતન અને સ્વ-અધ્યયન માટે ખૂબ ઓછી તકો હોય છે. | શિક્ષકના તાલીમકાર તેના વિદ્યાર્થીઓને પ્રતિક્રિયાઓ માટે પ્રોત્સાહિત કરે છે જેથી તેઓ મનન અને ઊંડી ચર્ચામાં જોડાય. સમીક્ષાત્મક અભ્યાસ અને સ્વ-અધ્યયનના મુદ્દાઓ વિદ્યાર્થીઓ ઓળખે અને વ્યક્ત કરે તે માટે તાલીમકાર તેઓને પ્રોત્સાહિત કરે છે. વિદ્યાર્થીઓ પોતાના અવલોકનો, અવરોધોઅને વિચારોની નોંધ માટે એક મૌલિક જર્નલ તૈયાર કરે |
| સામાન્ય શિક્ષણ પછી ટૂંકા ગાળાની ઈન્ટર્નશીપ. | લાંબાગાળાની ઈન્ટર્નશીપ જે જ્ઞાનના મુખ્ય ક્ષેત્રો-વિજ્ઞાન, કળા અને માનવ શાસ્ત્રોના શિક્ષણ સાથે વણાયેલ હોય. |
| વિદ્યાર્થીઓ અસાઈનમેન્ટ વ્યક્તિગત રીતે તૈયાર કરે છે અને આંતરિક કસોટી, ક્ષેત્રીય કાર્ય અને અધ્યયન મહાવરા પર વ્યક્તિગત જાતે મહેનત કરે છે. | વિદ્યાર્થીઓને સમૂહમાં કાર્ય કરવા પ્રોત્સાહિત કરાય છે જેમાં વર્ગખંડ અને વિદ્યાર્થીઓનું અવલોકન, ક્રિયા-પ્રતિક્રિયા, વિવિધ કોર્ષના પ્રોજેક્ટ સામેલ હોય છે. જૂથ રજૂઆતને પ્રોત્સાહન અપાય છે. |
| તાલીમાર્થી શિક્ષકોની સામાજિક વાસ્તવિકતાઓ વિશે, વિદ્યાર્થીઓ વિશે અને શીખવાની પ્રવૃત્તિ વિશેની ધારણાઓ સમજવા અવકાશ મળતો નથી. | વિદ્યાર્થીઓને પોતાનું સમાજમાં સ્થાન અને વર્ગખંડમાં થતી ચર્ચા-વિચારણાના એક ભાગ તરીકેની ધારણાઓ સમજવા પૂરતો અભ્યાસકીય અવકાશ અપાય છે. |
| વિદ્યાર્થીના વિષયલક્ષી ખ્યાલો તપાસવા માટે પૂરતો અવકાશ નથી. | માળખામાં જ વિદ્યાર્થીઓના મનમાં જ્ઞાનની જે ખોટી ધારણાઓ હોય તેને પડકારવા, જ્ઞાનને ચકાસવા અને તાજુ કરવા અવકાશ પ્રાપ્ય બનાવવામાં આવે છે. |
| ચોક્કસ પાઠને ભણાવવાનો મહાવરો, ચોક્કસ સ્વરૂપમાં પાઠનું આયોજન જેમાં અધ્યયન પર કોઇ વિચાર કરાતો નથી. | શાળા ઈન્ટર્નશીપ-વિદ્યાર્થીઓને સ્વરૂપ બાબતે છુટછાટ હોય છે, અભ્યાસના એકમોનું માળખું અને વેબ-ચાર્ટ વ્યાપક હોય છે, ચિંતનાત્મક જર્નલ તૈયાર કરાય છે. |

*પુખ્ત વિદ્યાર્થીને શીખવાડવું*

શિક્ષક-પ્રશિક્ષણને પુખ્ત વિદ્યાર્થી સાથે લેવાદેવા છે. તેથી તે પુખ્ત લોકો કઈ રીતે શીખે છે તે બાબત મહત્વની હોવી જોઈએ. પુખ્ત વિદ્યાર્થી સ્વતંત્ર અને સ્વયં-માર્ગદર્શિ , જીવનનો વિશાળ અનુભવ અને જ્ઞાન ધરાવનાર , સમજી શકાય તેવા અને ધ્યેયલક્ષી હોય છે, સમસ્યા-નિરાકરણના કાર્ય-આધારિત અધ્યયનમાં સારો પ્રતિભાવ આપનારા હોય છે. આથી, વ્યાવસાયિક જ્ઞાન અને ક્ષમતા પર વિશેષ ભાર અપાવો જોઈએ અને આ માટે સંશોધન પ્રવૃત્તિ , સેમિનાર, પ્રોજેક્ટ, ખાસ કિસ્સાનો અભ્યાસ જેવી સ્વ-માર્ગદર્શિ પ્રવૃત્તિ આવશ્યક છે.

*વિદ્યાર્થીના અનુભવોને કેન્દ્રસ્થાને લાવવા :*

સૂચિત, પ્રક્રિયા-આધારિત શિક્ષક-પ્રશિક્ષણ પરંપરાગત શિક્ષક-પ્રશિક્ષણ કરતા એ રીતે અલગ પડે છે કે તેમાં સૈદ્ધાંતિક ખ્યાલોઅને માળખુ વિદ્યાર્થીના અનુભવ જગત અને વ્યાપક સામાજિક હકીકતો સાથે સુસંગત છે. શિક્ષક-પ્રશિક્ષણના માળખામાં જ એવી તકોની જોગવાઈ કરવામાં આવે છે કે અભ્યાસના દરેક ક્ષેત્રમાં અનુભવથી સૈદ્ધાંતિક અને સૈદ્ધાંતિકથી ક્ષેત્ર કાર્ય વચ્ચે ગતિશીલતા જળવાઈ રહે.

*સૈદ્ધાંતિક ખ્યાલો અને માળખા વચ્ચે સંયોજન*

એ નોંધવું અગત્યનું છે કે સૈદ્ધાંતિક ખ્યાલો અને માળખા વચ્ચે સંયોજન હોવું જરૂરી છે અન્યથા તમામ ચર્ચા(પ્રોજેક્ટ વર્ક સહિત) માત્ર વ્યક્તિગત અનુભવોની આજુબાજુ ઘૂમ્યા કરશે. આવા સંજોગોમાં મુખ્ય ચર્ચાને અનુભવોના નિરૂપણ આગળ ચિંતનશીલ વિશ્લેષણ સુધી લઇ જવી અઘરી બાબત બની જશે. જો આપણે પ્રશિક્ષકની વિચારવાની, વિશ્લેષણ કરવાની, અર્થ તારવવાની અને ચિંતનની ક્ષમતા વધારવા માંગતા હોઈએ તો આ બાબત ચેતવણી સમાન છે.

સૈદ્ધાંતિક અધ્યાપનના સંદર્ભમાં , આપણે નોંધી શકીએ છીએ કે શિક્ષક-પ્રશિક્ષણમાં જ્ઞાનના ઘટકો, શિક્ષણની વિદ્યાશાખાઓના વ્યાપક ક્ષેત્રોમાંથી તેમ જ પાયાગત વિદ્યાશાખાઓ જેવી

કે તત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને મનોવિજ્ઞાનમાંથી લેવામાં આવ્યા છે અને તેઓને તે રીતે જ રજુ કરવા જોઈએ. શિક્ષણના સંદર્ભમાં આ આંતર-વિદ્યાશાખાકીય અભ્યાસ બને છે. બીજા શબ્દોમાં કહીએ તો , વિવિધ ખ્યાલોના મુદ્દાઓને એવા સ્વરૂપમાં વ્યક્ત કરવા જોઈએ કે તેઓ શિક્ષણની પ્રક્રિયાને સમજાવે અને વર્ણવે. શિક્ષણની પ્રક્રિયામાં પગલાંઓ, કાર્યો, પ્રયત્નો, પ્રવૃત્તિઓ, ઘટનાઓ વગેરેનો સમાવેશ થાય છે. આવું કરતી વખતે વિવિધ વિદ્યાશાખામાંથી લીધેલા સિદ્ધાંતો સંકલિત સ્વરૂપમાં વ્યક્ત થવા જોઈએ જેથી વાસ્તવિકતા અને શૈક્ષણિક ઘટકોની સંયુક્ત સમજ સુધી પહોંચી શકાય. અહીં અગત્યનો મુદ્દો એ છે કે શિક્ષક-પ્રશિક્ષણમાં જ્ઞાનના ઘટકોને સ્વરૂપ આપતી વખતે સમજૂતીઓ શિક્ષણના અને અન્ય વિદ્યાશાખાઓના દ્રષ્ટિબિંદુથી સમજાવવી જોઈએ. એ દિશામાં પ્રયત્ન થવા જોઈએ કે પરંપરાગત 'સૈદ્ધાંતિક થી પ્રેક્ટિસ' મૉડેલની જગ્યાએ એવું મૉડેલ સ્થાપિત થવું જોઈએ જેમાં બહારની વાસ્તવિકતાઓ વિશે સિદ્ધાંત નિર્માણ કરવા અને વિચારવાના હેતુસર સાધનો અને માળખાના વિકાસ માટે સૈદ્ધાંતિક સમજ કેળવવી.

ચિંતનશીલ વ્યવસાયી બનાવવાની તાલીમ:

શિક્ષક-પ્રશિક્ષણ દરેક તબક્કે ભાવિ શિક્ષક ને પોતાને અને બીજાને સમજવા માટેની , સમજશક્તિ વિકસાવવાની, વિશ્લેષણ કરવાની ક્ષમતાની અને મૌલિક વિચારો કરવાની તકો પૂરી પાડતી હોવી જોઈએ. તે વિદ્યાર્થીઓનું અવલોકન કરવાની અને તેઓ સાથે સમય વિતાવવાની અને સમૂહમાં કાર્ય કરવાની વૃત્તિ કેળવાય તે માટેની તકો પણ પૂરી પાડતી હોવી જોઈએ. અભ્યાસક્રમમાં વિષયવસ્તુ માટે અને વ્યાવસાયિક ક્ષમતાઓ જેવી કે અધ્યાપન, અવલોકન, નાટક, કળા-કારીગરી, વાર્તા-કથન અને ચિંતનશીલ શોધવૃતીના વિકાસ માટે પૂરતો અવકાશ હોવો જોઈએ.

વ્યાવસાયિક તકોમાં શિક્ષકોના કોર્ષના એક ભાગ તરીકે અને વર્ગખંડની ચર્ચાના ભાગરૂપે પોતાના અનુભવો અને ધારણાઓ પરનું ચિંતનનો સમાવેશ જરૂરી છે ; અધ્યાપન મહાવરા વિશે સમીક્ષાત્મક અવલોકન અને મૌલિક વિશ્લેષણ. એક વિચારશીલ વ્યવસાયી બનવા માટે પ્રતિભાવોની પ્રાપ્તિ, ગુણવત્તા, યોગ્યતા અને યોગ્ય પ્રમાણ પણ જરૂરી છે.

*સત્યશોધન માટે તર્કસંગત વિચારણા:*

સૈદ્ધાંતિક કોર્ષની રચના અને અમલ એવી રીતે થવો જોઈએ કે તે જ્ઞાન, વિદ્યાર્થી, અધ્યયન અને અધ્યાપન વચ્ચેના સંબંધની ઊંડી સમજ વિકસાવવા પર્યાપ્ત અવકાશ પ્રદાન કરે. આ પ્રકારની શિક્ષણ-પ્રથાને સુનિશ્ચિત કરવા માટે અસરકારક ઉપાય એ છે કે સૈદ્ધાંતિકની સાથે સાથે ક્ષેત્રીય કાર્ય માટે પણ તક પ્રાપ્ય આપવામાં આવે. પ્રાયોગિક કોર્ષ જે પ્રશિક્ષકને બાળકો અને તેઓના સંજોગો સાથે, શાળા અને સંજોગો સાથે જોડે છે અને પોતાને શિક્ષક બનવાની મહત્વાકાંક્ષા સાથે જોડે. તે સૈદ્ધાંતિક અભ્યાસને પૂરક હોવો જોઈએ.

અર્થસભર ઈન્ટર્નશીપ અને શાળા અનુભવ:

સેવા-પૂર્વ શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષમાં લાંબા ગાળાનો શાળા સાથેનો સંસર્ગ, અધ્યાપનનો અનુભવ, અને વિદ્યાર્થીઓનું અવલોકન અને સેવારત શિક્ષકના વર્ગખંડનું નિરીક્ષણનો સમાવેશ થવો જોઈએ. એક સેવારત શિક્ષક તરીકે કાર્ય કરતા તાલીમાર્થીને તક મળે છે કે તે અભ્યાસ, અભ્યાસક્રમ સામગ્રી અને અધ્યાપન પ્રેક્ટિસ વિશે વાસ્તવિક ધ્યેયો નિશ્ચિત કરી શકે છે. એક લાંબા ગાળાની ઈન્ટર્નશીપ દ્વારા શિક્ષકને વર્ગખંડમાં પ્રવૃત્તિઓના આયોજનમાં, તેની રચના કરવામાં અને પસંદગીમાં મદદ મળે છે. સાથે સાથે પોતાની પ્રવૃત્તિઓ વિશે અવલોકન, જાળવણી અને વિશ્લેષણ દ્વારા સમીક્ષાત્મક વિચારણા કરવા અને અભ્યાસક્રમ અને અધ્યાપન પ્રેક્ટિસ વિશે વિદ્યાર્થીઓ પ્રતિભાવ આપતાં શીખે તે માટે વ્યૂહ ઘડી કાઢવા મદદ મળી રહે છે. શાળાને પણ આ બિનપરંપરાગત અધ્યાપન શૈલીનો પરિચય થવાને લીધે આ ઈન્ટર્નશીપ પ્રથાથી ફાયદો થશે.

ઈન્ટર્નશીપ એવી રીતે આયોજિત થવી જોઈએ કે જે શિક્ષકની ક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટે ઉપયોગી હોય ; વ્યવસાયમાં સામાજીકરણને પ્રોત્સાહિત કરે ; અધ્યાપન-અધ્યયનના ખ્યાલોના વિકાસને બળ આપે ; પ્રયોગ કરવા સુરક્ષિત ક્ષેત્ર પૂરું પાડે ; નવા દ્રષ્ટિબિંદુમાં ડોકિયું કરવાની ક્ષમતા વિકસાવે ; અને શીખવાની અને વૈચારિક પ્રક્રિયાને શરૂ રાખવા પ્રેરિત કરતી રહે.

## 3. 3 પૂરક માળખું અને તંત્રની જરૂરિયાત

એ નોંધવું જોઈએ કે શિક્ષક-પ્રશિક્ષણના કાર્યક્રમની પરિકલ્પના સાકાર કરવા માટે પૂરક માળખું અને તંત્ર તે બાબતને અનુરૂપ હોવા જરૂરી છે. તમામ સૈદ્ધાંતિક કોર્ષ આંતર-વિદ્યાશાખાકીય અને ક્ષેત્ર -આધારિત અભ્યાસના એકમો સહિતના હોવા જોઈએ. દા:ત: જો 'સમકાલીન ભારતીય અભ્યાસ' માં મુખ્ય સામાજિક વિજ્ઞાન જેવા કે સમાજશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ અને અર્થશાસ્ત્રનો આધાર લેવામાં આવ્યો હોય, તો શું તે શિક્ષણના સમાજશાસ્ત્રીય , ઐતિહાસીક, રાજ્યશાસ્ત્રીય, ભૌગોલિક અને અર્થશાસ્ત્રીય સંદર્ભનો ખ્યાલ સ્પષ્ટ કરશે? આ ખ્યાલ તો જ દ્રઢ બને જો સૈદ્ધાંતિક કોર્ષમાં ક્ષેત્ર -આધારિત એકમો સામેલ હોય.

આ જ પ્રમાણે જ, એવા રિસોર્સ-સેન્ટરોની સ્થાપના કરવી જે પાઠ્યપુસ્તકો અને અન્ય સ્ત્રોતો જેવા શિક્ષણના સાધનો અને ખ્યાલો સાથે વ્યવહારૂ સંપર્ક કરાવી શકે તે ખૂબ અગત્યનું છે. આ રિસોર્સ-સેન્ટરોને એક એવા પ્રક્રિયાતંત્ર તરીકે લઇ શકાય જે તાલીમી શિક્ષક અને સેવારત શિક્ષક માટે વર્ગખંડના સંદર્ભમાં , વ્યાપક સામાજિક સંદર્ભમાં અને વિદ્યાર્થીના વૈવિધ્યની બાબતમાં પાયાનો અભ્યાસ પૂરો પાડે છે. જે વૈચારિક માળખામાં આ સેન્ટરો ચાલી શકે તે નીચે મુજબ છે:

*અધ્યાપન-અધ્યયન કેન્દ્રો:*

*વ્યવહારુ અનુભવ માટે માળખાગત જોગવાઈ(અવકાશ)*

એક અધ્યાપન-અધ્યયન કેન્દ્ર, શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓમાં એક માળખાગત '*જોગવાઈ(અવકાશ)*' છે જે પ્રશિક્ષક માટેની અધ્યયન સામગ્રી , વિદ્યાર્થી સાથે સંસર્ગ, મૌલિક વિચારો માટે તકો પૂરી પાડે છે. અધ્યાપન-અધ્યયન કેન્દ્રની રચના અને અભિગમ એ પ્રક્રિયાઓને શક્ય બનાવે છે જે પ્રશિક્ષકને વિદ્યાર્થીના વિશ્વ , તેના સંદર્ભ, વિષયવસ્તુ, અભ્યાસસામગ્રી, અને શીખવાની પ્રક્રિયા સાથે જોડે ; અને તાલીમાર્થીને સ્વયં એક વ્યાવસાયિક બનવા માંગતી વ્યક્તિ તરીકે ગણતરીમાં રાખે.

*અધ્યાપન-અધ્યયન કેન્દ્ર: પ્રશિક્ષક, ઈન્ટર્નશીપ શિક્ષક અને શિક્ષક તૈયાર કરનાર માર્ગદર્શક માટે એક સ્ત્રોત*

એક અધ્યાપન-અધ્યયન કેન્દ્ર, વિવિધ સ્રોતોનો સંગ્રહ છે જે પ્રશિક્ષક માટે પોતાની તાલીમ દરમ્યાન ઉપયોગી નીવડે. આ સ્રોતોમાં તાલીમાર્થી શિક્ષકોએ તૈયાર કરેલ અભ્યાસ સામગ્રીથી માંડીને અન્ય વિવિધ સંસ્થાઓએ તૈયાર કરેલ અભ્યાસસામગ્રી , પ્રવૃત્તિ પુસ્તિકાઓ, બાળ-સાહિત્ય, શાળાના પાઠ્યપુસ્તકો, અને અન્ય વૈકલ્પિક સામગ્રીનો સમાવેશ થાય છે. વિવિધ પ્રકારની સામગ્રી સાથે કાર્ય કરવાથી માત્ર પાઠ્ય પુસ્તકો પર જ્ઞાનના સ્રોત તરીકે આધાર રાખવાની ટેવ પર કાબુ રહેશે.

*અધ્યાપન-અધ્યયન કેન્દ્ર: આંતર ક્રિયા અને આદાન-પ્રદાનનું એક મંડળ*

અધ્યાપન-અધ્યયન કેન્દ્ર, પ્રશિક્ષક અને ઇન્ટર્ન-શિક્ષક માટે સામગ્રી તૈયાર કરવાનું અને અધ્યાપનના આયોજન માટેનું એક મંડળ છે. અવારનવાર થતી આંતર ક્રિયા અને આદાન-પ્રદાન તાલીમાર્થી શિક્ષકોને કેટલીક બાબતોની સ્પષ્ટતામાં વિશે મદદરૂપ થાય છે અને તેઓ એકબીજાના અનુભવોમાંથી શીખે છે. પરસ્પરની આ મુલાકાતો વાર્ષિક, માસિક કે અઠવાડિક ધોરણે યોજી શકાય છે. આ મુલાકાતોનો હેતુ જે તે વર્ષ માટે અભ્યાસક્રમના આયોજનથી માંડીને એકમોના આયોજન અને વેબ-ચાર્ટ જેવા હોઈ શકે.

*અધ્યાપન-અધ્યયન કેન્દ્ર: વર્ગખંડ આધારિત સંશોધનના પ્લેટફોર્મ તરીકે*

અધ્યાપન-અધ્યયન કેન્દ્ર, શિક્ષકને એક ટૂંકા સંશોધન પ્રોજેક્ટ માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે જેના હેતુઓ શિક્ષકોની વિદ્યાર્થીઓ અંગેની સમજ વ્યાપક બનાવે છે અને તેઓનું વિષય-વસ્તુનું જ્ઞાન વધારે છે. દા:ત: એક સંશોધનને લગતો પ્રોજેક્ટ કે વિદ્યાર્થીઓ કઈ રીતે અંકગણિતના દાખલા ઉકેલવા વપરાતી યુંક્તિઓનો ઉપયોગ કરીને ગણિતનું જ્ઞાન વધારી શકે. બાળકો કઈ રીતે પોતાની અંકગણિતના દાખલાઓ ઉકેલવાની સરળ રીતોનો વિકાસ કરે છે તે અંગેની શિક્ષકની સમજ વધારીને સંશોધન આધારિત શીખવાની રીતનું માળખું અધ્યાપન-અધ્યયન માટે દિશા સૂચન કરે છે. સરવાળે આ શિક્ષકના વ્યાવસાયિક વિકાસ દ્વારા વિદ્યાર્થીઓની સમજ શક્તિ વધારે છે.

*અધ્યાપન-અધ્યયન કેન્દ્ર: સ્વ-માર્ગદર્શી પ્રવૃત્તિ માટે સુવિધા*

અધ્યાપન-અધ્યયન કેન્દ્ર, એક માળખાગત સુવિધા તરીકે સેવા આપે છે જેના સ્રોત એક શિક્ષકને સ્વ-માર્ગદર્શિ પ્રવૃત્તિ જેવી કે અક્ષરજ્ઞાનના પુસ્તકો અને પાઠ્યપુસ્તકોનું વિશ્લેષણ માટે મદદરૂપ થાય છે. પ્રશિક્ષક વિવિધ સ્તરના બાળકો માટેની પાઠ્યપુસ્તકોની સુસંગતતા વિશ્લેષણ જેવા પ્રોજેક્ટ હાથ પર લઇ શકે. પાઠ્યપુસ્તકોનું વિષયવસ્તુ, રજૂઆતની શૈલી , વપરાયેલી ભાષા , ખ્યાલોની માવજત , જાતિનો મુદ્દો અને અધ્યાપન અભિગમ જેવા પરિમાણોથી કરાયેલું વિશ્લેષણ તાલીમાર્થીને સમીક્ષાત્મક રીતે વિચારવામાં સહાય કરે છે. વૈકલ્પિક અભ્યાસ સામગ્રી તેઓને પાઠ્યપુસ્તક કેટલી જુદી જુદી રીતે લખી શકાય તે રીતોનો પરિચય કરાવશે.

પ્રશિક્ષક વિદ્યાર્થીઓના કુદરતી વિજ્ઞાન અને સામાજિક ઘટનાઓ વિશેના સવાલોનો સંગ્રહ કરી શકે છે , જેમ કે: 'શા માટે આપણે અલગ અલગ ભાષાઓ બોલીએ છીએ?' ; 'અથવા તો શા માટે ગરોળી છત પરથી નીચે પડતી નથી?' આનું વિશ્લેષણશિક્ષકને વિષયવસ્તુ સાથે કાર્ય કરવા પ્રોત્સાહિત કરશે અને જુદી જુદી વયે વિદ્યાર્થીઓની તર્કશક્તિની સમીક્ષા કરશે. આ કેન્દ્રો તાલીમાર્થી શિક્ષકોને વ્યક્તિગત મુલાકાત અને તેઓ સાથે કાર્ય કરીને વિદ્યાર્થીઓના વિચારો જાણવામાં મદદ કરે છે. તાલીમાર્થીઓ વિવિધ પરિસ્થિતિઓમાંથી આવતા વિદ્યાર્થીઓના માહિતી-પત્રક તૈયાર કરી શકે જે તેઓના અનોખા સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પર્યાવરણના સમીક્ષાત્મક અભ્યાસ કરવામાં ઉપયોગી નીવડે.

*અધ્યાપન-અધ્યયન કેન્દ્ર: કૌશલ્યોની શૃંખલા વિકસાવવાનું પ્લેટફોર્મ*

અધ્યાપન-અધ્યયન કેન્દ્ર વર્કશોપના આયોજન માટે પ્લેટફોર્મ પૂરૂ પાડે છે જેની મદદથી વાર્તા-કથન, કળા-કારીગરી, સંગીત અને નાટક જેવી વ્યાવસાયિક કૌશલ્યોની શૃંખલાનો વિકાસ કરી શકાય છે. પ્રશિક્ષક વાર્તાઓને અભિવ્યક્તિ નિખારવા , કલ્પના અને ભાષાના સર્જનાત્મક ઉપયોગના માધ્યમ તરીકે ઉપયોગ કરતા શીખશે ; બુલેટીન બોર્ડ તૈયાર કરવું, વાર્તા-કવિતાનો સંગ્રહ તૈયાર કરવો અને વર્ગખંડમાં વાંચન શિબિર ગોઠવવી. તેઓ વર્ગખંડના સંચાલન માટે નાટક અને કળા-કારીગરીને અભ્યાસના સાધનો અને વ્યૂહરચના તરીકે શીખે છે. નાના સંશોધન પ્રોજેક્ટ દ્વારા પ્રશિક્ષક અને ઇન્ટર્ન શિક્ષક અવલોકન, દસ્તાવેજીકરણ, વિશ્લેષણ અને અર્થઘટનના કૌશલ્યો શીખશે.

*અધ્યાપન-અધ્યયન કેન્દ્ર: શિક્ષકોના મનોવૈજ્ઞાનિક અને વ્યક્તિગત વિકાસ માટે માળખાગત જોગવાઈ*

એક અધ્યાપન-અધ્યયન કેન્દ્ર, એવી પ્રવૃત્તિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે શિક્ષકના મનોવૈજ્ઞાનિક અને વ્યક્તિગત વિકાસ સાથે સીધી રીતે સંકળાયેલી હોય. તાલીમાર્થીઓને તેઓના પોતાના અનુભવો, શિક્ષક બનવાની મહત્વાકાંક્ષાઓ, તેઓના જાતિ અને સમાજમાં સ્થાન; વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક સંઘર્ષ પરના વિચારો સાથે કાર્ય કરવા પ્રોત્સાહિત કરાય છે. મુદ્દા આધારિત વર્કશોપ દ્વારા તેઓ બાળકો અને પુખ્ત વ્યક્તિ વચ્ચેના આંતરક્રિયામાં અંતર , સ્પર્ધા અને સહકાર તરફ તેઓના વલણ , વ્યક્તિગત અને સામાજિક જીવનમાં સ્પર્ધાની અસરોનું અવલોકન અને વિશ્લેષણ કરે છે. પોતાના વ્યક્તિત્વના પરિમાણો અંગેનું સંશોધન કેટલીક પ્રવૃત્તિઓ જેવી કે નાટક , કળા, સંગીત અને ક્રાફ્ટ દ્વારા થઇ શકે છે જે નિષ્પક્ષ અને નિર્ભય અભ્યાસકીય વાતાવરણ પૂરૂ પાડે છે. કેટલીક સ્વ-કેન્દ્રિ શીખવાની પદ્ધતિઓમાં ગહન ચિંતનાત્મક સવાલોના જવાબો શોધવાની પ્રવૃત્તિનો સમાવેશ થશે:વર્ગખંડમાં અવલોકન પર ચિંતન અને ત્યારબાદની સમૂહ-ચર્ચા; વધુ અભ્યાસ માટેના મુદ્દાઓની ચર્ચા ; સમાજમાં સ્થાન ; વૈચારિક-પ્રવૃત્તિની નોંધ વાળી ડાયરી/જર્નલ.

*અધ્યાપન-અધ્યયન કેન્દ્ર: તાલીમી શિક્ષક અને સેવારત શિક્ષકની તાલીમ વચ્ચે સેતુ જોડવા માળખાગત જોગવાઈ*

એક શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થામાં અધ્યાપન-અધ્યયન કેન્દ્ર, તાલીમી અને સેવારત શિક્ષક માટે કેટલીક સામાન્ય જોગવાઈઓ કરશે જે બન્ને માટે ઉપયોગી હોય. શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓ જે આ બન્ને પ્રકારના કાર્યક્રમો આયોજિત કરવા માંગતી હોય તેઓએ પસંદ કરાયેલી શાળાઓ પર સઘન રીતે ધ્યાન કેન્દ્રિત કરવાના હેતુ સાથે સંકલન સાધવું જોઈએ. દા:ત: ઈન્ટર્નશીપ ચાલતી હોય તે શાળાના સેવારત શિક્ષકો સેવારત શિક્ષકોની તાલીમમાં ભાગ લઇ શકે જેમાં તેઓને કોઈપણ ક્ષણે નિર્મિત થતા વર્ગખંડના સંજોગો અને વર્ગખંડની વિવિધતા સાથે અભિમુખ થવા માટેની તાલીમ મળી રહે. ડાયેટ/આઈ.એ.એસ.ઈ./શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે તાલીમી શિક્ષકોની તાલીમ માટે પસંદ કરાયેલ શાળાઓ સેવારત શિક્ષકોની તાલીમ માટે પણ પસંદ કરી શકાય છે. આ શાળાના તમામ

શિક્ષકો આ સઘન તાલીમમાં જોડાઈ શકે જે વ્યક્તિગત વિકાસ અને નિરીક્ષણ માટે ફરી તૈયાર કરવામાં આવી છે. દા:ત: એક ડાયેટ અધ્યાપન-અધ્યયન કેન્દ્ર જરૂરી માળખાગત સુવિધાઓ પૂરી પાડી શકે છે જેથી કરીને : (૧) કાર્યરત શિક્ષકોની ૨૦ દિવસની તાલીમનું આયોજન થઇ શકે અને વ્યવહારૂ તાલીમ પૂરી પાડી શકાય જે વર્ગખંડની અને શિક્ષકોની જરૂરિયાતો સંતોષી શકે , અને (૨) ઇન્ટર્ન શિક્ષકો દ્વારા શાળામાં જ સ્થપાયેલ ‘અધ્યયન કેન્દ્ર’ દ્વારા દરેક નિયમિત શિક્ષકને વ્યક્તિગત રીતે સહાય મળી રહે તે માટે શાળા આધારિત સ્રોત પૂરા પાડી શકાય છે. વર્ગખંડના સંદર્ભમાં દરેક શિક્ષકને વ્યક્તિગત રીતે મળતી સઘન મદદ અને સમયગાળો આશરે ત્રણ વર્ષનો કરવાનો મુદ્દો પરિવર્તનની પ્રક્રિયાને શક્ય બનાવશે અને શિક્ષણ પર તેની ઊંડી અસર કરશે. યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ, આઈ.એ.એસ.ઈ. કે કોઈ એન. જી. ઓ. સાથે ઔપચારિક ભાગીદારી ડાયેટ-અધ્યાપન-અધ્યયન કેન્દ્રના પ્રયાસોમાં મદદરૂપ થઇ શકે છે , ખાસ કરીને સેવારત શિક્ષકો માટે તાલીમને ફરી તૈયાર કરવા માટે અને શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાઓ અને શાળાઓ વચ્ચે સેતુ સ્થાપવા માટે

### ૩. ૪ **વિકસતા** શિક્ષકનું મૂલ્યાંકન

વર્તમાન સમયમાં , શિક્ષક માટે અધ્યયનની પ્રેક્ટિસની મુખ્ય નબળાઈ પ્રશિક્ષકના મૂલ્યાંકનની બાબતમાં છે જે સ્વભાવે વધુ પડતી પ્રમાણલક્ષી છે , ગુણવત્તાલક્ષી નથી. તે વાર્ષિક/સત્રાંત કસોટીઓ દ્વારા સ્મરણશક્તિનું માપ પૂરતું સીમિત છે ; કૌશલ્યોનું મૂલ્યાંકન ચોક્કસ સંખ્યાના પાઠ પૂરતું મર્યાદિત હોય છે ; શિક્ષક-પ્રશિક્ષણનું ગુણાત્મક પાસુ , અન્ય વ્યાવસાયિક ક્ષમતાઓ, અભિગમ અને મૂલ્યો વર્તમાન મૂલ્યાંકન પદ્ધતિના પરિઘની બહાર છે; વધુમાં, મૂલ્યાંકનની પ્રક્રિયા સતત નથી , જે સતત હોવી જોઈએ ; શિક્ષક-પ્રશિક્ષણની પ્રક્રિયામાં અભ્યાસક્રમના વિદ્યાશાખાકીય રીતે વૈવિધ્યપૂર્ણ મુદ્દાઓ સમગ્ર તાલીમગાળા દરમ્યાન કેન્દ્રિત રહે છે અને નિયત ક્રમાનુસાર હોય છે. આનું યોગ્ય તબક્કે મૂલ્યાંકન થવું જોઈએ અને તાલીમાર્થીને તે અંગે જાણ થવી જોઈએ.

(એ) સર્વાંગી મૂલ્યાંકનના લક્ષણો

- શિક્ષક-પ્રશિક્ષણમાં વિકસતા શિક્ષક વ્યક્તિગત સમજનું મૂલ્યાંકન કરવા માટે હેતુલક્ષી બનવું જરૂરી છે. આમાં સર્વાંગીકતા પણ જરૂરી છે જેથી ખ્યાલ-લક્ષી

અને અધ્યાપન-લક્ષી પરિમાણોની સમગ્ર શ્રેણી આવરી શકાય , અને સાથે સાથે તેમાં શિક્ષકના અભિગમ, સ્વભાવ અને ક્ષમતાઓ પણ સામેલ હોય તથા વિકાસના પ્રમાણલક્ષી અને ગુણવત્તાલક્ષી પરિમાણો સમાવિષ્ટ હોય. આમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે: તેઓના સંદર્ભમાં જ વિદ્યાર્થીઓ સાથે કાર્ય; શાળા અભ્યાસક્રમ અને પાઠ્ય-પુસ્તકો ; શીખવાની પ્રક્રિયા અને જ્ઞાન; મનોવૈજ્ઞાનિક અને વ્યાવસાયિક વિકાસ ; સંસ્થાગત વ્યવસ્થા, નીતિલક્ષી દ્રષ્ટિબિંદુ, અધ્યાપન અને અભ્યાસક્રમ.

- મૂલ્યાંકનમાં આટલી બાબતોનો સમાવેશ થવો જોઈએ: બાળક અને કિશોર વિકાસની પ્રક્રિયાની સમજ ; શિક્ષકનો સામાજિક સંદર્ભ ; બાળકની વૈચારિક પ્રક્રિયાનો પ્રકાર-ગણિત , ભાષા, કુદરતી અને સામાજિક ઘટનાઓ ; તત્વજ્ઞાન અને સમાજશાસ્ત્રી માળખું ; શાળા એક એવી પદ્ધતિ તરીકે જેમાં પ્રશિક્ષક પોતાની વર્તણૂક, સમૂહ શિક્ષણમાં સંચાલન અને સમૂહ-કાર્યની આવડત સંદર્ભે સતત બદલાવ અનુભવે.

(બી) મૂલ્યાંકનની શરતો

મૂલ્યાંકનના દરેક ક્ષેત્ર માટેના ખાસ ગુણવત્તાના દર્શકો નિયત થવા જોઈએ અને શરૂઆતના તબક્કે આપવામાં આવેલ ગુણ છેલ્લે ગ્રેડમાં પરિવર્તિત થવા જોઈએ. મૂલ્યાંકન માટેના ધારાધોરણ અને પાયારૂપ વસ્તુમાં આટલી બાબતોનો સમાવેશ થવો જોઈએ:

- *ખાસ સંજોગોમાં કોઈ ખાસ સમયગાળા માટે વિદ્યાર્થીઓનું અવલોકન;* અવલોકનની કલાકો, ઉપયોગમાં લેવાતી પદ્ધતિ , વિસ્તૃત નોંધ , કોઠા ભરવા, માહિતીનું આકલન કરવું, અહેવાલ, વિશ્લેષણ અને અર્થ.

- *અહેવાલ-લેખનને લગતા ધારાધોરણો પર પ્રશિક્ષક દ્વારા જાળવવામાં આવતો અવલોકનનો રેકોર્ડ:* ફીલ્ડ-નોંધ, ગુણવત્તાને લગતી માહિતીનું સરલીકરણ કરવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓનું વર્ગીકરણ.

- *વિદ્યાર્થીઓ સાથે આંતર-વ્યવહાર અને સંબંધો સ્થાપિત કરવા શાળા સંસર્ગ પ્રાયોગિક કાર્ય:* તૈયારી, પ્રવૃત્તિઓની પસંદગી, સામગ્રી, વર્ગખંડમાં થતી ઘટનાઓ, બાળકો સાથેનો વ્યવહાર, વિદ્યાર્થીઓની શીખવાની પ્રવૃત્તિ વિશે ચિંતન , અભિવ્યક્તિ, સર્જનાત્મકતા, શિસ્ત, વિવિધ માહોલની અસરો:

- *શાળા સંસર્ગ માટે આયોજન:* વિષય(થીમ)ની પસંદગી, પ્રવૃત્તિઓ, સામગ્રી, સમય, સામગ્રીનું આયોજન, પ્રત્યાયન કૌશલ , વિદ્યાર્થીઓનો રસ જાળવી રાખવાની આવડત , આંતર-વ્યવહાર, સમય-સંચાલન.

- *સંસર્ગ બાદની ચર્ચા , અહેવાલ-લેખન અને સમૂહ-રજૂઆત:* ચર્ચાની ગુણવત્તા , આંતર્દ્રષ્ટિ, પૃથકરણ, ચિંતન.

- *શિક્ષકનો* મનોવૈજ્ઞાનિક અને વ્યાવસાયિક વિકાસ: કોર્ષ,વ્યક્તિત્વ વિકાસ પરના સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કાર્ય,વ્યક્તિત્વના વિકાસ**અને** સહભાગીઓની પ્રશ્ન કરવાની ક્ષમતા,પોતાના ધારણાઓ વિચારો,મંતવ્યો પ્રત્યે વિવેચનાત્મક બનવાની ક્ષમતા અને આત્મ-નિરીક્ષણની ક્ષમતાનો વિકાસના ધારાધોરણથી મૂલવી શકાય છે: પોતાની મર્યાદાઓ **ક્ષમતાઓ** સમજવી,વિચારો,કાર્ય,લાગણી અને બૌધ્ધીક્તાનું સંયોજન કરવાની ક્ષમતા, આત્મ-વિશ્વાસ વધારવો અને અતિ-વિશ્વાસ સામે શંકાથી જોવું, નિખાલસતા,બીજાને ધ્યાન અને ધીરજથી સંભાળવાની ક્ષમતા,સામાજિક સંવેદના, નવીન શરૂઆત કરવાની ક્ષમતા,હકારાત્મક અભિગમનો વિકાસ અને નકારાત્મક અભિગમ વિશે ચિંતન. વ્યક્તિગત વિકાસ માટેના આ જ ધોરણો વિદ્યાર્થીઓના સ્વ-મૂલ્યાંકન**માટે પણ** થઇ શકે.

- કૌશલ્યોની શૃંખલા**ની આકારણી** : વર્કશોપમાં સહ્ભાગીતાનું સ્વરૂપ અને નિયમિતતા: પ્રસ્તુત વિષયો અને વાર્તાઓનો ઉપયોગ કરીને બુલેટીન બોર્ડ બનાવવાની આવડત,**વાર્તા**-પોથીઓ જેમાં વૈવિધ્યપૂર્ણ સંદર્ભવાળી વાર્તાઓ અને સામાજિક અને સાંસ્કૃતિક વિવિધતાવાળી અને સંવેદનાસભર વાર્તા**ઓનો** સંગ્રહ હોય,સંદર્ભસૂચી અને ઋણ-સ્વીકાર યોગ્ય રીતે અપાયેલા હોય વર્ગખંડમાં અને બહાર જયારે વાર્તાઓનો ઉપયોગ કરવાનો હોય ત્યારે તે સરળતાથી શોધી શકાય તે માટે વ્યવસ્થિત વર્ગીકરણ અને ગોઠવણ-વ્યવસ્થા; બાળ-સાહિત્ય અને તેની પસંદગીના ધારાધોરણ વિશે ગંભીર વિચારણા,બાળકોને વાર્તા કહેવાની આવડત. વધુમાં,પ્રયોગશાળા અને દ્રશ્ય-શ્રાવ્ય સાધનોના ઉપયોગની આવડત,અધ્યાપન-અધ્યયનની સામગ્રી,**ક્ષેત્રીય મુલાકાત** , સેમિનાર,સમૂહ ચર્ચા અને પ્રદર્શનનું આયોજન.

- *વિદ્યાર્થી અભ્યાસક્રમ અને અધ્યાપનના મુદ્દાઓની સમજણ*

અભ્યાસક્રમના અભ્યાસની સાથે પ્રાયોગિક કોર્ષ સૈદ્ધાંતિક અભ્યાસને પૂરક; હોય વર્ગખંડ અધ્યાપન પ્રેક્ટિસનું અવલોકન, નવીનીકરણના કેન્દ્રોની મુલાકાત, અભ્યાસક્રમને લગતી સામગ્રી દસ્તાવેજ અને પાઠ્યપુસ્તક પૃથકકરણ ; અવલોકન નોંધ, વ્યક્તિગત અને જૂથ અહેવાલ, ચિંતન સામગ્રી તૈયાર કરવી વગેરે.

· *શિક્ષક એક સંશોધક તરીકે:*

*પ્રશિક્ષકને અવલોકન નોંધ અને તેની જાળવણીની તાલીમ પણ અપાય છે. બદલાતા સૈદ્ધાંતિક અને પ્રાયોગિક માળખામાં તેઓના અવલોકનનું પૃથકકરણ અને તથ્યોને સમજવાની પ્રક્રિયા થાય છે. આ પ્રકારના કાર્ય માળખાકીય વર્ગખંડ આધારિત સંશોધન પ્રોજેક્ટ દ્વારા તેઓમાં સંશોધક તરીકે કામ કરવાના કૌશલ્યોનો વિકાસ કરે છે. એક વર્ષના ગાળામાં વિદ્યાર્થી આવા કાર્ય હાથ પર લઇ શકે છે, જેમાં શાળા પાઠ્યપુસ્તકોનું વર્ગીકરણ અને તેઓની શીખવાની શૈલીનું અવલોકન અને કાર્ય-યોજના.*

· *ઈન્ટર્નશીપ પ્રવૃત્તિઓ: જેના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન થઇ શકે: વર્ગખંડની પ્રક્રિયાઓ, નિયમિત અધ્યાપન, અધ્યાપન-અધ્યયન સ્ત્રોતોનો વિકાસ , અભ્યાસના આયોજિત એકમોનો રેકોર્ડ અને નિયમિત દૈનિક ડાયરી/ચિંતન જર્નલ, વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન, શીખવાની પ્રક્રિયાના મૂલ્યાંકનની ડિઝાઈન , જે તે ક્ષેત્રમાં સવાલોના પ્રકારો , શીખવાની પ્રક્રિયામાં મૂલ્યાંકનને એક સહાયક તરીકે લેવા શીખવાના સૂચકાંક તરીકે નહિ*

· *ચિંતન જર્નલ: દરેક ઇન્ટર્ન પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે ચિંતન જર્નલ બનાવે જે તેને પોતાના ઈન્ટર્નશીપના ગાળા દરમ્યાન થયેલ અનુભવોને વાગોળવા અને તેના વિશે વિચારવા તક આપે. આ જર્નલમાં નીચેની બાબતોનું ટૂંકું વિવરણ હોય છે: કઈ રીતે વર્ગ સંચાલિત થયો, કઈ રીતે વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપ્યા, તેની ક્લાસ માટેની તૈયારી વિશેના વિશ્લેષણાત્મક અને ચિંતનશીલ વિધાનો , વિદ્યાર્થીઓની સવાલો પ્રત્યે પ્રતિક્રિયા/પ્રતિભાવ, વિદ્યાર્થીઓના અનુભવોના આદાન-પ્રદાનને સામેલ કરવાની ક્ષમતા, તેઓની ભૂલો પ્રત્યે પ્રતિભાવ , નવા વિચારો, ખ્યાલો અને શિસ્તને લગતા મુદ્દાઓને સમજવાની મુશ્કેલીઓ, સમૂહ, વર્ગખંડ અને આખા વર્ગ માટેની પ્રવૃત્તિઓની રચના અને સંચાલન. આ ચિંતન જર્નલના મૂલ્યાંકનનો અર્થ એ થશે કે કઈ રીતે એક ઇન્ટર્ન માત્ર વર્ગખંડના વિવરણથી ચિંતનાત્મક લખાણ તરફ ગતિ કરે છે તે જોવું.*

*(સી) મૂલ્યાંકન અને આકરણના સાધનો તૈયાર કરવા :*

ઉપરોક્ત માપદંડોનું મૂલ્યાંકન કરવા માટે ગુણવત્તાલક્ષી અને પ્રમાણલક્ષી રીતે અધ્યયનનુંમૂલ્યાંકન કરી શકે એવા સાધનો જરૂરી છે. આમાં મુખ્યત્વે સામેલ હોય છે: અવલોકનનું સમયપત્રક અને નોંધ/જાળવણી ,તપાસ-સૂચી,વિદ્યાર્થીઓના કાર્યનું મૂલ્યાંકન(પ્રોજેક્ટ ,અન્ય કૃતિઓ વગેરે),ખાસ-કિસ્સાનો અભ્યાસ,વર્કશોપ,સેમિનાર,ચર્ચા,ઇન્ટરવ્યું,નિરંતર સવાલ-સૂચીમાં સહભાગિતા,મૌખિક અને લેખિત કસોટીઓ,સંયુક્ત રેકોર્ડ,સ્વ-મૂલ્યાંકન માટે કોષ્ટક.

*(ડી) સતત અને સર્વાંગી મૂલ્યાંકન માટેની કાર્ય-પદ્ધતિ તૈયાર કરવી :*

પ્રશિક્ષકનું મૂલ્યાંકન, શિક્ષક-પ્રશિક્ષણના સમગ્ર કોર્ષ દરમ્યાન થવું જોઈએ જેમાં ઉપરોક્ત તમામ માપદંડોનો સમાવેશ થવો જોઈએ. વિદ્યાર્થીનું પરિણામ ગ્રેડમાં અપાવું જોઈએ .

# પ્રકરણ ૪
# સેવારત શિક્ષકનો સતત વ્યાવસાયિક વિકાસ અને શૈક્ષણિક સહાય

## ૪. ૧ પરિચય

સમગ્ર અભ્યાસક્રમમાં કે ખાસ વિષયમાં અમૂક મુદ્દાઓ કે નવી સામાજિક સમસ્યાઓ દાખલ કરવાની બાબતમાં જે નિર્ણયો લેવાય છે તેનો આધાર સેવારત શિક્ષકોના જ્ઞાન અને અધ્યાપનમાં આવેલ અપગ્રેડેશન અને નવીનીકરણ છે. આ વિચારે સેવારત  શિક્ષકના પ્રશિક્ષણ અને તેઓની વ્યાવસાયિક તાલીમ માટેની પ્રવૃત્તિઓ ઘડવા માટેના વ્યાપક હેતુઓ પૂરા પાડ્યા છે.

માળખુ અને સંસ્થાઓ રચના ઊભી કરીને અને આ પ્રવૃત્તિઓ માટે નાણાની જોગવાઈ કરીને તંત્રએ  પ્રતિભાવ આપ્યો છે. કોઠારી કમિશનની ભલામણોના પગલે પગલે કેટલાંક રાજ્યોમાં શાળા-જૂથની રચના કરવામાં આવી છે. જેથી પ્રાથમિક ,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વચ્ચે સેતુ સ્થાપી શકાય. તેઓએ શિક્ષકો વચ્ચે આંતર ક્રિયા અને વ્યાવસાયિક બાબતોના આદાનપ્રદાન માટે એક માળખુ અને એક ફોરમ પૂરું પાડ્યું છે. એન.પી.ઈ. ૧૯૮૬ સૂચવે છે કે શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટે પૂર્વ -સેવાકાલીન અને સેવાકાલીન શિક્ષકોની તાલીમને એકબીજાથી અલગ રીતે જોઈ શકાય નહિ. સેવાકાર્ય ચાલુ હોય તેવા શિક્ષકોની તાલીમ માટે કેન્દ્ર સરકાર દ્વારા પસંદગીની યુનીવર્સિટીના વિભાગોમાં અને અમૂક સંસ્થાઓમાં ઇન્સ્ટિટયુટ્સ ઓફ એડ્વાન્સ સ્ટડીઝ ઇન એજ્યુકેશનની સ્થાપના અને દરેક જિલ્લામાં ડાયેટની સ્થાપના માટે નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. આ સંસ્થાઓ રાજ્યોમાં એસ.સી.ઈ.આર.ટી. સાથે મળીને સેવાકાર્ય ચાલુ હોયતેવા શિક્ષકો માટે કોર્ષ ચલાવવા સુવિધાઓ પૂરી પાડશે. આ ઉપરાંત ડાયેટને નવીનીકરણ અને ક્ષેત્રીય-પ્રવૃત્તિઓના વિકાસ દ્વારા પ્રાથમિક શિક્ષણના વૈશ્વિકરણ માટે કાર્ય કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. ડીસ્ટ્રીકટએજ્યુકેશન પ્રોગ્રામ(૧૯૯૫-૨003) દ્વા**સ**મગ્ર દેશમાં બ્લોક અને જૂથ રિસોર્સ સેન્ટરો સ્થાપવામાં આવ્યા છે અને તેનો હેતુ એ છે  કે પ્રાથમિક શિક્ષકને વિદ્યાર્થી-કેન્દ્રિત અધ્યાપન અને શિક્ષકને શાળામાંથી જ વિવિધ સંદર્ભમાં મદદ મળી રહે. એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે વિષય દીઠ નિરીક્ષક અને શાળા નિરીક્ષકને બદલે શૈક્ષણિક સ્રોતના

સ્વરૂપમાં રિસોર્સ પર્સન(નિષ્ણાંત)ના વિચારને અમલમાં લાવવો. સર્વ-શિક્ષા અભિયાન (૨૦૦૧) દ્વારા સેવારત શિક્ષક માટે દર વર્ષે ૨૦ દિવસની તાલીમની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

શિક્ષકો માટે અન્ય પ્રકારની વ્યાવસાયિક પ્રવૃત્તિઓનો પણ વિકાસ થયો છે. તમામ શિક્ષકો એવા મંડળના સભ્યો હોય છે જે સમયાંતરે શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરતા હોય અને વ્યાવસાયિક વિકાસ માટેના મુદ્દાઓની ચર્ચા કરવા મીલન-મુલાકાતો ગોઠવતા હોય. પાઠ્યપુસ્તકોના નિર્માણમાં અને તાલીમ માર્ગદર્શિકાઓની રચનામાં કેટલાંક વર્ષોથી શિક્ષકોની ભાગીદારી વધી છે. શિક્ષકને ખુદ બ્લોક એન્ડ રિસોર્સ સેન્ટરમાં કામ કરવાની તક છે તેમ જ તે તાલીમ કોર્ષમાં રિસોર્સ પર્સન તરીકે પણ કામ કરી શકે છે. તેઓ શિક્ષણની નીતિ નિર્ધારણ કરતી સમિતિઓના સભ્યો પણ છે. કેટલીક બિનસરકારી સંસ્થાઓએ પણ દેશમાં શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટેની તાલીમની રચના અને તેનો અમલ કરવા કાર્ય કર્યું છે,અને વર્ગખંડની પ્રેક્ટિસને અસર કરતી બાબતોમાં સહકાર આપ્યો છે. આ રીતે શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટે અનેક રસ્તાઓ અને તકો રહેલી છે. આ કાર્યક્રમો વિદ્યાર્થીઓની શીખવાની પ્રક્રિયાના અને તેઓને ઉપયોગી શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાના**દ્રષ્ટિબિંદુ**થી શિક્ષકને પોતાની વર્ગખંડની પ્રેક્ટિસ બદલાવવામાં અને નવી શૈલી વિકસાવવા વત્તા-ઓછા અંશે સફળ રહ્યા **જ્યારે મોટી અપેક્ષાઓના માપદંડથી સફળતાની નાની નાની** બાબતો માપવામાં આવે ત્યારે તેઓ 'નિષ્ફળ' હોય તેવું લાગે છે. તાલીમની અસરકારકતા, શાળાને અધ્યાપન-અધ્યયનની બાબતમાં સહાય કે સફળતા અને નિષ્ફળતા ક્યાં આધારે માપવી તે બાબતમાં બહુ ઓછું સંશોધન થયું છે. તાલીમ કાર્યક્રમ અને સહાયક પ્રવૃત્તિઓની અસરકારકતાના પુરાવા,ખાસ કરીને સરકારી પ્રણાલીમાં,હજુ પણ બિનભરોસાપાત્ર અને વ્યક્તિ-આધારિત છે,અને ઊલટાનું એના પર આધારિત રહે છે કે કોણ પ્રશ્નો પૂછે છે અને કોણ અવલોકન કરનારૂ છે. શિક્ષકની વ્યાવસાયિક જરૂરિયાતો પ્રત્યેનો સમગ્ર અભિગમ હજુ નિર્ધારિત કરવાનો છે,આયોજિત કરવાનો છે અને તેનો અમલ પણ કરવાનો બાકી છે,અને તેના પર દેખરેખની કાયમી વ્યવસ્થા પણ કાયમ કરવાની બાકી **છે.અહીં** એ વાતનો ખ્યાલ રાખવાનો છે કે શિક્ષક એક વ્યવસાયી છે અને તેના કાર્યમાં બિનજરૂરી દરમ્યાનગીરી ન કરવી જોઈએ.

### ૪. ૨ શિક્ષકો માટે વ્યાવસાયિક વિકાસ માટેના કાર્યક્રમના સાતત્યના હેતુઓ

શિક્ષકો માટે વ્યાવસાયિક વિકાસ માટેના કાર્યક્રમના સાતત્યના વ્યાપક હેતુઓ આ મુજબ છે:

દરેક પોતાની પ્રેક્ટીસ વિકસાવે,તેના પર ચિંતન કરે અને તેના પર સંશોધન કરે.
પોતાની વિદ્યાશાખામાં કે શાળા અભ્યાસક્રમના બીજા ક્ષેત્રોમાં શિક્ષક ઊંડું જ્ઞાન પ્રાપ્ત કરે અને તે ક્ષેત્રનાઅદ્યતન જ્ઞાનથી પોતાને સજ્જ રાખે.

· વિદ્યાર્થીઓ અને તેઓના શિક્ષણ પર ચિંતન કરે અને સંશોધન કરે.

· શૈક્ષણિક અને સામાજિક મુદ્દાઓની સમજ કેળવે અને તે બાબતે અદ્યતન જ્ઞાનથી પોતાને સજ્જ રાખે.

· શિક્ષણ/અધ્યાપન સાથે વ્યાવસાયિક રીતે સંકળાયેલ અન્ય ભૂમિકાઓ માટે શિક્ષકને તૈયાર કરવા,જેમ કે શિક્ષકોની તાલીમ,અભ્યાસક્રમ નિર્માણ અને સલાહ-માર્ગદર્શન.

· બૌદ્ધિક વિચારોની સ્થળ મર્યાદા તૂટે અને શિક્ષક પોતાના અનુભવો અને જ્ઞાનનું અન્ય સાથે આદાનપ્રદાન કરે.આ વાત શિક્ષકો અને શિક્ષણશાસ્ત્રીઓ જે એક જ ક્ષેત્રમાં કામ કરતા હોય અને અન્ય બુદ્ધિજીવીઓ જે નજીક કે દૂરના વિસ્તારમાં રહેતા હોય તેઓ માટે આ અગત્યની બાબત છે.

શિક્ષણ અને અભ્યાસક્રમનું આયોજન કરનારા અભ્યાસક્રમમાં સુધારાઓ લાવવાના હેતુથી શિક્ષકોને વ્યાવસાયિક વિકાસ માટે તકો પૂરી પાડવા પ્રયત્ન કરે,જેથી કરીને:

- શિક્ષકોને પ્રાથમિકતાવાળા ધ્યેયો જેમ કે સાર્વત્રિકરણ અને સમાવેશીતા માટે કામ કરવા સમર્થ બનાવી શકાય.
- સામાજિક વલણોને પ્રભાવિત કરી શકાય અને બંધારણના મૂલ્યો પ્રત્યે સમર્પણ પેદા કરી શકાય અને વર્ગખંડમાં ભેદભાવ નાબૂદ કરી શકાય.
- વર્તમાન પ્રથાને વધારે વિદ્યાર્થી-કેન્દ્રિત પદ્ધતિમાં બદલાવી શકાય જે ગોખણપટ્ટીને બદલે ખ્યાલોની સમજ વિકસાવનારી પદ્ધતિ માટે વધુ અનુકૂળ હોય.
- ચોક્કસ હેતુઓ હોય તેવા અભ્યાસક્રમના મુદ્દાઓ મેળવવા માટે અને તેનો અમલ કરવા માટે તે શિક્ષકને સમર્થ બનાવે છે , જેમ કે ટેકનોલોજીનો ઉપયોગ કે એઈડ્ઝ કે કિશોરાવસ્થાનું શિક્ષણ જેવા મુદ્દાઓ.

- શિક્ષકને નિષ્ણાંત માર્ગદર્શક કે મુખ્ય શિક્ષકની ભૂમિકા માટે તૈયાર કરવા વગેરે.

સેવા-પૂર્વ તાલીમના કાર્યક્રમોની ગુણવત્તા નબળી છે, અને જ્યાં ચિંતનાત્મક પ્રેક્ટિસ માટે પૂરતી સમજ આપવામાં નિષ્ફળતા મળી છે, અને જ્યાં રાજ્ય સરકારોએ નિયમિત શાળાઓમાં અને અનૌપચારિક કેન્દ્રોમાં તાલીમ પામ્યા વગરના સહાયક શિક્ષકોની ભરતી કરેલી છે, સંજોગોમાં એ જરૂરી બની ગયું છે વ્યાવસાયિક તાલીમ અને સહાય દ્વારા શિક્ષકોની જરૂરિયાતો પરત્વે ધ્યાન અપાય

## ૪. ૩સેવારત ચાલુ હોય તેવા શિક્ષકોની તાલીમના કાર્યક્રમની રચના:

*કેટલાંક સિદ્ધાંતો*

સેવારત શિક્ષકોની તાલીમ કાર્યક્રમની રચનાનો આધાર દરેક કાર્યક્રમના અંગત હેતુઓ/ધ્યેયો પર રહેલો છે, કારણ કે સંદર્ભ અને સંજોગોમાં વિપુલ વૈવિધ્યતા છે. જો કે વિષય અને અધ્યાપન શૈલીના સંદર્ભમાં કેટલાંક સામાન્ય સિદ્ધાંતોને અલગ અલગ કાર્યક્રમોની રચના વખતે અને તેના અમલ વખતે ધ્યાનમાં રાખવા જોઈએ.

*વિષયવસ્તુ અને અધ્યાપનશૈલી: અભિગમ*

- તાલીમ કાર્યક્રમ એ સિદ્ધાંત પર આધારિત હોવા જોઈએ કે જે શિક્ષકોને પોતાના અનુભવોનું એકબીજા સાથે આદાનપ્રદાન કરવાની તક મળે જેથી કરીને વ્યક્તિગત અનુભવો અને વિચારોનો એક મજબૂત વ્યાવસાયિક પાયો રચાય. શિક્ષકને પોતાના વિચારો માટે પ્રોત્સાહન અને પોતાના વિચારો અન્ય જાણે તે માટેની તક સૌથી અગત્યની બાબત છે.

- તાલીમ કાર્યક્રમ, હેતુઓની સ્પષ્ટ સમજ સાથે આયોજિત થવા જોઈએ અને એ પણ સ્પષ્ટ હોવું જોઈએ કે કઈ રીતે આ હેતુઓની પ્રાપ્તિ થશે. તેનાથી એ સુનિશ્ચિત થશે કે કાર્યક્રમ તેના સાચા માર્ગ પર ચાલે અને પરંપરાગત રીતે ન ચાલીને જીવંત બનશે. સાથે સાથે એ પણ જરૂરી બને છે કે શિક્ષકોના કોઈ એક ખાસ જૂથને ધ્યાનમાં રાખીને તાલીમદાતાઓનો દરેક જૂથને કાર્યક્રમની રચનામાં સીધી રીતે ભાગીદાર બને,અથવા જે તે કાર્યક્રમને શિક્ષકોને અનુકૂળ બનાવે. કાર્યક્રમમાં તાલીમ મેળવ્યા પછી શિક્ષકને મદદ મળી રહે તે માટેની

જોગવાઈનો પણ  સમાવેશ હોવો જોઈએ અને તે જ રીતે માર્ગદર્શકો માટે પણ જરૂરી મદદ મળી રહે તેવી જોગવાઈ હોવી જોઈએ.

- તમામ કાર્યક્રમોને  શિક્ષકોના સબંધિત જૂથ  દ્વારા એના હેતુઓના સંદર્ભમાં સ્વીકૃતિ મળવી જોઈએ અને તેઓ ખરેખર આવા કાર્યક્રમની જરૂરિયાત મહેસુસ કરે છે કે નહિ અને શા માટે તેઓએ આ તાલીમમાં ભાગ લેવો જોઈએ તે સ્પષ્ટ થઇ જવું જોઈએ. શિક્ષકને ખરેખર કેવી તાલીમની જરૂરિયાત છે તે બાબત તેઓ પોતાના જ મૂલ્યાંકન દ્વારા જાણી શક્યા હોય તો તેઓને જે તે કાર્યક્રમમાં ભાગ લેવાની સ્વતંત્રતા હોવી જોઈએ. આ બાબત એક પાયાની બાબત છે. એક જ તાલીમ બધાને**અનુકૂળ** હોય એવું જરૂરી નથી.

- કોઈપણ ભોગે આંત**ક્રિયા**ના મુદ્દે સમાધાન કરવું નહિ. તાલીમાર્થીની વિશાળ સંખ્યા અને માનવ સંસાધનને બદલે ઈલેક્ટ્રોનિક મીડિયાનો ઉપયોગ **આંતક્રિયા**ને અવરોધે છે.

- કાર્યક્રમનો વિષય એવો હોવો જોઈએ કે શિક્ષકો તેને પોતાના અનુભવો સાથે જોડી શકે અને આ અનુભવો પર વિચાર કરવાની તેઓને તક મળી રહે.

- પરિવર્તન માટે પ્રોત્સાહનનો અભિગમ એકલા વ્યક્તિગત વિકાસ પર વધુ પડતો ભાર મુકવાને બદલે  શિક્ષકની રોજબરોજની પ્રેક્ટિસ પર અસર કરતા માળખાગત મુદ્દાઓને જાણવા જોઈએ અને તેના પ્રત્યે પ્રતિભાવ અપાવો જોઈએ.

- આ જ રીતે માળખાગત જોગવાઈ મુજબ અને દેખરેખ રાખનારા લોકો પણ એવી રીતે તાલીમ પામેલા હોવા જોઈએ કે તેઓ શિક્ષકને સ્વતંત્ર રીતે આયોજન કરવાની અને પ્રેક્ટિસ કરવાની તક આપે અને તેમાં મદદરૂપ બને. જે કાર્યક્રમો નવી અધ્યાપન પ્રેક્ટિસ વિકસાવવા માંગતા હોય કે મૂળભૂત પ્રથામાં બદલાવ માંગતા હોય તેઓ વ્યાપક 'આંતર ક્રિયાત્મક' બનવા માટે ભવિષ્યમાં એ જ જૂથ સાથે આયોજિત થવા જોઈએ.

*શિક્ષકોને વિદ્યાર્થી તરીકે લેતા:*

- શિક્ષકોએ પુખ્ત વયના વ્યક્તિ તરીકે અને એક વ્યવસાયી તરીકે પોતાની સમાજમાં એક ઓળખ ઊભી કરી લીધી હોય છે અને તેઓ પાસે અધ્યાપનનો અનુભવ હોય છે ; વિદ્યાર્થીઓ વિશે ચોક્કસ માન્યતાઓ હોય છેશિક્ષક તરીકે પોતાના વિશે પણ તેઓની

અમૂક ધારણાઓ હોય છે, અને અધ્યાપન-અધ્યયનની પ્રવૃત્તિ વિશે પણ તેઓના મનમાં ચોક્કસ ખ્યાલો હોય છે. કોઈ વખત શિક્ષકોની તાલીમનો કાર્યક્રમ જે નવા વિચારો પ્રદાન કરવાના હેતુસર હોય કે અસ્તિત્વમાં રહેલ અનેક ખ્યાલો, ધોરણો સમક્ષ પડકારો પેદા કરે હોય કે પછી માત્ર વિષયને લગતું જ્ઞાન આપતો હોય, બન્ને સંજોગોમાં એ જરૂરી છે કે તે શિક્ષકના વ્યક્તિત્વને અને તેના જ્ઞાનને સન્માન આપવામાં આવે અને તેનો ઉપયોગ પણ કરવામાં આવે.

- શિક્ષકોની વ્યાવસાયિક ક્ષમતાના વિકાસ માટેના કોઈપણ પ્રયત્ન કે પગલાં તેઓને વ્યાવસાયિક તરીકે સન્માન આપતાં હોવા જોઈએ. આમાં તાલીમ કાર્યક્રમમાં આવરીલેવાતા વિષય અને અભિગમનો પણ સમાવેશ થાય છે, અને કઈ રીતે તાલીમની જાહેરાત કરવામાં આવે છે, અને કઈ રીતે તેનો અમલ થાય છે, તેનો પણ સમાવેશ થાય છે. આ કાર્યક્રમો શિક્ષકના એક વ્યવસાયી તરીકેના વ્યક્તિત્વને નિખારે તેવા હોવા જોઈએ અને કેટલાંક કિસ્સાઓમાં તેઓના રસની વિદ્યાશાખાઓ સાથે જોડાયેલા હોવા જોઈએ. જે કાર્યક્રમ શિક્ષકના વ્યક્તિત્વ સાથે અને તેની સ્વતંત્રતા સાથે સમાધાન કરે છે તે લાંબો સમય ચાલી શકતા નથી, અને તે કોઈ મનોવૈજ્ઞાનિક સહાય પૂરી પાડતા નથી અને તેમાં પ્રેક્ટિસમાંથી શીખેલી બાબતોને આત્મસાત કરી શકાતી નથી.

- પુખ્તવયના વ્યક્તિ તરીકે અને એક વ્યાવસાયિક તરીકે શિક્ષકો પોતાના અનુભવોનું બારીક નિરીક્ષણ કરતા હોય છે. તેઓ સબંધિત તાલીમની ગુણવત્તાનું મૂલ્યાંકન કરે અને તે તાલીમ કેટલી હદે તેઓની જરૂરિયાતો સાથે સંબંધિત છે તેની વિચારણા કરે તેટલું તેઓ તાલીમમાંથી વધુ શીખે છે.

- શિક્ષકની પ્રેક્ટિસનો વિકાસ ફક્ત જ શીખવાડી શકાય તેવી પ્રવૃત્તિઓ અને યુક્તિઓ દ્વારા શક્ય હોતો નથી; શિક્ષણના હેતુઓ અને શીખવાની પ્રક્રિયા પરના સિદ્ધાંતોના વિકાસ વગર શિક્ષકની પ્રેક્ટિસનો વિકાસ પણ શક્ય નથી.

- અતિશય, એકધારી અને ઉપરછલ્લી તાલીમ તિરસ્કાર અને થાક નોતરે છે.

## ૪. ૪ શિક્ષકોના સતત વ્યાવસાયિક વિકાસ માટેના રસ્તાઓ

વ્યાવસાયિક વિકાસ માટેની 'ઇન-સર્વિસ' તાલીમના મુખ્ય હેતુઓને ધ્યાનમાં રાખતાં એ જરૂરી બને છે કે આ પ્રકારના તાલીમ કાર્યક્રમના પ્રકારના વૈવિધ્યને અને અનુભવોને જાણવા, જેથી કરીને વ્યાવસાયિક વિકાસ જાળવી શકાય અને તેમાં વધારો પણ કરી શકાય. આવું ખાસ કરીને એ કિસ્સામાં જરૂરી છે કે જેમાં સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષકો માટે ૨૦ દિવસની તાલીમ ફરિજયાત બનાવાય છે. જો આ તાલીમ શિક્ષકની પ્રવૃત્તિઓના વિકાસ માટે અને તેને સમર્થ બનાવવા માટે હોય તો એ જરૂરી છે કે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ અને આંતરક્રિયાને જાણી લેવી જોઈએ આ હેતુઓ સિદ્ધ કરવા માટે ઉપયોગી છે.

*ટૂંકા અને લાંબા ગાળાના કોર્ષ*

ટૂંકા અને લાંબા ગાળાના કોર્ષ, જે શિક્ષકમાં અમૂક ખાસ કૌશલ્યો કે રસના ક્ષેત્રો વિકસાવવા માટે રચવામાં આવ્યા હોય તેનો વિકાસ કરી શકાય છે, અને શિક્ષકને એક વર્ષ દરમ્યાન આપી શકાય છે. દા: ત: ડાયેટ 'અવયવ કેમ શીખવવા,''બાળકોમાં સહિષ્ણુતાની ભાવનાનો વિકાસ' કે 'એઈડ્ઝ વિશેનું શિક્ષણ' જેવા વિષયો પર કોર્ષની રચના કરી શકાય અને આવા કોર્ષ તાલીમ માટે આપી શકાય . આમાંના કેટલાંક ૪ થી ૫ દિવસના ટૂંકા ગાળાના અને અન્ય ૧ થી ૩ **સુધીના** લાંબા ગાળાના પણ હોઈ શકેજે શિક્ષકની કોઈ એક ખાસ ક્ષેત્રમાં ક્ષમતા વિકસાવવામાં મદદરૂપ થાય અને જેમાં તે જ્ઞાનનો પાયો કે વ્યાવસાયિક કૌશલ્ય મજબુત કરવા માંગતા હોય-જેમ કે વર્ગખંડમાં નાટક ભજવણી જૂથ પ્રવૃત્તિનું આયોજન અને સંચાલન વગેરે. જો આવા કોર્ષનું સમયપત્રક સમયસર આપવામાં આવે અને સાથે વિષય પણ જણાવવામાં આવે તો શિક્ષક પોતાની અનુકૂળતા મુજબ તેમાં જોડાઈ શકે. કેટલાંક કોર્ષ સતત આયોજિત થવા જોઈએ જયારે અન્ય અમૂક અંતરાલે આયોજિત થવા જોઈએ જેથી શિક્ષક આ ગાળા દરમ્યાન પ્રેક્ટિસ કરી શકે અને પોતાના અનુભવો સાથે તેમાં જોડાય શકે. આવા કોર્ષમાં સર્ટિફિકેટ પણ આપી શકાય. વિષયવસ્તુની ગહનતા અને નવી નવી અધ્યાપન શૈલીનો પરીચય શિક્ષકની કાર્યક્ષમતા વધારે છે.

*દૂરંતર માધ્યમોનો ઉપયોગ*

ટીવી સહિત આઈ. સી. ટી. રેડિયો,ટેલીફોન અને ઈન્ટરનેટ વગેરે માધ્યમ ઉપયોગી સ્રોતો છે, અને વિચારોની આપ-લે સરળ બનાવે છે, અને માહિતીનો બહોળો પ્રસાર કરે છે. દૂરંતર માધ્યમો શિક્ષકને પોતાના ક્ષેત્રના અન્ય લોકો સાથે સંપર્કમાં રાખે છે, અને શિક્ષણ અને વિદ્યાશાખાકીય જ્ઞાનનું આદાનપ્રદાન સરળ બનાવે છે. શિક્ષકોનું અતડાપણું દૂર કરવામાં સમય લાગશે અને શૈક્ષણિક મદદ અને સહકારની પ્રણાલી પ્રસ્થાપિત થતા પણ સમય લાગશે

*અભ્યાસ અને સંશોધન માટેની લાંબી રજાઓ*

શિક્ષકોને કોઈપણ કોર્ષ કે અન્ય શાળા/યુનિવર્સિટી કે એન. જી. ઓ. માં અભ્યાસ માટે એક વર્ષની રજા(ચાલુ કે કપાત પગારે) આપવાની જોગવાઈ હોવી જોઈએ. આવી રજાને અંતે એક અહેવાલ કે પ્રકાશન થવું જોઈએ જેનો વ્યાપક પ્રસાર પણ થવો જોઈએ. આ ગાળા દરમ્યાન શિક્ષકને સ્થળ પર માર્ગદર્શન આપવા માટે એક માર્ગદર્શક રાખી શકાય . નાના સંશોધન પ્રોજેક્ટ કે જેના દ્વારા એક શિક્ષક પોતાની અધ્યાપન પ્રેક્ટિસ વિશે ચિંતન કરી, બીજાને તેનાથી માહિતગાર કરી શકે, અને તેનો વિકાસ કરી શકે તેવા પ્રોજેક્ટને ઉત્તેજન મળવું જોઈએ. શિક્ષકે ક્રિયાત્મક સંશોધન જ કરવું જોઈએ એવો આગ્રહ રાખવો તે બાબત લાભકારી નીવડતો નથી. કારણ કે ક્રિયાત્મક સંશોધનની ખૂબ ઓછી સમજ પ્રવર્તે છે અને તેના આદાનપ્રદાનની કોઈ વ્યવસ્થા નથી.

*વ્યાવસાયિક વ્યક્તિઓની કોન્ફરન્સ અને મીટિંગ*

એક જ વ્યવસાય કે વિષય સાથે સંકળાયેલ કોન્ફરન્સ અને મીટિંગ પણ શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટે જરૂરી છે અને આ માટે શિક્ષકને વર્ષ દરમ્યાન ૩ થી ૪ દિવસની રજા મળવી જોઈએ. આ માટે થતા પ્રવાસ ખર્ચ માટે પણ શિક્ષકને સહાય મળવી જોઈએ.

*વ્યાવસાયિક શિક્ષકોની મીટીંગ, સ્રોત ખંડ અને સામગ્રી*

પોતાની વ્યાવસાયિક પ્રેક્ટિસની સમીક્ષા અને ચર્ચા કરવા મીટીંગનું આયોજન કરવું; સ્રોત ખંડ અને સામગ્રી, વાર્ષિક કેલેન્ડરના આયોજન માટે શિક્ષકોની શાળામાં અને શાળા-જૂથમાં વ્યાવસાયિક મીટીંગનું આયોજન કરવું અને અઠવાડીક અને માસિક ધોરણે અધ્યાપનનું આયોજન કરવા અને

સહકર્મચારીઓ,મુખ્ય શિક્ષક,અને નિષ્ણાંત માર્ગદર્શક સાથે તેની ચર્ચા કરવા મીટીંગનું આયોજન કરવું એ શિક્ષકના વ્યવસાયનું અગત્યનું અંગ છે. શાળાના સમયપત્રકમાં શિક્ષક માટે વર્ગખંડને લગતા મુદ્દાઓ અને અધ્યયન આયોજનની ચર્ચા માટે સમય ફાળવણી હોવી જોઈએ.બ્લોક સ્તરે સંદર્ભ સામગ્રી,ઈન્ટરનેટ સુવિધા અને નિષ્ણાંતોની સેવા ખૂબ મહત્ત્વની બાબત છે.

શિક્ષકોની, તેઓના નેટવર્ક,શાળા આધારિત નેટવર્ક,બે શાળા વચ્ચે ભાગીદારી અને યુનિયન નેટવર્કમાં સહભાગિતા હોવી જોઈએ. આ પ્રકારની સહભાગિતા શિક્ષકનો યોગ્ય સ્વરૂપમાં વિકાસ કરે છે.

શિક્ષકોને બ્લોક સ્તરે પોતાના વિષયના સમૂહ રચવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.આમાં શિક્ષકને જે તે વિષય બ્લોક સ્તરે વિવિધ રીતે શીખવવા માટેની મદદ પૂરી પાડી શકાય જેમ કે સેમિનાર,તાલીમ,મેળા અને બાળકોની ક્લબનું આયોજન . આને અધિકૃત દરજ્જો પણ આપી શકાય અને જે તે બ્લોકના રિસોર્સ સેન્ટરમાં આના માટે સુવિધા ઊભી કરી શકાય અને ડાયેટ,સી.ટી.સી. અને આઈ.એ.એસ.ઈ. સાથે જોડાણ પણ પ્રસ્થાપિત કરી શકાય.આવા વિષય પ્રમાણેના જૂથ, સ્થાનિક કોલેજ અને યુનિવર્સિટી સાથે જોડાણ કરી શકે. જેથી જૂથો વચ્ચે આદાનપ્રદાન વધે અને તેઓના સંયુક્ત પ્રયાસ વધુ સારાં પરિણામો લાવે. ડાયેટ,સી.ટી.સી. અને આઈ.એ.એસ.ઈ. દ્વારા કેટલાંક યુનીવર્સિટીના અધ્યાપકોને ફેલોશીપ આપી શકાય જેથી તેઓ ૪ કે ૫ મહિના માટે શિક્ષકો અને બાળકો સાથેની પ્રવૃત્તિઓના નિર્માણમાં સમય વિતાવે.

*શિક્ષકોની અદલાબદલી અને ફેલોશીપ*

દરેક જિલ્લાના થોડાક શિક્ષકને ફેલોશીપ આપી રાજ્ય કે દેશ બહારની શાળામાં ૩ મહિનાથી માંડીને એક વર્ષના ગાળા સુધી ભણાવવા અને શીખવા માટે મોકલી શકાય. તે જ રીતે આવા મુલાકાતી શિક્ષક માટે શાળા યજમાનની ભૂમિકા પણ ભજવી શકે અને તેના રોકાણ દરમ્યાન તેના જ્ઞાનનો કઈ રીતે મહતમ લાભે લઇ શકાય તેનું આયોજન કરી શકે.

શિક્ષકોને ટૂંકા ગાળાની ફેલોશીપ અને નાણાકીય સહાય પણ પૂરી પાડી શકાય જેથી તેઓ ડાયેટ,સી.ટી.સી. અને આઈ.એ.એસ.ઈ. કે યુનીવર્સિટીમાં જઈને શાળાના બાળકો અને જિલ્લાના શિક્ષકો માટે ખાસ પ્રકારની પ્રવૃત્તિઓનું જ્ઞાન મેળવી શકે. દા:ત: ‘એક સારાં વાર્તા-કથનકાર કેમ

બનવું' વિષય પર શિક્ષકો માટે વર્કશોપનું આયોજન કરી શકાય , અથવા શાળામાં જઈને વર્કશોપનું સંચાલન કરી શકાય . લાંબા ગાળે શિક્ષક-પ્રશિક્ષણ સાથે સંકળાયેલ દરેક ડાયેટ, સી.ટી.સી. અને આઈ.એ.એસ.ઈ. અને યુનીવર્સિટીના વિભાગોમાં કેટલાંક શૈક્ષણિક હોદ્દાઓને જિલ્લાના શિક્ષકો માટે આવી ફેલોશીપમાં તબદીલ કરી શકાય.

કાર્યરત શિક્ષકને પણ શિક્ષક-પ્રશિક્ષણની કોલેજમાં જઈને અભ્યાસ કરવા માટે ફેલોશીપ આપી શકાય, કારણ કે ત્યાંના પ્રાધ્યાપકો શિક્ષકના માર્ગદર્શક તરીકે કાર્ય કરતા જ હોય છે.

## ૪. ૫ સતત વ્યાવસાયિક વિકાસના કાર્યક્રમનું આયોજન

*આયોજન અને સંકલન*

જિલ્લા પંચાયત શિક્ષણ કાર્યક્રમ અને સર્વ શિક્ષા અભિયાન દ્વારા એવા સ્થળો નિયત કરવામાં આવ્યા છે જ્યાં બ્લોક અને જૂથ રિસોર્સ સેન્ટરો દ્વારા સરકારી શાળાના તમામ શિક્ષકોને તાલીમ આપી શકાય. વધુમાં, ડાયેટ, સી.ટી.સી. અને આઈ.એ.એસ.ઈ., વિવિધ વિભાગો, શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓ, શિક્ષકોના નેટવર્ક અને મંડળો પણ અસ્તિત્વમાં છે જ. કેટલીક બિનસરકારી સંસ્થાઓ અને એજન્સીઓ પણ પોતાના મુદ્દાઓને લઈને શિક્ષકોને તાલીમ આપે છે. શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ માટે કાર્ય કરતી આ બધી સંસ્થાઓને ઓળખ અને સ્વીકૃતિ મળવી જોઈએ.

વર્તમાન સમયમાં આ બધી તાલીમ માત્ર સરકારી અને ગ્રાન્ટ લેતી શાળા પૂરતી મર્યાદિત છે અને ખાનગી શાળાના શિક્ષકોને આ પરીઘમાંથી બાકાત રખાયા છે. બીજું એ કે, આ બધી તાલીમ શિક્ષકોને આપવામાં આવતાં દિશાનિર્દેશ પર આધારિત છે અને તેઓને કોઈ પસંદગીના વિકલ્પ આપવામાં આવતાં નથી. અંતમાં, આ એજન્સીઓ વચ્ચે કોઈ સંકલન નથી, ન તો શિક્ષણ વિભાગ પાસે એવી કોઈ વ્યવસ્થા છે, જેના દ્વારા શિક્ષકો માટેના તમામ તાલીમ કાર્યક્રમો વચ્ચે સંકલન સાધી શકાય. આને પરિણામે વધારે પડતી તાલીમ, પુનરાવર્તન અને અમૂક અંશે સમાનતાવાળા કાર્યક્રમોનું આયોજન વગેરે સમસ્યાઓ સર્જાય છે. આવા સંજોગોમાં શિક્ષક પોતાના રસ અને જરૂરિયાત મુજબ અને શાળા સુપરવાઈઝરની ભલામણને આધારે તાલીમની પસંદગી કરી શકે તે માટે ઉકેલ શોધી કાઢવો જરૂરી છે. આના માટે, તાલીમનું સમયપત્રક અગાઉ જાહેર થઇ જાય એ જરૂરી છે (આવતા વર્ષ માટે દરેક શૈક્ષણિક વર્ષના અંતમાં). જેથી કરીને શિક્ષક પોતાનું નામ

ઇચ્છાનુસાર જે તે તાલીમ માટે નોંધાવી શકે. તાલીમ પછીના-કાર્યમાં મદદ મળી રહે તે માટેની પદ્ધતિઓ તાલીમ આપતી એજન્સીઓ દ્વારા વિકસિત થવી જોઈએ અને જેમ અત્યારે છે તેમ તે સી. આર. પી. કે કોર્ષના કો-ઓર્ડીનેટરની સામૂહિક જવાબદારી ન બનવી જોઈએ. ફંડની ફાળવણી, તાલીમની તારીખો, સમયગાળો અને અન્ય સંચાલકીય બાબતોનું વિકેન્દ્રીકરણ થવું જોઈએ અને આ બાબતો વ્યક્તિગત શિક્ષકની પસંદગી આધારિત હોવી જોઈએ. અને આ રીતે વર્તમાન સામૂહિક તાલીમ જે બધા માટે એક જ રાખી છે તેનાથી છુટકારો મળશે. આ ઉપરાંત તાલીમની તારીખની ફાળવણી વખતે સેમિનાર, કોન્ફરન્સ અને આ પ્રકરણમાં આપેલ અન્ય વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં ફાળવાયેલા સમયનો પણ સમાવેશ થવો જોઈએ. યોજનાઓ જે શિક્ષકોને લાંબા ગાળાના કોર્ષ, લાંબા ગાળાની અભ્યાસ માટેની રજા અને ફેલોશીપ આપતી હોય તેનો પણ વિકાસ થવો જોઈએ. તાલીમ અને શિક્ષકોની પ્રવૃત્તિઓના કાર્યક્રમ પશ્ચાતની કામગીરી પર નજર રાખે તે માટે પણ કાર્ય-પદ્ધતિ વિકસાવવી જોઈએ.

*સ્થળો અને એજન્સીઓ*

ઉપર જણાવ્યા પ્રમાણે તાલીમનું આયોજન અને સંચાલનની પદ્ધતિની શરૂઆત કરતી જે એજન્સીઓ શાળા અને શિક્ષકો સાથે સંકળાયેલ છે, તેઓ અર્થસભર રીતે શિક્ષકના વિકાસમાં મદદરૂપ થઇ શકે છે. તેની અસરકારકતા વધુ રહે છે, પરસ્પર ફાયદો રહે છે અને સંસ્થા અને શિક્ષકોનું એકાકીપણું દૂર કરી શકાય છે. નીચેની વધારાની બાબતો પર પણ ધ્યાન આપવું જોઈએ.

i. વિજ્ઞાન, માનવશાસ્ત્રો અને સામાજિક વિજ્ઞાન સાથે સંકળાયેલ યુનિવર્સિટી અને કોલેજના પ્રાધ્યાપકો પોતાની સેવાઓ શાળા શિક્ષક માટે આપી શકે છે, અને પોતાની પ્રયોગશાળા અને પુસ્તકાલય દ્વારા તેઓને મદદરૂપ થઈ શકે છે. અને તેઓને આધુનિક અને નવા વિચારોથી માહિતગાર કરી શકે છે.

ii. પૂર્વ-સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણની કોલેજો પોતાની પ્રવૃત્તિનો વિસ્તાર કરી પોતાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો અન્ય કાર્યરત શિક્ષકોના સંપર્કમાં રહે તેવું ગોઠવી શકે. શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓમાં અધ્યાપન-અધ્યયન કેન્દ્રો પૂર્વ-સેવાકાલીન અને સેવારત હોય તેવા એમ બન્ને પ્રકારના શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટે કાર્ય કરી શકે. આ સંસ્થાઓ પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન દ્વારા અને તેઓના વિકાસ પર સતત નજર રાખીને ખાસ સેવાઓ આપી શકે.

iii. જો શાળાઓનાઆચાર્યો રસ ધરાવતા હોય અને શાળા-સંયોજક અધ્યાપન સ્ટાફ માટે વધારાની મદદ પણ પૂરી પાડી શકે તેમ હોય તો આવી શાળા આજુબાજુની શાળાઓ માટે રિસોર્સ સેન્ટરની ભૂમિકા ભજવી શકે. આમાં એન. જી. ઓ. દ્વારા ચાલતી શાળાઓ અને આસપાસની ખાનગી એજન્સીઓ જે તે વિસ્તારની તમામ ખાનગી કે સરકારી અને કોઈપણ બોર્ડ સંલગ્ન શાળાઓના વિકાસમાં રસ ધરાવતી હોય તેઓનો પણ સમાવેશ કરી શકાય.

iv. આઈ.એ.એસ.ઈ,સી.ટી.ઈ,.ડાયેટ,બી.આર.સી. અને સી.આર.સી. ની સંસ્થાઓ પણ સંશોધન કાર્યને આગળ ધપાવી શકે અને સર્વાંગીક શાળા વિકાસ માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કરી શકે અથવા શાળાઓના ચોક્કસ જૂથ કે જિલ્લાના ચોક્કસ વિદ્યાર્થીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કાર્યક્રમોનું આયોજન કરી શકે. તેઓ આચાર્યને મળીને શિક્ષકોને શાળામાં જ મદદ પૂરી પાડી શકે.

## ૪. ૬ અસરો

એ અપેક્ષા વધારે પડતી છે કે વર્કશોપ દરમ્યાન શીખવામાં આવેલ પ્રવૃત્તિઓ અને વિચારો સીધા જ વર્ગખંડમાં પ્રેક્ટિસ દરમ્યાન અમલમાં આવે. ઘણીવાર આ વિચારો અને પ્રવૃત્તિઓનો વર્ગખંડમાં અમલ થાય તે માટે જે તે સ્થળે શિક્ષકને મદદની જરૂર પડે છે. એવું બન્યું છે કે શિક્ષકોની પ્રેક્ટિસ માટેની તાલીમનું પરિણામ અનેક આંતર ક્રિયાઓ બાદ જોવા મળ્યું છે. તાલીમગત બાબતોનો વર્ગખંડમાં લાભદાયી રીતે અમલ કરી શકાતો નથી તે માટે કેટલીક માળખાકીય બાબતો પણ જવાબદાર છે. તે બાબતોનું પણ નિરાકરણ લાવવું રહ્યું. તાલીમની અસર જાણવા પૂર્વ-કસોટી અને ઉત્તર-કસોટી અયોગ્ય ગણવામાં આવે છે અને ઘણીવાર નકારાત્મક પરિણામો લાવે છે. તેમ છતાંય,તાલીમ અને વર્કશોપ હેતુલક્ષી બને તે રીતે આયોજિત થવા જોઈએ અને તેની અસરકારકતા માટે તેને ખરેખર જરૂર હોય ત્યાં મદદ મળવી જોઈએ અને તેના પર સતત દેખરેખ હોવી જોઈએ. લાંબા ગાળાના અને ટૂંકા ગાળાના કાર્યક્રમોની અસરકારકતા જાણવા સ્પષ્ટ સૂચકો (ગુણધર્મો)ની રચના થવી જોઈએ,અને તેના દ્વારા તાલીમનું મૂલ્યાંકન થવું જોઈએ. પરિવર્તન હંમેશાં ધીમી પ્રક્રિયા હોય છે. અને વાસ્તવીક સ્વરૂપે જોવા ધીરજ રાખવી પડે છે. શિક્ષકની નિષ્ઠા અંગે સવાલો કરવા કે તેના પર દોષારોપણ કરવું સહેલું છે. જો કે આ સૌથી નિમ્ન કક્ષાનો પ્રતિભાવ ગણાશે. પરિવર્તનને ચાલુ રાખવા માટે પણ રિસોર્સ એજન્સીઓની સતત સામેલગીરી અને સહકાર આવશ્યક છે. સાથે સાથે વાસ્તવિક પરિવર્તનમાં સાતત્ય જાળવી રાખવા શાળા વહીવટ મંડળનો સહકાર પણ એટલો જ જરૂરી છે.

આઈ.એ.એસ.ઈ,સી.ટી.ઈ,ડાયેટ,બી.આર.સી. અને સી.આર.સી. ની સંસ્થાઓ અને યુનીવર્સિટીના શિક્ષણ વિભાગો દ્વારા આવા કાર્યક્રમો માટે સતત સતર્કતા જરૂરી છે અને લાંબા ગાળાના રોકાણ માટે તૈયાર રહેવું પડે છે.

## ૪. ૭ સતત વ્યાવસાયિક વિકાસને લગતા માળખાકીય અને સંચાલકીય મુદ્દાઓ

*પ્રાથમિક સ્તરે સતત શિક્ષક સહાય અને સેવારત શિક્ષક માટેના તાલીમ કાર્યક્રમ*

- ડાયેટ દ્વારા સેવારત શિક્ષકો માટેની તાલીમના પુન:રચિત કાર્યક્રમોને પૂર્વ-સેવાકાલીન તાલીમ સાથે જોડી શકાય. દા:ત: જે તે શાળાના સેવારત શિક્ષકોએ જ્યાં ડિપ્લોમાના વિદ્યાર્થીઓ પોતાની ઈન્ટર્નશીપ કરતા હોય ત્યાં સેવારત શિક્ષકની તાલીમમાં જોડાવવાની બાબતને પ્રાથમિકતા આપવી જોઈએ. ખાસ પસંદ કરાયેલી શાળાના શિક્ષકોએ આ તાલીમ સામૂહિક રીતે લેવી જોઈએ જેથી કરીને તેની સઘન અસર થઇ શકે.

- તાલીમના વિષયવસ્તુ અને અભિગમ, વર્ગખંડની જરૂરિયાતોના સંદર્ભમાં હોવા જોઈએ, દાત વિષય-સમૃદ્ધિ,વર્ગખંડ સંચાલનના કૌશલ્ય ,વિદ્યાર્થીઓની શીખવાની શૈલીઓનો અભ્યાસ,ભૂલોનું વિશ્લેષણ અને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન.

- 'ઇગ્નુ' દ્વારા નિર્મિત 'પ્રાથમિક ગણિત તાલીમ' ના મૉડેલને ધ્યાનમાં રાખી સેવારત શિક્ષકો માટે ટૂંકા ગાળાના કોર્ષની રચના થઇ શકે.

- પ્રાથમિક શિક્ષકોની ભાષા સજ્જતાને ખાસ રીતે તૈયાર કરેલ તાલીમ મોડ્યુલ અને કાર્યક્રમ દ્વારા સબળ બનાવી શકાય છે.

- સર્વ શિક્ષા અભિયાનના ફંડનો આઈ.એ.એસ.ઈ. દ્વારા શિક્ષકોને તાલીમ આપતાં નિષ્ણાંતો તૈયાર કરવા માટે ઉપયોગ કરી શકાય અને તાલીમને વધારે વર્ગખંડલક્ષી અને વિદ્યાર્થીલક્ષી બનાવવા પુન: તૈયાર કરવા માટે પણ આ ફંડનો ઉપયોગ કરી શકાય.

- ઇન્ટર્નશીપ દરમ્યાન તાલીમાર્થી શિક્ષકો દ્વારા સ્થાપિત રિસોર્સ સેન્ટરો *સેવારત* શિક્ષકોની તાલીમના ધરી કેન્દ્રો બનવા જોઈએ.

- પ્રાથમિક સ્તરે યોગ્ય આઈ.એ.એસ.ઈ. આધારિત કાર્યક્રમ **અનુસરીને** *સેવારત* શિક્ષકોની તાલીમના સિદ્ધાંતો અને ખ્યાલોને પુન: નિર્ધારિત કરવા માટે એસ.સી.ઈ.આર.ટી. પદ્ધતિમાં તાલીમ

*દાતાઓને* શૈક્ષણિક સહાય અપાવી જોઈએ. આનો મુખ્ય હેતુ એ છે કે વર્ગખંડની વાસ્તવિક પરિસ્થિતિ અને શિક્ષકની જરૂરિયાતોને આધારિત વ્યાવસાયિક તાલીમ કાર્યક્રમનો *વિકસાવી શકાય.*

- આ સૂચિત નવા પ્રક્રિયા માળખાના ઉપયોગ દ્વારા એસ.સી.ઈ.આર.ટી./ડાયેટની સંસ્થાઓના સહકારથી સ્થાપિત બી.આર.સી. અને સી.આર.સી. જેવી વર્તમાન પ્રથાઓને અસરકારક બનાવી શકાય. એસ.સી.ઈ.આર.ટી./ડાયેટ દ્વારા બી.આર.સી. અને સી.આર.સી.ના **કો-ઓર્ડીનેટર*સ્ઓ*** **એ માટે** તાલીમબદ્ધ કરવા જોઈએ કે *જેથી* તેઓ શિક્ષકોને ચિંતનશીલ પ્રેક્ટિસ કરનાર બનવા માટેની જરૂરિયાતોનું પૃથક્કરણ કરી શકે

માધ્યમિક સ્તરેસતત શિક્ષક સહાય અને સેવારત શિક્ષકમાટેનાં તાલીમ કાર્યક્રમ

- નિયમિત શિક્ષક માટેનાતાલીમ કાર્યક્રમો શિક્ષકને વર્ગખંડનાં સંદર્ભમાં મદદરૂપ થાય તે રીતે તૈયાર થવા જોઈએ અને તે શિક્ષકની જરૂરિયાતો અને સમસ્યાઓ પર આધારિત આંતરક્રિયાને અવકાશઆપે તેવાં સત્રધરાવતા હોવા જોઈએ.
- વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનમાં સંશોધનની પદ્ધતિઓ પર ખાસ ભારમુકાવો જોઈએ. સાથે સાથે વિષયવસ્તુ પર પણ ધ્યાન અપાવું જોઈએ.
- સેવારત શિક્ષક માટેના તાલીમના વિષયો અને પદ્ધતિઓ એસ.સી.ઈ.આર.ટી./આઈ.એ.એસ.ઈ. દ્વારા સંયુક્ત રીતે થતા શિક્ષકની જરૂરિયાતોના પૃથક્કરણ પર આધારિત હોવા જોઈએ.
- આઈ.એ.એસ.ઈ.ની સંસ્થાઓ જે મુખ્યત્વે સેવારત માધ્યમિક શિક્ષકોની તાલીમ માટે જવાબદાર છે તેણે માધ્યમિક અને પ્રાથમિક તાલીમના તાલીમાર્થીઓની તાલીમ હાથ પર લઇ ક્ષમતા વધારવી જોઈએ.

# પ્રકરણ ૫
# પ્રશિક્ષકો તૈયાર કરવા

## ૫. ૧ પરિચય

એ સ્પષ્ટ છે કે ભાવિ શિક્ષકોની તાલીમ અને શિક્ષણની અસરકારકતાનો આધાર તેઓને તાલીમ આપનારાપ્રશિક્ષકોકેટલાં સક્ષમ અને વ્યાવસાયિક રીતે સજ્જ છે તેના પર છે. શિક્ષક-પ્રશિક્ષણના કાર્યક્રમમાં શિક્ષણશાસ્ત્ર વિષયક મુદ્દાઓની ગુણવત્તા તથા  કઈ રીતે એ  મુદ્દાઓને તેઓના હેતુઓ સિદ્ધ થાય તે રીતે શીખાડવામાં આવે તેનો આધાર પ્રશિક્ષકોની વ્યાવસાયિક ક્ષમતા પર નિર્ભર છે.

વ્યાવસાયિક તાલીમ પામેલા પ્રશિક્ષકોની અગત્ય અને જરૂરિયાતનો મુદ્દો શિક્ષણની નીતિઓમાં અવારનવાર ધ્યાનમાં લેવામાં આવે છે પરંતુ વાસ્તવિકતા  એ છે કે તે હજુ પણ ચિંતાનો વિષય છે;શિક્ષણના દરેક તબક્કે ખાસ કરીને પ્રાથમિક સ્તરે યોગ્ય લાયકાત ધરાવતા અને વ્યાવસાયિક રીતે તાલીમ પામેલા પ્રશિક્ષકોની તીવ્ર અછત છે. આ અછત બન્ને સ્તરે છે-સંખ્યાના સંદર્ભમાં અને તેઓના કાર્ય અને લાયકાત વચ્ચેની વિસંગતતાના સંદર્ભમાં. આના **અનેક** કારણો જવાબદાર છે. આમાંથી મુખ્ય કારણો આ મુજબ છે-માળખાકીય ઉણપ,જેમ કે શાળા-પૂર્વ અને પ્રાથમિક શાળાના શિક્ષકોને તાલીમ આપતા નિષ્ણાંતોને તાલીમ આપવાની કોઈ જોગવાઈ જ નથી. અને શિક્ષણમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ કોર્ષની ઘડતરમાં રહેલી અપૂર્ણતા છે.

## ૫. ૨ શિક્ષકના પ્રશિક્ષકોનું શિક્ષણ: પાયાના મુદ્દાઓ

*શિક્ષકના તાલીમકાર અને શાળા શિક્ષણ*

પ્રશિક્ષકોની શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત અને ભૂમિકાને શાળા શિક્ષણના વિવિધ પાસાઓને સંચાલિત કરનાર ફિલસૂફી અને સિદ્ધાંતોના  સંદર્ભમાં વિચારવા જોઈએ, જેમ કે શિક્ષણના હેતુઓ,અભ્યાસક્રમ,પદ્ધતિઓ અને સામગ્રી અને શાળાનો સામાજિક-સાંસ્કૃતિક માહોલ અને

શિક્ષકની ભૂમિકા જેમાં તેણે શિક્ષણના હેતુઓને વર્ગખંડમાં સાકાર કરવાના હોય. તે જ રીતે એક શિક્ષક પાસેથી એક શિક્ષક તરીકે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે એક ખાસ વિશેષ વ્યક્તિ હોય. જેમ કે એન.સી.એફ. માં ઉલ્લેખ થયા મુજબ અને નીચે આપેલ છે તે મુજબ

શિક્ષક-

- બાળકોની સંભાળ રાખે અને તેઓની સાથે તેને રહેવાનું ગમે ; બાળકોને તેઓની સાંસ્કૃતિક, રાજકીય અને સામાજિક માહોલની જરૂરિયાતો અને સમસ્યાઓના સંદર્ભમાં સમજે. શિક્ષક આ બાબત પ્રત્યે સંવેદનશીલ બને અને બધા બાળકો સાથે સમાન રીતે વર્તે.
- જ્ઞાનને કોઈ 'આપવામાં આવતી' વસ્તુ ન સમજે કે જે અભ્યાસક્રમમાં આંતરિક રીતે નિહત માનવામાં આવે છે અને કોઈ જાતની શંકા કર્યા વગર સ્વીકારવાની હોય તેમ માનવામાં આવે છે. બાળકોને માત્ર નિષ્ક્રિય રીતે જ્ઞાન મેળવનારા તરીકે ન લે પરંતુ તે તેઓની અર્થ નિષ્પન્ન કરવાની કુદરતી શક્તિને નીખારે.
- શીખવાની પ્રક્રિયાને આનંદમય બનાવે; ગોખણપટ્ટીને જાકારો આપે; અધ્યાપનને સહગિતાપૂર્ણ અને અર્થસભર પ્રવૃત્તિ બનાવે. શીખવાની પ્રક્રિયાને વિદ્યાર્થીલક્ષી , પ્રવૃત્તિ-આધારિત અને નાટકો, પ્રોજેક્ટ, ચર્ચા, સંવાદ, અવલોકન, સ્થળ-મુલાકાત દ્વારા સહભાગિતાપૂર્ણ બનાવે અને ઔપચારિક શિક્ષણને ફળદાયી પ્રવૃત્તિ સાથે જોડે.
- અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોને સમીક્ષાત્મક રીતે ચકાસે અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ બનાવે.
- શાંતિ, લોકશાહીના મૂલ્યો, સમાનતા, ન્યાય, આઝાદી, બંધુત્વ, બિનસાંપ્રદાયિકતા અને સામાજિક નવસર્જન માટેની તત્પરતા જેવા મૂલ્યોનો પ્રસાર કરે.

ત્યારબાદ એ બાબત આવે છે કે શિક્ષકના માર્ગદર્શક કે પ્રશિક્ષક (જેનું કામ આવા શિક્ષક તૈયાર કરવાનું છે) શિક્ષણની આ જ પાયાગત ફિલસૂફી ધરાવતા હોવા જોઈએ અને જરૂરી સમજ અને વ્યાવસાયિક ક્ષમતા ધરાવતા હોવા જોઈએ જેથી આવા શિક્ષકનું નિર્માણ શક્ય બને. આ બાબત સૂચવે છે કે વ્યાવસાયિક શિક્ષક

પ્રશિક્ષકના વિકાસ માટે એ પ્રમાણેના ફેરફાર જરૂરી છે.**પ્રશિક્ષક** -

- ભાવિ શિક્ષકોને વ્યાપક સામાજિક-રાજકીય માહોલ સાથે જોડશે જેમાં શિક્ષણ અને વિદ્યાર્થીઓરહેલાં છે, તેઓને બાળકો વિશેના સિદ્ધાંતો દ્વારા બાળકો વિશે શીખવવાનું નથી;બાળકોના આર્થિક-સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભ અનુસાર તેઓના વિકાસાત્મક પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

- શિક્ષક-પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં અને ચર્ચાઓમાં તે તાલીમાર્થીઓની બાળકો વિશેની ધારણાઓ, જ્ઞાન અને શીખવાની પ્રવૃત્તિઓ અંગેની માન્યતાઓનો સમાવેશ કરશે.શિક્ષકને સમાજમાં પોતાના સ્થાન વિશે ચિંતન કરવામાં મદદરૂપ બનશે-જાતિ(લિંગ), જ્ઞાતિ, વર્ગ, ગરીબી,ભાષાકીય અને પ્રાંતીય વિવિધતા,**સમાજ**,સમાનતા,ન્યાય.

- સિદ્ધાંતને ક્ષેત્ર કાર્યના અનુભવો સાથે સાંકળે જેથી તાલીમાર્થી જ્ઞાનને '**બાહ્ય**' વસ્તુ તરીકે ન લેતા એક એવી બાબત તરીકે જોતાં શીખે છે જેનું સર્જન શીખવાની પ્રક્રિયાની સાથે જ થાય છે;શૈક્ષણિક જ્ઞાન અને વ્યાવસાયિક અભ્યાસને સંકલિત કરીને '**પૂર્ણ**' એકમબને છે.

- તાલીમાર્થી શિક્ષકોને માર્ગદર્શક દ્વારા કરાવવામાં આવતી પ્રવૃત્તિના સમયપત્રકસિવાય મૌલિક વિચારો અને સ્વતંત્ર અભ્યાસ પણ કરવા માટેની તકો પૂરી પડશે

- જ્ઞાનને પાઠ્યપુસ્તકોમાં વણાયેલું કોઈ'બાહ્ય' તત્વ તરીકે ન લઈને એવી બાબત તરીકે લેશે જે શીખવાની પ્રવૃત્તિ અને વ્યક્તિગત અનુભવો દરમ્યાન ઉપાર્જિત થતું;**વિદ્યાર્થી**ઓને જ્ઞાનના 'મેળવનારા તરીકે ન લેતા જ્ઞાનના ઉ પાર્જનમાં સહભાગી તરીકે લેશે ; શિક્ષણને સ્વ-અનુભવોમાંથી'અર્થ' કાઢવાની પ્રક્રિયા તરીકે લેશે;જ્ઞાન-ઉપાર્જનને વિચારશીલ અધ્યયનનું ફળ ગણશે.

બીજા શબ્દોમાં કહીએ તો,શિક્ષકના પ્રશિક્ષકની કાર્ય-ફરજનું સ્થાન શિક્ષકોની ભૂમિકાની શૈક્ષણિક હેતુઓ,પ્રેક્ટિસ અને પ્રક્રિયાના સંદર્ભમાં સમજમાં રહેલું છે.

*શિક્ષકોના પ્રશિક્ષક તૈયાર કરવા માટેનું તબક્કાવાર મહત્ત્વ*

સામાન્ય રીતે એવું બને છે કે જે લોકો શિક્ષક પ્રશિક્ષક  હોય છે તેઓ કોઈ ખાસ સ્તર આધારિત તાલીમ ધરાવતા હોતા નથી. વિરોધાભાસ તો એ છે કે, શિક્ષકો કોઈ ખાસ સ્તર માટે તાલીમ પામે છે પછી તેઓની નિમણૂંક પણ એ જ સ્તરે થાય છે(જો કે વર્તમાન સમયમાં આ બાબત જડતાથી લાગુ પાડી શકાતી નથી કારણ કે બી.એડ્. ઉમેદવારો હવે પ્રાથમિકમાં ભણાવે છે) ,પરંતુ શિક્ષકના તાલીમકારને આ વાત લાગુ પડતી નથી. પ્રાથમિક સ્તરે શિક્ષક-પ્રશિક્ષણની અવહેલનાનું અન્ય ઉદાહરણ શિક્ષક તૈયાર કરતામાર્ગદર્શકની જરૂરિયાત પરત્વેની ઉદાસીનતા છે. એ સ્વીકારી લેવામાં આવ્યું છે કે શિક્ષકના ઘડતરમાં વર્તમાન વ્યવસ્થા સારી રીતે ચાલી રહી છે: પ્રાથમિક શિક્ષક માટે બી.એડ્. હોય તેવા માર્ગદર્શક અને માધ્યમિક માટે એમ.એડ્. અહીં એ તર્ક લેવામાં આવ્યો છે કે એક સ્તર વધુ અભ્યાસ કરેલ વ્યક્તિ નીચેના સ્તરના કોર્ષમાં અધ્યાપન કરાવવા માટે સક્ષમ હોય છે,પણ એ બાબતને ધ્યાનમાં લેવામાં ન આવી કે જે તે માર્ગદર્શક જરૂરી સંસાધનોથી સજ્જ હોય છે કે નહિ. આથી સમસ્યા વધુ ગંભીર બને છે કારણ કે શિક્ષકોને તાલીમ આપતાં માર્ગદર્શકો તૈયાર કરવા માટેનું કોઈ સ્થાપિત માળખું જ અસ્તિત્વ ધરાવતું નથીખાસ કરીને સ્તરના પ્રાથમિક અને પૂર્વ-પ્રાથમિક. અત્યારે પ્રાથમિક શિક્ષકોના પ્રશિક્ષક પોતાની વ્યાવસાયિક લાયકાત વધારવા એમ.એડ્. નો અભ્યાસ કરે છે. આઈ.એ.એસ.ઈ. ના સૂચન મુજબ પ્રાથમિક શિક્ષકોના પ્રશિક્ષક માટે એમ.એડ્. ની તાલીમ જરૂરી છે. પરંતુ હકીકતમાં એમ.એડ્. ની ડિગ્રી આ હેતુ માટે જરૂરી બાબતો સમાવતી નથી,કે તેથી તે માટે તેને પુન:ગઠિત કરવાની જરૂર છે.

આ પરિસ્થિતિમાં સૌથી વધુ પ્રાથમિક શિક્ષણને ભોગવવું પડે છે. પ્રથમ તો પ્રાથમિક શિક્ષણના વ્યાપક વિસ્તરણને લીધે અને જિલ્લા અનેનિચલા સ્તરે વિકસેલા સહાયક માળખાને લીધે એવા માનવ-સંસાધનની જરૂરિયાત પેદા થઇ છે જે શિક્ષકોની તાલીમ જેવા પ્રાયોગિક કાર્યો પાર પાડી શકે;શૈક્ષણિક પ્રવૃત્તિઓનું ક્ષેત્રમાં જઈને નિરીક્ષણ કરી શકે ;અધ્યાપન-અધ્યયન સામગ્રી અને અભ્યાસક્રમની બાબતમાં સંશોધન અને વિકાસની કામગીરી કરી;શિક્ષક અને સમાજના વિકાસ અને પ્રોત્સાહન માટે કાર્ય કરે. પ્રાથમિક શાળામાં બાળકોને ભણાવવા સિવાયના બાકી બધા કર્યો જે શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલ છે તે એવા લોકો દ્વારા કરવામાં આવે છે જેઓ માધ્યમિક સ્તર માટે તાલીમ પામ્યા છે અને તેમાં જ તેઓએ અધ્યાપન કરાવ્યું છેકારણ કે પ્રાથમિક સ્તરે યોગ્ય તાલીમ પામેલ વ્યક્તિઓની અછત છે. આ ક્ષેત્રમાં હેતુ-આધારિત અને યોગ્ય ડિગ્રીનો કોઈ કોર્ષ નથી.

બીજું,વ્યક્તિગત અને રાષ્ટ્રીય સ્તરે અત્યંત અગત્યની **બાબત** હોવાં છતાંય **પ્રા**થમિક શિક્ષણ જ્ઞાનના ક્ષેત્ર તરીકે ઉદાસીન રીતે અવગણના પામ્યું છે. જ્ઞાનના ક્ષેત્ર તરીકે પ્રાથમિક શિક્ષણને પોતાના અંગત ખ્યાલો, પદ્ધતિને લગતા **દ્રષ્ટિબિંદુઓ** અને સમસ્યાઓ છે. આ દેશમાં બિનસરકારી સંસ્થાઓના કાર્ય દ્વારા, શૈક્ષણિક અને ક્ષેત્રીય -સંશોધન દ્વારા અને અન્ય ક્ષેત્રો દ્વારા થયેલા પ્રયત્નોને લીધે અનુભવોની વિશાળ શૃંખલા, આંતરદ્રષ્ટિ અને પ્રાથમિક શિક્ષણ સાથે સબંધિત વિવિધ જ્ઞાન અસ્તિત્વ ધરાવે છે. આ વિખરાયેલા અનુભવો અને જ્ઞાનને સંકલિત કરવા જોઈએ જેથી એક સુસંગત શબ્દભંડોળ, સંશોધિત અને સુગ્રથિત જ્ઞાન-કોશ અને પ્રાથમિક શિક્ષણ અંગેના **દ્રષ્ટિબિંદુ** ઉપલબ્ધ બને.

ત્રીજું,મોટાભાગની યુનીવર્સિટીઓમાં એમ.એડ્. નો કોર્ષ માધ્યમિક સ્તરે વિદ્યાર્થીઓ શિક્ષણ અંગેના જે ચિંતનને બી.એડ્.નો અભ્યાસ કર્યા પછી પોતાની સાથે લાવે છે એ ચિંતનને ન તો વ્યાપક બનાવે છે ન તો ગહન બનાવે છે.

*સ્તર અને તાલીમના મુદ્દાને લઈને એવી ગેરસમજ ન કરવી જોઈએ કે તેનો અર્થ વર્તમાન માળખામાં શાળાના શિક્ષકોને તાલીમ આપી શિક્ષકોના પ્રશિક્ષક તરીકે અપગ્રેડ કરવા એટલો જ છે. **હકીકતમાં** તેનો અર્થ જુદાં જુદાં તબક્કે શાળા શિક્ષણના અલગ અલગ અને ખાસ સ્વરૂપને ઓળખવા અને આ પ્રણાલીમાં યોગ્ય તાલીમ પામેલા વ્યાવસાયિકને કાર્યમાં જોડવા તે છે. ખાસ કરીને પ્રાથમિક સ્તરે આ મુદ્દાને કારકિર્દીના માર્ગમાં તાર્કિક વિસંગતતાના વ્યાપક સંદર્ભમાં, વળતરના સંદર્ભમાં, નોકરીના સંજોગો અને નોકરીના સ્થળના સંજોગોના (જે વર્તમાન શાળા-શિક્ષણ અને શિક્ષક-પ્રશિક્ષણના લક્ષણો છે.) સંદર્ભમાં ઉકેલવો જોઈએ.*

## ૫. ૩ શિક્ષકના માર્ગદર્શક (*પ્રશિક્ષક*)ની તૈયારી માટે એમ.એડ્. એક કોર્ષ તરીકે:

એમ.એડ્. ભારતીય યુનિવર્સિટીઓ દ્વારા શિક્ષણમાં આપવામાં આવતો મુખ્ય અને પ્રભુત્વ ધરાવતો કોર્ષ છે. આ કોર્ષમાં પ્રવેશતા વિદ્યાર્થીઓ પહેલેથી જ શિક્ષણ અંગેની પાયાગત બાબતો, સિદ્ધાંતો, સંસ્થાઓ, પ્રક્રિયાઓ અને પ્રેક્ટિસથી માહિતગાર હોય છે. આ કોર્ષ અનેક પ્રકારના રસ ધરાવનારને પોતાના તરફ ખેંચે છે: જેમ કે અલગ અલગ વિદ્યાશાખામાંથી આવતા ફ્રેશ સ્નાતક વિદ્યાર્થીઓ જેઓની પાસે બી.એડ્.ની ડિગ્રી હોય, અનુભવી શિક્ષકો, અને શિક્ષણ સાથે સંકળાયેલ વિવિધ સરકારી વિભાગોમાંથી આવતા કર્મચારીઓ વગેરે. વિવિધ પ્રકારના વિદ્યાર્થીઓ અને

શિક્ષણના ક્ષેત્રમાં બદલાતી જતી રોજગારીની માંગને લીધે આ કોર્ષ અનેકવિધ શૈક્ષણિક અને વ્યાવસાયિક જરૂરિયાતોને સંતોષવી પડે છે. આ કોર્ષમાંથી બહાર પડેલા ઉમેદવારોને બોર્ડ ઓફ સ્કુલ એજ્યુકેશન,ડાયરેક્ટોરેટ એન્ડ ઇન્સ્પેક્ટોરેટ ઓફ એજ્યુકેશન,શાળાઓ,એસ.સી.ઈ.આર.ટી.ની સંસ્થાઓ,શિક્ષક-પ્રશિક્ષણની કોલેજો અને સંસ્થાઓ નોકરી આપે છે જે તેમને હોદાની રીતે શિક્ષક,શિક્ષકોના *પ્રશિક્ષક*,અભ્યાસક્રમ નિષ્ણાંત,મૂલ્યાંકન નિષ્ણાંત અને વસ્તી-શિક્ષણ નિષ્ણાંત બનાવે છે. એવું માનવામાં રાખવામાં આવે છે કે એમ.એડ્. નો કોર્ષ **વ્યાવસાયી** તૈયાર કરે છે જે શિક્ષણના ક્ષેત્રમાં વિવિધ ભૂમિકા અસરકારક રીતે ભજવી શકે. આ માન્યતા પાયાવિહોણી છે.

શિક્ષણમાં અનુસ્નાતકના સામાન્ય કોર્ષ તરીકે **એમ.એડ્.** અનેક બદલાવ અને શિક્ષણના નવા પડકારો સામે યોગ્ય પ્રતિભાવ આપી શક્યો નથી. તે ૨ વર્ષના શિક્ષણના એમ.એ. (જે શિક્ષણના વધારે મુક્ત અને શૈક્ષણિક કોર્ષ માનવામાં આવે છે)થી અલગ પડતો નથી કારણ કે કોર્ષ ડિઝાઈનમાં અને વિષયવસ્તુની દ્રષ્ટિએ કે શૈક્ષણિક વિચારધારાની દ્રષ્ટિએ તેઓ અલગ પડતા નથી. શિક્ષણમાં બે સમાંતર અનુસ્નાતક કોર્ષને લીધે વિચિત્ર અને મુંઝવણ ભરેલી પરિસ્થિતિનું નિર્માણ થયું છે અને બે કોર્ષને સમાન ગણવા કે નહિ તેવા સવાલ **થયા** ઊભા છે.

એમ.એડ્. સામાન્ય રીતે પ્રશિક્ષકોના શિક્ષક બનવા માટેના કોર્ષ તરીકે સ્વીકાર્ય છે તેમ છતાં મોટાભાગની યુનિવર્સિટીઓમાં તે એક બી.એડ્. ના એક્ષ્ટેન્શનના સ્વરૂપે આપવામાં આવે છે,જે પ્રાથમિક કે માધ્યમિક સ્તરે શિક્ષક પ્રશિક્ષક માટે જરૂરી મુદ્દાઓની ઉણપ ધરાવે છે. શિક્ષક-પ્રશિક્ષણ પરનો એન.સી.એફ.નો પરિસ્થિતિ અહેવાલ નોંધે છે કે: ઘણી યુનીવર્સિટીઓમાં એમ.એડ્. નો કોર્ષ શિક્ષણમાં વ્યાપક અભ્યાસ અંગેનો છે અને શિક્ષણમાં ગહન ચર્ચા માટે પૂરતો અવકાશ પ્રદાન કરતો નથી કે આંતર-વિદ્યાશાખાકીય અભ્યાસને તેમાં તક મળતી નથી. આ કોર્ષ વ્યાવસાયિક વિકાસ માટે ખૂબ ઓછી તક આપે છે અને અભ્યાસક્રમની સમીક્ષા અને ડિઝાઈન ,અધ્યાપન પદ્ધતિઓ,જ્ઞાન-મીમાંસાને લગતા મુદ્દાઓ અને શાળા અને સમાજને લગતા મુદ્દાઓ જેવા અગત્યના ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસ માટે આ કોર્ષ કોઈ અવકાશ પ્રદાન કરતો નથી. પરિણામે શિક્ષક-પ્રશિક્ષણનું હાર્દ શૈક્ષણિક-મનોવિજ્ઞાનની શાસ્ત્રીય વિચારધારાઓ પરથી લેવાયેલા હકારાત્મક અભિગમ પૂરતું સીમિત બની ગયું છે. ૧૯૮૦ થી ભારતમાં થયેલ અનેક નવીન પ્રયોગો સાથે તેનો કોઈ સબંધ નથી.

## ૫. ૪ શિક્ષણમાં અનુસ્નાતક કોર્ષનું વ્યાવસાયિકરણ:

એમ.એડ્. ના કોર્ષને સઘન બનાવવા અને વ્યાવસાયિક બનાવવાના હેતુથી તેના અભ્યાસક્રમમાં સુધારા કરવાની અનેક દરખાસ્તો કરવામાં આવી છે. પ્રાથમિક કે માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષક માટે એમ. એડ્ના કોર્ષને તૈયાર કરવાના પ્રયત્ન કરાય છે. આ જરૂરિયાત સંતોષવા હવે પ્રયત્ન શરૂ થયા છે જેમાં શિક્ષક-પ્રશિક્ષકના પ્રશિક્ષણ માટેના હેતુઓ જાણવા અને શાળાના જુદાં જુદાં સ્તરની જરૂરિયાતો સંતોષવા માટે એવો અભ્યાસક્રમ અમલમાં લાવવો જે આ કોર્ષમાં સ્પેશિયલાઈઝેશન (નિપુણતા) આપે. રાષ્ટ્રીય પ્રાથમિક શિક્ષણની **સમીક્ષા સમિતિએ** એવી ખાસ ભલામણો કરી છે કે એક એવો ખાસ તૈયાર કરાયેલો તાલીમ કાર્યક્રમ અમલમાં લાવવો જે શિક્ષક-પ્રશિક્ષક તરીકે જરૂરી તમામ લક્ષણો માટે યોગ્ય હોય. શિક્ષણમાં બે વર્ષના પોસ્ટ-ગ્રેજ્યુએશનનો કોર્ષ માટે કેટલીક ભલામણો કરવામાં આવી છે જેમ કે : આ કોર્ષમાં શિક્ષણમાં વિદ્વતા પ્રાપ્ત થાય અને ફીલ્ડમાં તેનો અમલ કરી શકાય તેવા સ્પેશિયલાઈઝેશનના કોર્ષ આપવા જોઈએ;શિક્ષક-પ્રશિક્ષણ,અભ્યાસક્રમ ઘડતર ,મૂલ્યાંકન,સલાહ-માર્ગદર્શન અને શિક્ષણની **ફિલસૂફી** અને સમાજશાસ્ત્રના.

**ખાસ કરીને ભારતના સંદર્ભમાં** તે સ્પષ્ટ થઇ ગયું છે કે અનુસ્નાતકનો કોર્ષ શિક્ષકોને તૈયાર કરવાની મુખ્ય જરૂરિયાત ઉપરાંત શિક્ષણની વિદ્યાશાખાના જ્ઞાનનો પાયો સબળ બનાવતો હોવો જોઈએ. અત્યારે અસ્તિત્વમાં છે તે એમ.એડ્.**નું બહુહેતુકીય** મૉડેલ પોતાના સુધારેલા સ્વરૂપમાં પણ શિક્ષણ પરની ચર્ચાને વ્યાપક કે સઘન બનાવતું નથી. સ્પેશિયલાઈઝેશનના ક્ષેત્રો જે અનુસ્નાતકના અભ્યાસ અને સંશોધનના નવા કોર્ષમાં દાખલ કરવામાં આવે તેમાં આ બાબતોનો સમાવેશ થવો જોઈએ: શિક્ષણના પાયાગત સિદ્ધાંતોનો અભ્યાસ-તાત્વિક,ઐતિહાસિક,રાજકીય,સમાજશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ;અભ્યાસક્રમનો અભ્યાસ-વિદ્યાશાખાકીય અને આંતર-વિદ્યાશાખાકીય;અધ્યાપન પદ્ધતિનો અભ્યાસ: ભાષા શિક્ષણ ,ગણિતનો અભ્યાસ ,સામાજિક વિજ્ઞાનનો અભ્યાસ , પ્રાકૃતિકવિજ્ઞાનનો અભ્યાસ;શિક્ષણનું ફંડ અને આયોજન ;નીતિવિષયક અભ્યાસ;જાતિ અને સમાનતાનો અભ્યાસ. આ કોર્ષમાં મુખ્ય ક્ષેત્રમાં શિક્ષણના તાત્વિક અને સામાજિક વિજ્ઞાનની પાયારૂપ બાબતો હોવી જોઈએ અને શૈક્ષણિક સંશોધનના અભિગમો અને પદ્ધતિઓ સાથેનું સઘન કાર્ય જોડાયેલું હોવું જોઈએ.

આનો મતલબ એ જ કે વર્તમાન એમ.એડ્.ના કોર્ષને સુધારેલું સ્વરૂપ આપવા ઉપરાંત શિક્ષણના કેટલાંક પાસાઓના સૂચિતાર્થની સમજ મેળવવા આ દિશામાં નવેસરથી ચર્ચા શરૂ થવી જોઈએ. આ પાસાઓ આ મુજબ છે: શિક્ષણ જેવા ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશ માટે અનેક સ્તરીય પ્રવેશ લાયકાત હોવી જોઈએ, એવા વ્યક્તિઓ જેઓને વિવિધ વિદ્યાશાખાઓનું જ્ઞાન હોય તેવા વ્યક્તિઓને શિક્ષણના ક્ષેત્રમાં ભેગા કરીને, શિક્ષકોના માર્ગદર્શકો/પ્રશિક્ષકોની શૈક્ષણિક અને અન્ય લાયકાતો વધારીને શિક્ષણની વિદ્યાશાખા એક ખાસ રીતે વિકાસ પામે અને તેમાં સંબંધિત વિદ્યાશાખાનું જ્ઞાન જરૂરી બને, શિક્ષણના અભ્યાસમાં અનુસ્નાતક કોર્ષમાં જે શિક્ષક-પ્રશિક્ષણ દ્વારા દાખલ થવાતું હોવાથી જ્યાં જ્યાં જરૂર લાગે ત્યાં ટૂંકા ગાળાના સંધાન કોર્ષ(બ્રીજ કોર્ષ) આપવા જોઈએ વગેરે. આ બાબતો વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિમાં અવરોધરૂપ લાગે છે પરંતુ જ્ઞાન અને પ્રેક્ટિસના સ્વરૂપમાં શિક્ષણની સર્વાંગીક વિકાસ સ્થિતિ સુધારવા ભવિષ્યમાં યોગ્ય ચર્ચા વિચારણા દ્વારા આ સમસ્યાનો ઉકેલી શકાય છે.

## ૫. ૫ શિક્ષક-પ્રશિક્ષકો તૈયાર કરવા જરૂરી પ્રેરક-બળ

*પ્રારંભિક બાલ્યાવસ્થાનું શિક્ષણ*

શરૂઆતની બાલ્યાવસ્થાના શિક્ષણનો હેતુ બાળકના સર્વાંગી વિકાસનો છે જે આનંદપ્રદ, **બાળકલક્ષી** અને રમત અને પ્રવૃત્તિસભર વાતાવરણ દ્વારા શક્ય બને છે. શરૂઆતની બાલ્યાવસ્થાના શિક્ષણ માટે શિક્ષક-પ્રશિક્ષણનો કાર્યક્રમ તાલીમાર્થી સાથે સંકળાયેલ મુદ્દાઓ જેવા કે તેઓની કાર્યક્ષમતા, અભિગમ અને કૌશલ્યો(જે આનંદપૂર્ણ, બાળક-કેન્દ્રિત અને રમત અને પ્રવૃત્તિસભર વાતાવરણ નિર્માણના હેતુ પર આધારિત યોગ્ય અભ્યાસક્રમના અમલ સબંધિત હોય) વિકાસ પામે તેવો હોવો જોઈએ. આ અભિગમ બૌદ્ધિક અને ભાષાકીય વિકાસ, **આરોગ્ય** અને પોષણ, સામાજિક-ભાવનાશીલ વિકાસ, શારીરિક અને મનો-ગતિશીલ વિકાસ, ભાષા સંબંધી વિકાસ, સર્જનાત્મકતા અને રમત, કાર્યક્રમનું આયોજન અને શાળા સંચાલન, સામાજિક ગતિશીલતા અને સહભાગિતાને અસર કરનારો હોય છે. આ જરૂરિયાતો શિક્ષક માર્ગદર્શક(પ્રશિક્ષક) પાસેથી એવી અપેક્ષા રાખે છે કે તે બાળ**શિક્ષણની** ફિલસૂફીનું ઊંડું જ્ઞાન ધરાવતા હોય, અને સાથે સાથે ઉપરોક્ત ક્ષેત્રમાં ખાસ વિષયવસ્તુ અને પદ્ધતિઓનું જ્ઞાન પણ ધરાવતા હોય.

પ્રારંભિક બાલ્યાવસ્થાના શિક્ષણના સંજોગોની વિવિધતા માટે કેટલીક બાબતોની જરૂરી છે જેમ કે વય-જૂથ,સ્ટાફનું સ્તર,તાલીમનો પ્રકાર અને સ્થળના સંદર્ભમાં કાર્યકરની તાલીમ માટે વિવિધ મૉડેલનો વિકાસ. આવનારા વર્ષોમાં આ ક્ષેત્રનો વિકાસ જોતાં પ્રારંભિક બાળપણના શિક્ષણમાં કાર્ય કરતા શિક્ષકોની તાલીમ માટે સંસ્થાકીય સુવિધાઓની તીવ્ર તંગી છે. આ શિક્ષકોની તાલીમ માટે પ્રશિક્ષકો તૈયાર કરવા માટે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ખાસ તૈયાર કરાયેલ કાર્યક્રમોનો વિકાસ કરવાની જરૂર છે. એક સંભાવના એવી છે કે એમ.એડ્. ના કોર્ષને શિક્ષક-પ્રશિક્ષકના કોર્ષમાં પરિવર્તિત કરી તેમાં શાળા-પૂર્વ,પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા માટે સ્પેશિયલાઈઝેશન આપવું.

પ્રારંભિક/ *પ્રાથમિક શિક્ષણ*

ડાયેટની સંસ્થાઓની સ્થાપનાની સાથે સાથે બે પ્રકારના શિક્ષક-પ્રશિક્ષક અસ્તિત્વમાં આવ્યા-એવા જે ડાયેટમાં શિક્ષણ આપે છે અને બીજા જેઓ અન્ય સરકારી કે ખાનગી સંસ્થાઓમાં શિક્ષણ આપે છે. મોટાભાગના રાજ્યોમાં ડાયેટની સંસ્થાઓ જ પ્રાથમિક શિક્ષકો પૂરા પાડે છે. (જો કે પ્રાથમિક શિક્ષકોની જબ્બર માંગ અને ડાયેટ દ્વારા આ માંગને પૂરી કરવા લેવાયેલા મર્યાદિત પગલાંઓને લીધે વિષમ પરિસ્થિતિ સર્જાઈ છે. ખાનગી ઈ. ટી.. ઈ. નું પ્રમાણ છેલ્લા પાંચ વર્ષમાં ૫૩૩૩૫ર પહોંચ્યું છે. મંજુર થયેલી ૫૭૧ ડાયેટમાંથી હાલ ૫૨૯ ડાયેટ કાર્યરત છે.

ડાયેટની સંસ્થાઓ પાસેથી અનેક ફરજોની અપેક્ષાઓ રાખવામાં આવે છે જેમ કે તાલીમી અને સેવારત શિક્ષકોની તાલીમ,અનૌપચારિક અને પ્રૌઢ શિક્ષણ ,અભ્યાસક્રમ અને સામગ્રીનો વિકાસ,શૈક્ષણિક સંશોધનનો વિકાસ ,વિસ્તરણ,આયોજન અને સંચાલન. આ બાબતો માટે જ્ઞાન,કૌશલ્ય અને ક્ષમતાનુ ઊંચું સ્તર જરૂરી બને છે. વર્તમાન સંજોગોમાં ડાયેટ સંસ્થાઓ પ્રશિક્ષકોની તંગી અનુભવી રહ્યું ;જે પ્રશિક્ષકોની નિમણૂંક કરાયા છે તેઓ જરૂરી શૈક્ષણિક લાયકાત કે વ્યાવસાયિક અનુભવ ધરાવતા નથી. તેઓમાંના કેટલાંક પ્રાથમિક શાળામાં ભણાવવાનો અનુભવ પણ ધરાવતા નથી,પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ પર ઊંડી સમજ ધરાવતા નથી,અને સંશોધન અને શિક્ષકની તાલીમ માટે વ્યાવસાયિક કૌશલ્યોપણ ધરાવતા નથી. ડાયેટ સિવાયના પ્રશિક્ષકો પણ આ જ ઉણપો ધરાવે છે.

પ્રાથમિક શાળાના શિક્ષકોની પ્રારંભિક તાલીમની દિશા અને ખ્યાલો દેશની શિક્ષણક્ષેત્રને લગતી મુખ્ય સમસ્યાઓ જેવી કે શિક્ષણની સુલભતા ,શાળા છોડી જવાના કિસ્સા,સહભાગિતા,સિધ્ધિઓ,જાતિનો અને મુશ્કેલ માહોલમાં અધ્યાપન વગેરે તરફ અભિમુખ થવા જોઈએ. આના માટે જરૂરી છે કે તેમાં અભ્યાસક્રમ તમામ હિતધારકોની સહભાગીતાને પ્રોત્સાહક હોય; પ્રસ્તુત સિદ્ધાંતને સમાવતા કાર્યના સંદર્ભમાં અભ્યાસક્રમનું નમૂનારૂપ આયોજન થાય; અભ્યાસક્રમમાં શીખવાની પ્રક્રિયા અને પ્રેક્ટિસ માટે પૂરો સમય-અવકાશ મળી રહે; તાલીમ વ્યૂહરચના માટે વ્યાવસાયિક અભિગમ અને સામગ્રી વિકાસ અને તાલીમ પ્રક્રિયામાં જરૂરી શૈક્ષણિક ટેકનોલોજીનો ઉપયોગ જેવી બાબતોનો સમાવેશ થતો હોય. વર્તમાન પ્રણાલી આવી ફરજો નિભાવી શકે તેવા પ્રશિક્ષકોની તંગી અનુભવે છે. કેટલાંક એકલદોકલ પ્રયત્નો જે કેટલીક યુનીવર્સિટીઓ અને એન. સી.ઈ.આર.ટી. દ્વારા સંચાલિત આર.આઈ.ઈ.ની સંસ્થાઓ, જામિયા મિલિયા ઇસ્લામિયાના શિક્ષણ વિભાગ (કે જે એમ.એડ્.-પ્રાથમિક નો કોર્ષ આપે છે) દ્વારા થયા છે તે સિવાય પ્રાથમિક શાળાના શિક્ષકોને તૈયાર કરવા માટે કોઈ વ્યવસ્થા નથી કે ન તો બી.એડ્. કે એમ.એડ્. માટે જરૂરી ક્ષમતા,સમજ કે આવડત ધરાવતા પ્રાથમિક શિક્ષકો તૈયાર કરે છે.

*માધ્યમિક શિક્ષણ*

બી.એડ્. નો કોર્ષ શિક્ષણની કોલેજો કે યુનિવર્સિટીઓમાં આપવામાં આવે છે. આ કોર્ષ નિરંતર શિક્ષણના કેન્દ્રો/ઓપન યુનિવર્સિટીઓ દ્વારા પણ આપવામાં આવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં બી.એડ્ની ડિગ્રી આપતી કોલેજોની સંખ્યામાં ખાસો વધારો નોંધાયો છે. માર્કેટના પરિબળોની અસરથી આ આંક માર્ચ ૨૦૦૯માં ૧૧૮૬૧ સંસ્થાઓમાં ૧૪૪૨૮ કોર્ષનો હતો. જેમાં મંજુર થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૯૬૬૭૩ છે.

માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણને સારું બળ મળ્યું જયારે કેટલીક પસંદગીની સંસ્થાઓને કેન્દ્ર દ્વારા શિક્ષક-પ્રશિક્ષણના વિકાસ માટેની યોજનાનો લાભ મળે તે માટે તેઓને કોલેજીસ ઓફ ટીચર એજ્યુકેશન અને ઇન્સ્ટિટયુટ્ ઓફ એડ્વાન્સ્ડ સ્ટડીઝ ઇન એજ્યુકેશન તરીકે બઢતી આપવામાં આવી. સી.ટી.ઈ./આઈ.એ.એસ.ઈ. ની માર્ગદર્શિકા ખાસ કરીને એવા વ્યક્તિઓની ભરતીની ભલામણ કરે છે જેઓ ઉચ્ચ શૈક્ષણિક અને વ્યવસાયી લાયકાતો ધરાવતા હોય. આ લાયકાતો યુનિવર્સિટી

દ્વારા અપાતી સામાન્ય આર્ટસ અને સાયન્સ કોલેજોમાંથી મેળવવામાં આવે છે. એવી પણ ભલામણ કરવામાં આવી છે કે શિક્ષક -પ્રશિક્ષકોની એક અલગ કેડર ઊભી કરવી અને તેઓને અન્ય કોલેજોના અધ્યાપકોને સમકક્ષ પગારધોરણ અને અન્ય કાર્ય-સિદ્ધિ આધારિત પ્રોત્સાહનો આપવા.

વર્તમાન સમયમાં માધ્યમિક શિક્ષકપ્રશિક્ષક શિક્ષણમાં અનુસ્નાતકની ડિગ્રી ધરાવનાર હોય.છે એન.સી.ટી.ઈ.ના ધોરણો એમ.એડ્.ની માસ્ટર ડિગ્રી ૫૫% સાથે અને પી એચ. ડી. કે એમ. ફીલ.ની ડીગ્રીને મહત્ત્વ આપવાની ભલામણ કરે છે. એમ.એડ્. સામાન્ય રીતે શિક્ષક પ્રશિક્ષક માટેની લાયકાત તરીકે સ્વીકાર્ય હોવા છતાંય મોટાભાગની યુનીવર્સિટીઓમાં તે માત્ર બી.એડ્.નું વિસ્તૃત સ્વરૂપ છે અને પ્રાથમિક અને માધ્યમિક સ્તરે શિક્ષકની તૈયારી માટેના જરૂરી મુદ્દાઓનો અભાવ ધરાવે છે.

સારાંશ એ છે કે દરેક તબક્કે શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓમાં એવા પ્રશિક્ષકો ભણાવે છે જેઓ શિક્ષક તાલીમ માટેની ફરજ બજાવવા માટેની પૂરતી લાયકાત ધરાવતા નથી. આ પરિસ્થિતિ માટે પ્રશિક્ષકો તૈયાર કરતી સંસ્થાઓની પદ્ધતિમાં અલગ અલગ તબક્કા માટે અલગ અલગ પ્રકારની વ્યાવસાયિક તાલીમ હોવી જોઈએ તે માટે વિચારનો અભાવ જવાબદાર છે. શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓની સંખ્યામાં આવેલ જબ્બર વધારાને લીધે કપરી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કારણ કે પ્રશિક્ષકોની માંગ અને પુરવઠા વચ્ચે અસમતુલા સર્જાય છે,અને પરિણામે લાયકાત અને સંખ્યા બન્નેના સંદર્ભમાં સમાધાનકારી વલણ અપનાવવું પડ્યું છે.

### ૫. ૬ શિક્ષક -પ્રશિક્ષકો તૈયાર કરવા માટે નવીનતા/મૌલિકતાને પ્રોત્સાહન

કોઈપણ પ્રથા, જેની પાસેથી ભવિષ્ય માટે અપેક્ષાઓ રાખવામાં આવે છે તેણે પ્રયોગાત્મક અને મૌલિક/નવીન વિચારોને પ્રોત્સાહન આપવાની હિમ્મત બતાવવી જ પડેઅને આવા પ્રયત્નોની સતત સમીક્ષા થતી રહેવી જોઈએ . શિક્ષક-પ્રશિક્ષણનું ક્ષેત્ર પણ આમાં અપવાદ ન હોઈ શકે. આવા પ્રયોગનો અર્થ એ નથી કે વર્તમાન મૉડેલને બદલી નાખવુંપરંતુ આ એક એવો પ્રયત્ન છે જેમાં વ્યવહારુ વૈકલ્પિક મૉડેલમાં નવા માળખાની અજમાયશ છે. જેથી કરીને શિક્ષક-પ્રશિક્ષણને તાજગી બક્ષીને જીવંત બનાવી શકાય.

આ દિશામાં એક નવીન પ્રયોગ, તાજેતરમાં તાતા ઇન્સ્ટિટયુટ્ ઓફ સોશ્યલ સાયન્સીસ મુંબઈ દ્વારા સંયુક્ત અનુસ્નાતકનો કોર્ષ એમ.એડ્. એજ્યુકેશન(પ્રાથમિક) શરૂ કરીને કરવામાં આવ્યો. પોતાની

રીતનો આ પ્રથમ પ્રયોગ છે. તેની આંતર-વિદ્યાશાખાકીય અને દ્વિપક્ષીય ડિઝાઈન અને કાર્ય-પદ્ધતિ (ઓનલાઈન અભ્યાસ અને વિદ્યાર્થી સંપર્ક) તેને નવીન અને સાહસપૂર્ણ કદમ બનાવે છે.

તાજેતરમાં જ નિર્મિત કોર્ષ હોવાથીપોતાનાહેતુઓમાં કેટલો સફળ રહે છે તે અંગેની ચર્ચા શિક્ષક-પ્રશિક્ષણના સંદર્ભમાં થવી જોઈએ. આ કાર્યક્રમ પ્રાથમિક સ્તરે વિવિધ પાસાઓમાં વિદ્વતાપૂર્ણ શિક્ષક પ્રશિક્ષક તૈયાર કરવાની બાબતમાં કેટલો અનુકરણીય છે તે અંગે પણ સમીક્ષા થવી જોઈએ.

## ૫. ૭ શિક્ષણ અંગેના અભ્યાસની મહત્તા વધારવી અને શિક્ષણ -પ્રશિક્ષકનો વ્યાવસાયિક વિકાસ

ઉચ્ચ શિક્ષણમાંથી શિક્ષણના ક્ષેત્રની એક વિદ્યાશાખા તરીકે અલગાવપણુંતેને નીચો દરજ્જો આપવામાં ભાગ ભજવે છેઆ બાબતનું નિરાકરણ લાવવા કેટલાંક સૂચનો આપવામાં આવ્યા છે. એક દરખાસ્ત એવી છે કે અભ્યાસક્રમના ક્ષેત્રમાં અને ગણિતભાષાઓ સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાનના અધ્યાપનમાં વૈવિધ્યપૂર્ણ સ્પેશ્યલાઈઝેશન આપવું અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા કે તેઓ પસંદગીની વિદ્યાશાખામાં અનુસ્નાતકનો કોર્ષ કરે અને સાથે સાથે પસંદગીના અભ્યાસક્રમ અને અધ્યાપન કોર્ષમાં સ્પેશ્યલાઈઝેશન કરે. એવું પણ સૂચવવામાંઆવ્યું છે કે અન્ડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીને શિક્ષણના અભ્યાસમાં પ્રવેશ માટે અનેક વિકલ્પો આપવામાં આવે જેમ કે ચાર વર્ષનો પ્રાથમિક અને માધ્યમિક સ્તર માટેનો સંકલિત કોર્ષશિક્ષણના સામાન્ય અન્ડર ગ્રેજ્યુએટ કોર્ષમાં એક કરતા વધુ વિકલ્પો મુખ્ય વિષય તરીકે આપવાત્યારબાદ અનુસ્નાતક કક્ષાએ અનેક કોર્ષ આપી શકાય તેમ હોય જેમ કે શિક્ષણસામાજિક વિજ્ઞાનવિજ્ઞાન ગણિત કળા ભાષા અભ્યાસ અને માનવવિદ્યાઓ. આવી વિવિધતા તેજસ્વી અને અભ્યાસુ વિદ્યાર્થીઓને શિક્ષણના કોર્ષમાં પ્રવેશ લેવા આકર્ષશે અને શિક્ષક-પ્રશિક્ષણ, સંશોધન, અભ્યાસક્રમ અને અધ્યાપન જેવા વિકલ્પોમાં પોતાનો અભ્યાસ કરવા પ્રેરશે.

એ બાબત જરૂરી છે કે શિક્ષણની વિદ્યાશાખાનો દરજ્જો ઊંચે લઇ જવો અને શિક્ષક પ્રશિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટેની વ્યવસ્થા ગોઠવવી. તે આવકાર્ય છે કે **૧૧મી યોજના**ની શિક્ષક-પ્રશિક્ષણ અંગેની કાર્યકારી સમિતિએ આ બધી સમસ્યાઓના ઉકેલ પરત્વે ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને કેટલીક ભલામણો કરી છે અને આ ભલામણો દરેક પાસાને આવરી લે છે જેમ કે સંસ્થાઓ માળખું કોર્ષ, પ્રવૃત્તિઓ અને પ્રોત્સાહન. આ ભલામણોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

- શિક્ષક-પ્રશિક્ષણ વિદ્યાશાખાનું અલગાવપણું દૂર કરવા રીજનલ ઇન્સ્ટિટયુટ્ ઓફ એજ્યુકેશન (RIE) ની સંસ્થાઓ સહિત દેશની પસંદગી પામેલ ૩૦ યુનિવર્સિટીઓમાં સ્કુલ ઓફ એજ્યુકેશન શરૂ કરવી અને આ વિદ્યાશાખાને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવી. આ સ્કુલ ઓફ એજયુકેશનમાં શાળા-પૂર્વ શિક્ષક-પ્રશિક્ષણ, અભ્યાસક્રમ સંશોધન નીતિ અને શૈક્ષણિક વિકાસ, અધ્યાપન અને અધ્યયન પ્રક્રિયાનો અભ્યાસ, શિક્ષક પ્રશિક્ષકોનો વ્યાવસાયિક વિકાસ અને શિક્ષક-પ્રશિક્ષણના અભ્યાસક્રમ અને શિક્ષક માટે જરૂરી સ્રોત અને શૈક્ષણિક મદદ જેવી બાબતો સાંકળી લેવામાં આવશે.

- રાષ્ટ્રીય સ્તરે એક આંતર-યુનિવર્સિટી કેન્દ્ર ઊભું કરવું જે યુ. જી. સી. ના માર્ગદર્શનમાં આ સ્કૂલોનું વિષયવસ્તુના સંદર્ભમાં સંકલન કરશે: શિક્ષક-પ્રશિક્ષણના અભ્યાસક્રમોની પુન:રચના, અભ્યાસક્રમ સામગ્રીનું નિર્માણ, સામગ્રીનું પ્રાદેશિક ભાષાઓમાં રૂપાંતર, શિક્ષક-પ્રશિક્ષણ માટે અભ્યાસક્રમ અને અધ્યાપન સામગ્રી માટે વેબ-પોર્ટલ ઊભું કરવું . આ કેન્દ્રની ફરજ એ રહેશે કે તે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

- દેશની અગ્રગણ્ય સંસ્થાઓ જેવી કે આઈ. આઈ. એસ. સી., હોમી ભાભા સેન્ટર, ટી. આઈ. એફ. આર.માં શિક્ષણના ખાસ કેન્દ્રો ખોલવા જેથી ૩ વર્ષનો અનુસ્નાતકનો કોર્ષ આપી શકાય. (બી.એડ્. બે વર્ષ માટે અથવા એમ.એડ્. ત્રણ વર્ષ માટે ઉચ્ચતર માધ્યમિક શાળા માટે શિક્ષક બનવા કે શિક્ષક પ્રશિક્ષકનીખાસ કેડર ઊભી કરવા માટે)

- ચાર રીજનલ સેન્ટર ઓફ એજ્યુકેશનલ મેનેજમેન્ટની આઈ. આઈ. એમ. અને એન. યુ. ઈ. પી. એ. માં સ્થાપીને ડાયેટ કે એસ.સી.ઈ.આર.ટી. ના વડા તરીકે કાર્ય કરવા એજયુકેશનલ મેનેજમેન્ટમાં અનુસ્નાતકની ડિગ્રી આપી શકાય.

- ધી સેન્ટર ફોર પ્રોફેશનલ ડેવલપમેન્ટ ઓફ ટીચર એજયુકેટર્સ, પ્રાથમિક/માધ્યમિક શિક્ષણમાં માસ્ટર ડિગ્રીનો કોર્ષ આપી શકાય અને ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને મૂલ્યાંકન ક્ષેત્રમાં અધ્યાપન પદ્ધતિઓ અને અભ્યાસક્રમમાં સ્પેશ્યલાઈઝેશનવું આપ

- પસંદગી પામેલ માધ્યમિક શિક્ષકોને પ્રાથમિક શિક્ષકોની તાલીમ માટે અભિમુખ કરવા માટે પ્રાથમિક શિક્ષણનો એડ્વાન્સ ડીપ્લોમાં,ડાયેટ/એસ.સી.ઈ.આર.ટી. માં પ્રાધ્યાપક બનવા માટે વ્યાવસાયિક વિકાસનો કોર્ષ જેમાં અભ્યાસક્રમ,અધ્યાપન અને વિદ્યાશાખાકીય જ્ઞાનનો સમાવેશ હોય.

- સૂચિત યુનિવર્સિટી સ્કૂલ્સ ઓફ એજ્યુકેશનમાં પ્રાથમિક શિક્ષકો સહિત તમામ શિક્ષક પ્રશિક્ષકોમાટેના રિફ્રેશર કોર્ષ દ્વારા વ્યાવસાયિક કૌશલ્યોના નવીકરણ પર ભાર મૂકવામાં આવ્યો છે અને યુનિવર્સિટીના વિભાગો દ્વારા ખાસ વિષયોના રીફ્રેશર કોર્ષ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

- *શિક્ષક* **પ્રશિક્ષકોને** *માટે સંશોધન માટે ફેલોશીપ જેમાં માર્ગદર્શકનો પણ સમાવેશ હોય તેની જોગવાઈ.*લગભગ ૨૦૦ કે તેથી વધારે ફેલોશીપ સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ શિક્ષણ સંસ્થાઓના શિક્ષક **પ્રશિક્ષક** માટે. આ ફેલોશીપ બે વર્ષ માટે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અધ્યાપન અને સંશોધનની તક પ્રદાન કરશે.

- **સમયાંતરે** *શૈક્ષણિક સમૃદ્ધિ પ્રવૃત્તિઓ-*જાહેર વક્તવ્ય,ફિલ્મ અને પુસ્તક વિવેચન સત્ર, જરૂરિયાત આધારિત મુદ્દાઓ,અધ્યાપન-અધ્યયન શૈલી પર ટૂંકા ગાળાના ઓરિએન્ટેશન કોર્ષ, વિવિધ અભ્યાસક્રમના ક્ષેત્રો અને બાળ-વિકાસ સબંધિત,તાત્વિક-અધ્યયન રચના-પ્રક્રિયા, વાંચન, લેખન, વિચાર અને અભ્યાસક્રમ વિકાસના મુદ્દાઓ માટે ઇન્સ્ટ્રક્શનલ ડિઝાઈનનો સિદ્ધાંત

- સેન્ટર ફોર ટીચર એન્ડ એકેડેમિક સપોર્ટ સેન્ટર: શિક્ષક માટે વિવિધ રિસોર્સ(સ્ત્રોત) માટેની જોગવાઈ, બાળ-સાહિત્ય, શાળા અભ્યાસક્રમોની વિવિધતા, પાઠ્યપુસ્તકો, મલ્ટી-મીડિયા સામગ્રી, ઈન્ટરનેટની સુવિધા, શિક્ષકો માટે પ્લેટફોર્મ, શિક્ષકોની અદલાબદલી,સેમિનાર, અભ્યાસ-સત્ર,રૂબરૂ તેમ જ આઈ. સી. ટી. દ્વારા શૈક્ષણિક મદદ,શિક્ષક-પ્રશિક્ષણ શાળાના ઉપયોગ માટે અને શાળામાં આદાનપ્રદાનમાટે અધ્યાપન-અધ્યયન સામગ્રી.

ઉપરોક્ત ભલામણો, શિક્ષણના અભ્યાસનો દરજ્જો ઉંચો, ઉચ્ચ શિક્ષણ અને શાળા શિક્ષણ વચ્ચે સેતુ સ્થપાય, અને દેશમાં શિક્ષક-તાલીમકારની એક વ્યવસાયી કેડર ઊભી થાય એ સુનિશ્ચિત કરે છે.

## ૫. ૮ શિક્ષક-પ્રશિક્ષણની તાલીમ ભાવિ દિશા અને સંભાવનાઓ

વર્તમાનમાં શિક્ષક-પ્રશિક્ષકની તાલીમ એક વર્ષના નિશ્ચિત અભ્યાસક્રમવાળા કોર્ષ દ્વારા થાય છે. તેના વધુ વિકાસ માટે એમ. ફીલ. અને પી. એચ. ડી. કરવામાં આવે છે. અગાઉ જણાવ્યું તેમ, આમાંથી કોઈપણ શિક્ષક-પ્રશિક્ષક તૈયાર કરવાના હેતુથી બનાવવામાં આવેલ કોર્ષ કે ડિગ્રી નથી કે તે વાત અલગ છે કે તેઓ શિક્ષક-પ્રશિક્ષણને લગતાં પાસાઓનું એક યા બીજી રીતે જ્ઞાન આપે છે.

શિક્ષક-પ્રશિક્ષકની  તાલીમના મુદ્દાને ગંભીરતાથી લેવાનું શરૂ થયું છે. એક આશાસ્પદ પગલું છે અને શિક્ષણ સાથે સંકળાયેલ સંસ્થાઓ અને અન્ય એજન્સીઓએ અભ્યાસક્રમો સુધારવા પગલાંઓ ભર્યા છે. અલગ અલગ યુનિવર્સિટી દ્વારા એમ.એડ્. ના અલગ અલગ મૉડેલ આપવાની બાબતમાંથી એ સ્પષ્ટ થાય છે અને કેટલીક સંસ્થાઓ દ્વારા શિક્ષક પ્રશિક્ષણના વિવિધ નવીન/મૌલિક કાર્યક્રમોની રચના પણ આનો પૂરાવો છે. એમ.એડ્.ને એક સઘન અભ્યાસના કોર્ષ તરીકે લેવાને નહિ કે શિક્ષણના એક સામાન્ય અભ્યાસ તરીકે, એ હવે સ્પષ્ટ જણાય છે. વ્યાવસાયિક સઘનતાની જરૂરિયાત, વિષયની પ્રસ્તુતી અને સંશોધન આધારિત કૌશલ્યની પણ હવે કદર કરવામાં આવે છે. આ બાબતો એ  સૂચવે છે કે શિક્ષક-પ્રશિક્ષકોના શિક્ષણ અને તાલીમ માટે નવા કાર્યક્રમની ડિઝાઈન વિશે અલગ રીતે વિચારવું જોઈએ. આ મુદ્દાઓને ધ્યાનમાં લેવા માટે નીચેની ભલામણો ગંભીરતાથી લેવી પડશે.

- શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ દાખલ થાય તે માટે તંત્ર ઊભું કરવાની જરૂર છે.

- શિક્ષણમાં અનુસ્નાતક કક્ષાએ ઉત્તરોત્તર આગળ અને આગળ વધી શકાય તે માટે અન્ય લિંક કોર્ષ હોવા જોઈએ . જેમાં વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં સંશોધનનો સમાવેશ થઇ શકે.

- શિક્ષક-પ્રશિક્ષણનો ચાર કે પાંચ વર્ષનો સંકલિત કોર્ષ, એવા શિક્ષણના મુખ્ય ઘટકોનો સમાવેશ કરતો હોવો જોઈએ જે પૂર્વ-પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક સ્તરના શિક્ષણ કાર્યક્રમો માટે સામાન્ય હોય, અને એના પછી જે તે સ્તરમાં વ્યાવસાયિક વિકાસ માટે સ્પેશિયલાઈઝેશન આપવામાં આવતું હોય.
- વિજ્ઞાન, શિક્ષણ, ભાષા, સામાજિક વિજ્ઞાન, અને ગણિતમાં અનુસ્નાતક સ્તરે સ્પેશિયલાઈઝેશન હોય તેવા કોર્ષ વિકસાવવા.
- શિક્ષણના અભ્યાસની એક અલગ અભ્યાસ તરીકે અને વ્યવાસયીક તાલીમ તરીકે સમીક્ષા કરવી અને તે રીતે તેના પર લક્ષ આપવું અને અનુસ્નાતક કોર્ષની રચનામાં આ બાબત ધ્યાનમાં લેવી.

શિક્ષક-પ્રશિક્ષણ માં સર્વાંગી સુધારાની દરખાસ્ત ભવિષ્યમાં સંકલિત કોર્ષની ભલામણ કરે છે; શાળા અને યુનિવર્સિટી શિક્ષણ વચ્ચે જરૂરી લિંક પ્રસ્થાપિત કરવી, અનુસ્નાતક સ્તરે સ્પેશિયલાઈઝેશનમાં વિવિધતા અને શિક્ષણમાં આગળ અભ્યાસ કરવા માટે સ્નાતક વિદ્યાર્થીઓને અનુસ્નાતક કક્ષાએ અનેક વિકલ્પો પૂરા પાડવા.

આ દિશામાં આગળ વધવા માટે જે સુધારાઓમાં ભારતીય પરિસ્થિતિઓના સંદર્ભમાં શિક્ષણના ક્ષેત્રમાં નિષ્ઠાપૂર્વકના સંશોધન જરૂરી છે અને તે સ્વતંત્ર રીતે કાર્યરત વિભાગો દ્વારા થયા હોય. આવા વિભાગો દ્વારા થયેલા સંશોધન, શિક્ષક-પ્રશિક્ષણના કાર્યક્રમોને સૈદ્ધાંતિકનો મજબૂત પાયો આપશે. વર્તમાન શિક્ષણની સંસ્થાઓ અને વિભાગો પોતાની પ્રવૃત્તિઓનું વિસ્તરણ કરી શકવાની સ્થિતિમાં નથી અને પરિણામે લાંબા સમયથી બાકી જરુરીયાતો પરત્વે ધ્યાન આપી શકે તેમ નથી કારણ કે તેઓ પોતાના પૂર્વગ્રહોને લીધે ચીલાચાલુ શિક્ષક તાલીમ અને સંશોધન કાર્યક્રમમાંથી બહાર આવી શકે તેમ નથી.

# પ્રકરણ ૬
# અમલ માટેના વ્યૂહ

## ૬. ૧ પરિચય

હવે પછીના લખાણમાં શિક્ષક-પ્રશિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ, માળખાકીય રચના(એન.સી.ટી.ઈ.) દ્વારા શિક્ષક-પ્રશિક્ષણમાં ગુણવત્તા લાવવાના હેતુથી જે કાર્યો હાથ ધરવામાં આવ્યા છે તેનો પુરાવો  છે. આ પ્રક્રિયા જે બે વર્ષ પહેલા શરૂ થઇ હતી તે હવે આ માળખાકીય રચનાના વિકાસના તબક્કામાં પહોંચી છે. આ પ્રકારના દસ્તાવેજ વિચારોના એવા બીજ ધરાવે છે જેનામાં અંકુરિત થવાની ક્ષમતા છે. અને આ બાબત શિક્ષક-પ્રશિક્ષણની સુધારણા પ્રક્રિયા માટે,શાળા શિક્ષણની ગુણવત્તા જાળવી રાખવા અને તેને પોષવા ખૂબ અગત્યની બનશે. આ પ્રયત્ન ઈચ્છિત હેતુઓ સિદ્ધ કરવા માટેના ઈરાદાથી કરવામાં આવ્યા હોવાથી તે જરૂરી છે કે જે બાબતો આ માળખામાં વિચારવામાં આવી છે તેને અમલની કસોટી પર ચડાવવી,જેથી તે વિષયવસ્તુ અને શિક્ષક-પ્રશિક્ષણની પ્રક્રિયામાં ઈચ્છિત પરિવર્તન લાવી શકાય. આ સંદર્ભમાં નીચે કેટલાક વ્યૂહ આપવામાં આવ્યા છે.

## ૬. ૨ હિમાયત

- આખા શિક્ષણ જગતને લાભ થાય તે માટે  આ અહેવાલ એન.સી.ટી.ઈ. ની વેબ-સાઈટ (www. ncte-india. org) પર અપલોડ કરવામાં આવ્યો છે.
- અમલ માટેના આ પ્રથમ પગલાંમાં આ દસ્તાવેજનો શિક્ષણના હિત સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓ માટે વ્યાપક પ્રચાર અને પ્રસારનો સમાવેશ થાય છે. આ બહુ ઝડપથી કરવાનું છે જેથી આ બાબતમાં જાગૃતિ કેળવી શકાય અને આ અંગેની ચર્ચા શરૂ થઇ શકે.
- આ માળખું યુનિવર્સિટીઓના શિક્ષણ વિભાગના ડીન તેમજ સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસોર્સ અને ટ્રેનીંગના નિયામકોને અને અન્ય સંસ્થાઓ જે શિક્ષક-પ્રશિક્ષણ સાથે સંકળાયેલ છે તે તમામને આપવામાં આવશે,જેથી આ માળખાના અમલ માટે એક મૉડેલ તૈયાર  કરવામાં તેઓનો સહકાર મળી રહે માટે ઓછામાં ઓછી પાંચ ચર્ચા-

વિચારણા દરેક પ્રાંતમાં યોજાનાર છે જેથી ઉપરોક્ત સંસ્થાઓ સાથે આ માળખાની સફળતા માટે જરૂરી બાબતોની ચર્ચા થઇ શકે અને તેઓને પોતાના વર્તમાન માળખાની નવા માળખા સાથે સરખામણી કરી ફેર-વિચારણા કરવાની તક મળે.

- એન.સી.ટી.ઈ યુનિવર્સિટીઓને આ વિષય પર વર્કશોપ યોજવા બાબતે સહકાર આપશે જેથી આ વિષય પર ચર્ચા થઇ શકે. આ જ પ્રકારની સહાય, રાજ્ય કક્ષાએ શિક્ષક-પ્રશિક્ષણ સાથે સંકળાયેલ હોય તેવી એસ.સી.ઈ.આર.ટી. ની સંસ્થાઓને પણ પૂરી પાડવામાં આવશે.

- એક રાષ્ટ્રીય કક્ષાની ચર્ચા યુનિવર્સિટીઓ સાથે યોજવામાં આવશે જેથી શિક્ષક-પ્રશિક્ષણના તમામ કોર્ષને યુનિવર્સિટીઓ તરફથી અધિકૃત રીતે મદદ મળી રહે. આ વિચાર, શિક્ષણ પંચ (૧૯૬૪-૬૬) દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો પરંતુ હજુ સુધી સાકાર થયેલ નથી. આ દિશામાં હકારાત્મક પગલું, લાંબા ગાળે શિક્ષક-પ્રશિક્ષણને નાવીન્યતા અને અસરકારકતા બક્ષશે.

- શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓના પ્રાધ્યાપકોની, આ નવા માળખા પાસેથી કેવી અપેક્ષાઓ છે તે જાણવા માટે પ્રાંત સ્તરે વર્કશોપ યોજવામાં આવશે. આ એક શૈક્ષણિક અભિયાન બનશે.

- શિક્ષક-પ્રશિક્ષણના કાર્યક્રમોના માળખાગત પાસાઓ પર એક ગંભીર રાષ્ટ્રીય ચર્ચા તરત જ શરૂ કરવામાં આવશે જેથી કરીને આની સબળી બાજુઓને જાણી શકાય અને અલગ અલગ અવધિવાળા શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષના મૉડેલના અમલમાં રહેલ સૂચીતાર્થોને સમજી શકાય અને એન.સી.ટી.ઈ. ના સહકારથી સંસ્થાઓને નવીન અને મૌલિક મૉડેલનો પ્રયોગ કરવા પ્રેરિત કરી શકાય.

- આઈ.એ.એસ.ઈ. અને પસંદગીની ડાયેટની સંસ્થાઓના સહકાર દ્વારા કેન્દ્રિય યુનિવર્સિટીઓમાં અને પસંદગીની રાજ્યોની યુનિવર્સિટીઓમાં શરૂઆતના તબક્કે ચાર વર્ષનો પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણનો સંકલિત કોર્ષ શરૂ કરી શકાશે.

- શિક્ષક-પ્રશિક્ષણનો કોર્ષ આદર્શ રીતે ૧૦+૨ પછી ચાર થી પાંચ વર્ષનો હોવો જોઈએ.

શરૂઆત કરવા માટે ચાર વર્ષનો સંકલિત કોર્ષ દાખલ કરી શકાય. આ કોર્ષની સાથે સાથે અન્ય મૉડેલને પણ પ્રોત્સાહન આપવું પડશે, જેમ કે સ્નાતક પછી બે વરસનો કોર્ષ અને ૬ થી ૧૨ મહિનાની શાળા ઇન્ટર્નશીપ.

- યુનિવર્સિટીઓમાં અને અન્ય સંસ્થાઓમાં યોગ્ય માળખાગત પ્રક્રિયા વિકસિત થવી જોઈએ જેથી શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ દાખલ થાય.

## ૬. ૩ અભ્યાસક્રમ નિર્માણ

- એન.સી.ટી.ઈ., શિક્ષક-પ્રશિક્ષણ અને તેની સાથે સંકળાયેલ અન્ય વિદ્યાશાખાઓમાંથી આવતા વિદ્વાનોનું એક કાર્યકારી જૂથ બનાવશે. આ જૂથ એન.સી.એફ.ટી.ઈ. પર આધારિત વિવિધ અભ્યાસક્રમોના હેતુઓરૂપરેખા તૈયાર કરશે. હિતો નક્કી કરશે કોર્ષમાં વિવિધ મુદ્દાઓનું ભારણ નક્કી કરશે અને નવા માળખાની જોગવાઈઓનો અમલ કરવા માટે પ્રક્રિયા-નિર્ધારણ કરશે.

- એન.સી.ટી.ઈ., પાઠ્યપુસ્તક અને સબંધિત સામગ્રીના નિર્માણ માટે શિક્ષક-પ્રશિક્ષણ સાથે સંકળાયેલ જ્ઞાનની અન્ય વિદ્યાશાખાઓના પ્રખ્યાત વિદ્વાનોનું એક પંચ નીમશે. આ સામગ્રીની ગુણવત્તા, શિક્ષક-પ્રશિક્ષણને લગતી અન્ય અભ્યાસ સામગ્રી માટે નમૂનારૂપ/ઉદાહરણરૂપ બનશે. ભારતમાં વર્તમાન સમયમાં અસ્તિત્વ ધરાવતું શિક્ષક-પ્રશિક્ષણનું સાહિત્ય, આ નવા માળખામાં નિર્દિષ્ટ વિચારો પર આધારિત અધ્યાપન-અધ્યયન સામગ્રીના નવવિચારતરંગોથી સમૃદ્ધ થશે.

- દરેક રાજ્યોને આ સામગ્રી સ્થાનિક ભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આના માટે રાજ્યના શિક્ષક-પ્રશિક્ષણના કાર્યક્રમોની ખાસ જરૂરિયાતના સંદર્ભમાં આ અભ્યાસ સામગ્રીને અનુકૂળ બનાવીને અથવા જે તે સ્વરૂપમાં જ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- વચગાળાનાપગલાં તરીકેશિક્ષક-પ્રશિક્ષણના વર્તમાન મૉડેલ જેમ કે બી.એડ્. અને ડી.એડ્. કોર્ષની પુનર્ચના  જરૂરી છે અને સાથે સાથે શિક્ષક-પ્રશિક્ષણના માળખામાં પણ ખાસ

બાબતો ઉમેરીને અને અભ્યાસક્રમના ક્ષેત્રમાં અને તેના અમલમાં સૂચવવામાં આવેલ માળખાકીય પ્રક્રિયાનો સમાવેશ કરી શકાય છે. આ પ્રક્રિયા ૧ થી ૨ વર્ષમાં પૂર્ણ કરી શકાય તેમ છે.

- રાજ્યની જરૂરિયાત અને પ્રાપ્ય સંસ્થાઓની ક્ષમતાને આધારે વર્તમાન બી.એડ્. ના કોર્ષ વિશે ફેર-વિચારણાથવી જોઈએ જેથી ૧૦+૨ પછીચાર વર્ષના સંકલિત કાર્યક્રમ કે સ્નાતક પછી બે વર્ષનામૉડેલના વિકલ્પો પૂરા પાડી શકાય.

## ૬. ૪ ખાસ શિક્ષક-પ્રશિક્ષણ

નવું માળખું આરોગ્ય અને શારીરિક શિક્ષણના અભ્યાસક્રમ સંદર્ભે શિક્ષકો તૈયાર કરવા માટેનો મુસદ્દો ઘડવા એક અલગ પ્રયાસ કરવાનું સૂચવેછે. આ કોર્ષ સામાન્ય અધ્યાપન કોર્ષથી અલગ છે કારણ કે તે અન્ય ક્ષેત્રના શિક્ષક -પ્રશિક્ષણનાપરંપરાગત મૉડેલમાં બંધ બેસતો નથી. એનસીટીઈ. એક નિષ્ણાંતોનું જૂથ બનાવશે જે આ ક્ષેત્ર સાથે સંકળાયેલ મુદ્દાઓની ચર્ચા કરશે અને શિક્ષકતાલીમ માટેનું એક એવું માળખું ઘડી કાઢશે જે આ ક્ષેત્રની જરૂરિયાતોને અનુરૂપ હોય

આ જ પ્રકારનો પ્રયાસ, રોજગારલક્ષી શિક્ષણમાં શિક્ષકના પ્રશિક્ષણ માટે કરવામાં આવશે કારણ કે તેમાં રોજગારલક્ષી અધ્યાપન પદ્ધતિની જરૂર પડે છે અને તેમાં અનેકવિધ કૌશલ્યો સામેલ હોય છે જે રોજગારીના વિસ્તૃત ફલકમાં સમાવિષ્ટ છે. પરંપરાગત શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓ આ બાબતે સજ્જ હોતી નથી કે તેઓ રોજગારલક્ષી કોર્ષ માટે શિક્ષકના પ્રશિક્ષણને ન્યાય આપી શકે.

## ૬. ૫ વ્યાવસાયિક અભિમુખતા/તાલીમ કાર્યક્રમ

વ્યાવસાયિક અભિમુખતા/તાલીમ કાર્યક્રમની એક શૃંખલા દેશના તમામ રાજ્યોમાં યોજવી જોઈએ જેથી વિદ્યાર્થી-અભ્યાસ, સમકાલીન અભ્યાસ, શિક્ષણનો અભ્યાસ, અભ્યાસક્રમ અને અધ્યાપનનો અભ્યાસ ચોતરફ વિસ્તારી શકાય અને પરિણામે નવા માળખાની વિગતોથી તમામને માહિતગાર કરી શકાય.

## ૬. ૬ શિક્ષક પ્રશિક્ષક

શિક્ષક-પ્રશિક્ષકોના તજજ્ઞ જૂથ દ્વારા પૂરતી વિચારણા બાદ, વિભાગ ૫. ૪ માં જણાવ્યા મુજબના વિવિધ પગલાંઓ હાથ ધરીને શિક્ષક-પ્રશિક્ષણના કોર્ષમાં પ્રતિભાશાળીવિદ્યાર્થીઓ દાખલ થાય તે માટે પ્રક્રિયા ઘડી કાઢવામાંઆવશે.

## ૬. ૭ સંશોધન

સેવા-પૂર્વ કોર્ષ માટે ઉમેદવારની પ્રવેશ લાયકાત વિશે વિચારવા એક અભ્યાસ હાથ ધરવામાં આવશે જેથી કરીને રાજ્યની સ્થિતિ અને જરૂરિયાત મુજબ માટેની પ્રક્રિયા ઘડી કાઢી શકાય.

શાળા અભ્યાસક્રમ નવીનીકરણ કાર્યને ધ્યાનમાં રાખીને એક રાષ્ટ્ર સ્તરીય શિક્ષક-પ્રશિક્ષણ અભ્યાસક્રમ વિશે પુન:વિચારણા હાથ ધરાશે.